બિસ્મેહી તઆલા

# વિજ્ઞાન અને કચ્ચરનૂ સંપુર્ણ થવું


## મોઅલ્લિફ

## સયૈદ મુર્તઝ઼ા મુજતહેદી સીસતાની

## મુતરજીમ

## મોહમ્મદ તાહીર

# કીતાબ

## દૌલતે કરીમાનએ ઈમામ ઝમાન અ.જ


મોઅલ્લીફ: સૈયદ મુર્તઝ઼ા મુજતહેદી સીસતાની

મુતરજીમ: મોહમ્મદ તાહીર

સાઈટ: WWW.ALMONJI.COM

Email: info@almonji.com

# અનુક્રમણિકા


વિજ્ઞાન અને કલ્ચર નું સંપુર્ણ થવું ........................................... 6

ખાનદાને નબુવ્વત અ.સ. ની નઝરમાં મુસતકબેલમાં ઈલ્મી તરક્કી
........................................................................................ 8

રીવાયતના અહમ નુકાત ...................................................... 9

રીવાયત ની તહલીલ ......................................................... 13

પયગ઼મ્બરોના ઝમાનાથી અત્યાર સુધી સાંઝેદારી પહેલુ ............ 16

હુસુલે ઈલ્મના બીજા (દીગર) ઝરીયા.................................... 22

ઝમાનાએ ઝહુરમાં આશ્ચર્યજનક તહવ્વુલાત.............................. 27

ખાનદાને અહલેબૈત અ.સ. નો ઈલ્મ ....................................... 29

ઉલુમના હુસુલમાં ઈમામ મહદી અ.સ. ની રાહનુમાઈ ................ 36

હુસુલે ઈલ્મમાં હુઝુરે ઈમામ મહેદી અ.જ. ના પ્રભાવ અને ગુણ... 40

ઝમાનાએ ઝ઼હુરની ઈજાદાત................................................ 46

આ વિશેમાં ઝીયારતે આલે યાસીનના પછી દુઆથી દર્સ........... 48

દુનિયાની એકમાત્ર સરકાર.................................................... 51

ઝ઼હુર યા નુકતએ આગાઝ.................................................... 56

દીન એટલે હયાત અને સહી તરક્કી યાફતા કલ્ચર ..................57
સહી અને જદીદ ટેકનોલોજી ફકત દીનના ઝીરેસાયા મુમકીન છે.65
મૌજુદ ઈજાદાતમાં કમી ........................................................66
ઝ઼હુરના ઝમાનામાં કુદરતના હુસુલની તહલીલ........................69
રીવાયતમાં તફક્કુર...............................................................76
મૌજુદા સનઅત ઉપર એક નજર............................................85
ઝમાનએ ઝ઼હુર અને મૌજુદા ઈજાદાતના અંજામ .......................92
નુકસાનદેહ ઈજાદાતની નાબુદી ..............................................94
ઈલ્મ દુનિયાનો નેતૃત્વ નથી કરી શકતો...................................96
દુનિયાનું ભવિષ્ય અને વિશ્વસનીય જંગ...................................99
એટમના અલાવા બીજી મન્ફી અને હાનિકારક ઈજાદાત ........... 106
પહેલી કિસ્મની ઈજાદાત....................................................... 108
બીજી કિસ્મની ઈજાદાત ....................................................... 109
જંગી આલાતથી બેનીયાઝી...................................................110
ત્રીજી કિસ્મની ઈજાદાત ........................................................112
પશ્ચિમનો પ્રચાર ..................................................................114

કેવા આદમીની પૈરવી કરીએ? .............................................. 116

અરસ્તુ, કુપરનેક અને બતલીમુસની ખતાઓ ........................... 118

પોઝીદુનીયુસની ગલતી ......................................................... 121

ઉરશમીદસની ગલતી ............................................................. 121

એડીંગટોન ની ગલતી ........................................................... 122

આઈન સ્ટાઈનની ખતા ......................................................... 122

આઈન સ્ટાઈનની બીજી ખતા ................................................ 125

આઈન સ્ટાઈનની એક બીજી ઘટના ....................................... 128

ઈલ્મ વ દાનિશ વેપારીઓ ના ઉપકરણ ................................. 129

ઈલ્મની મહેદુદીય્યત ............................................................. 130

ઈલ્મ દુનિયાની મુશ્કિલોને હલ નથી કરી શકતો ...................... 132

## વિજ્ઞાન અને કલ્ચર નું સંપુર્ણ થવું

સમય નું જાહેર થવું યા વિજ્ઞાન અને કલ્ચર નું સંપુર્ણ થવું

દુનિયા અધિરાઈ થી તરકકી અને અભ્યાસ ની મોટી આરઝુ અને ઇચ્છા ને મેળવવા માટે ની અભિલાષા કરી રહી છે અને એ રોજની પ્રતિક્ષા કરી રહી છે જેમાં મહાન ક્રાંતિ અને પરિવર્તન થી દુનિયાનો ચહેરો ચમકી ઉઠે અને આખી કાએનાત બહશ્ત ના રુપને ધારણ કરી લે.

આ ખ્વાહિશ અને જરૂરિયાત એ સમયે પુરી થશે જ્યારે કાએનાતમાં દરેક જગ્યાએ દુનિયાનાં સંશોધન, વ સુધારણા કરવાળાની અવાજ ઉઠશે અને બધા લોકો હઝરત મહદી અ.સ. ની અવાજ સાંભળશે.

એ સમયે દુનિયામાં મોટી ક્રાંતિ અને પરિવર્તનનો આગાઝ શરૂ થઈ જશે. હઝરત મહદી કયામ ફરમાવશે, એ આશ્ચર્યજનક કુવ્વત અને તાકતથી ઈન્સાનો અને ગ઼ૈબી તાકતોની મદદથી દુનિયાની તકદીર બદલવા માટે કયામ કરશે. થોડા જ સમયમાં એ આખી કાએનાતને ઝાલિમો અને સિતમગરોના વજુદથી પાક કરશે.

પછી ઈન્સાની મઆશરેને સંપુર્ણ કરવાની તરફ ગામેઝાન થશે એ આપણા વિચારથી પણ બાલાતર છે.

ઝહુરના ઝમાનામાં અકલી સંપુર્ણાથી મોટી નાગરિકતા વ કલ્ચર વજુદમાં આવશે જે આપણી દર્ક કરવાની તાકતથી પણ વધારે છે. આપણે હઝરત મહદીની અનંતતા હુકુમતની પુતિષ્ઠાને કઈ રીતે આપણા ઝહનમાં કલ્પના કરીયે?

કોમ્પ્યુટર સિસ્ટમમાં તરક્કી અને કોમ્પ્યુટરના થ્રુ આ હકીકતને ઝહનથી નઝદીક કરી શકીએ છીએ કેમકે કોમ્પ્યુટર આપણને જે ફેસીલીટી અને આશ્ચર્યજનક વસ્તઓ આપે છે જે આપણે આજથી વીતેલા વર્ષોમાં વિચારી ભી નથી શકતા!

આ પ્રગતિ અને ઉન્નતિ એ સાચા સત્યને સાબિત કરે છે જે માણસ તકામુલના લીધે આવા મહાન રહસ્યથી પરદો ઉઠાવી શકે છે જે આપણી કલ્પનાથી પણ કંઇક વધારે છે.

આના લીધે આપણે એવા દીનના મુન્તઝીર છીએ કે જ્યારે ઈમામ મહદી અ.સ. ની ઉપદેશથી માણસ પોતાના ઝહનની દરેક યોગ્યતાને ઉજાગર કરીને એનાથી ફાયદો ઉઠાવી શકશે અને ઝહુરની બહેશતબરીંમાં આખરતની બહશતની જેમ ફકત નેકી અને અછ્છાઇઓને જ તલબ કરશે અને એને જ અંજામ આપશે.

## ખાનદાને નબુવ્વત અ.સ. ની નઝરમાં મુસતકબેલમાં ઈલ્મી તરક્કી

હવે આપણે એવી રવાયતને બયાન કરીએ છીએ જે મુતઅદ્દીદ તરીકાથી નકલ થઈ છે જે આ ઝમાનામાં આખી દુનિયાના તમામ શીયાઓમાં ઈલ્મ વ દાનીશની વિસ્તૃત ગવાહ છે.

ઈમામે સાદિક઼ અ.સ. ફરમાવે છે:

"العلم سبعة وعشرون حرفاً، فجميع ما جائت به الرسل حرفان، فلم يعرف الناس حتى اليوم غير الحرفين، فاذا قام قائمنا اخرج الخمسة والعشرون حرفاً، فبثها في الناس، وضم اليها الحرفين، حتى يبثها سبعة وعشرين حرفاً۔"[1]

ઈલ્મનાં સત્યાવીસ હુરુફ છે જે તમામ પયગંબર લાયા એ બે હુરુફ છે. આજ સુધી લોકો એ બે હુરુફના અલાવા કંઈ નથી જાણતા, જ્યારે આપણા ક઼ાએમ અ.સ. ક઼યામ કરશે તો બીજા પચ્ચીસ હુરુફ

[1] બેહારુલ અનવાર, જીલ્દ ૫૩, પેજ ૩૩૬, મુખતસરૂલ બસાએર, પેજ ૩૨૫, નવાદેરૂલ અબસાર, પેજ ૨૭૮, અલખરાએજ, જીલ્દ ૨, પેજ ૮૪

ખારીજ કરીને લોકોમાં ફેલાવશે અને એ બીજા હુરુફનો પણ ઈઝ઼ાફ઼ા કરશે તો કે પુરા સત્યાવીસ હુરુફ લોકોના દરમિયાનમાં ફેલી જાય.

## રીવાયતના અહમ નુકાત

આ રીવાયતમાં બારીકાઈ તલબ અને કાબીલે તવજ્જો નુકાત મૌજુદ છે જે ભવિષ્યની પ્રકાશિત અને ઈલ્મ વ દાનિશથી પરિપુર્ણ દુનિયાની હિકાયત કરે છે. હવે આમાંથી અહમ નુકાત પર ધ્યાન ફરમાવીયે:

૧. ઈમામે સાદિક઼ અ.સ. ના એ હદીસમાં આ ફરમાન છે કે "فبثها فی الناس" આ એક ઈન્તેહાઈ મતલબની દલીલ છે અને એ કલ્ચરના તમામ લોકોમાં ઈલ્મના આમ હોવા અને ઈલ્મની વુસઅતથી ઈબારત છે. આની દલીલ કલમા "الناس" માં મૌજુદ "અલીફ વ લામ" છે.

આ પરથી એક જમાનામાં તમામ લોકો ઈલ્મના બુલંદ મકામ સુધી પહોંચી જશે. ઈલ્મ વ દાનિશ કલ્ચરોના કોઈ મખસુસ લોકોથી મખસુસ નહી રહેશે એ જમાનામાં દુનિયાના તમામ લોકો ઇલ્મની નેઅમતથી ફાયદો ઊઠાવી શકશે.

૨. હઝરત બકીય્યતુલ્લાહીલ આઝ઼મ (અજ.) ના કયામની પહેલા મઆશરઅના તમામ લોકોમાં ઈલ્મ વ દાનિશ હશે નહિ પરંતુ આ થોડાક લોકોમાં રહશે અને એ પણ તમામ ઉલુમથી આશના નહિ પણ થોડાક ઉલુમથી જ ઓળખ રાખતા હશે.

તકામુલના ઝમાનામાં ઈલ્મ આજના ઝમાનામાં ઈલ્મ વ દાનિશની જેમ નથી કારણકે એ ઝમાનામાં ઈલ્મ વ દાનિશનું દામન વિસ્તૃત રહેશે અને એ ઝમાનામાં મઆશરાના તમામ લોકો ઈલ્મ વ દાનિશની તમામ અનવાઅ વ અકસામથી આગાહ રહશે.

કલમા "العلم" માં "الف لام" થી માલુમ થાય છે કે આનાથી ઈલ્મની તમામ અનવાઅ વ અકસામ મુરાદ છે. મતલબ જે પણ ઈલ્મ શામિલ થાય એ બધાનો મજમુઓ (ભુતકાળ, વર્તમાન અને કયામથી પહેલા અને ઝ઼હુરના પછી) સતયાવીસ હૂરુફ છે.

પયગ઼મ્બરોના ઝમાનાથી ઝમાનાએ ગ઼ૈબતના ઈખ્તેતામ સુધી ઈલ્મ વ દાનિશ જેટલી પણ પ્રગતિ કરે એ બે હૂરુફથી વધારે હાસિલ નથી કરી શકતા પણ ઝમાનાએ ઝ઼હૂરમાં એમની સાથે

ઈલ્મના બાજા પચ્ચીસ હૂરુફ પણ ઈઝાફા થશે પછી લોકો તકામુલની મંઝિલ પર પહોંચી જશે.[2]

પયગ઼મ્બરોના ઝમાનાથી ઈમામ સાદીક઼ અ.સ. ના ઝમાના સુધી અને પછી ઈમામ મહદી અ.સ. ના ઝમાનાના પહેલા સુધી જે ભી થશે એ ઈલ્મ ના બે હૂરુફ છે.

પયગ઼મ્બરોના ઝમાનાથી ઈમામ સાદિક઼ અ.સ. ના ઝમાના સુધી થવા વાળી તમામ ઈલ્મી તરક્કી અને ઈમામ સાદિક઼ અ.સ. ના વુજુદથી નિકળવાવાળા ઉલુમના ચશ્મા અને એના એલાવા બીજા ઉલુમ કે જે ઇમામે જાબીર અને બીજા ખાસ અસ્હાબને તાલિમ ફરમાવ્યા અને એના અલાવા ઈમામ ઝમાનાના ક઼યામ થી પહલા થવાવાળી તમામ ઈલ્મી તરક્કીના બાવજુદ બધા બે હૂરુફથી વધારે નથી જાણતા. આ નૂકાત એ વખતમાં હૈરતમાં નાખી શકે છે કે જ્યારે ઈમામા સાદિક઼ અ.સ. ના વુજુદથી ઝાહેર થવાવાળા ઉલુમના સમંદરથી આલિમ અત્યાર સુધી તાઅજ્જુબમાં છે પણ એના સિવાય એ સિર્ફ બે હૂરુફ છે.

---

[2] અગર આપણે રીવાયતના ઝાહીર ઉપર અમલ કરીએ તો ઈલ્મી તરક્કી ની હદ અહીયાં તક જ હોય પરંતુ અગર રીવાયતની તૌજીહ કરીએ તો ઝમાનએ ગ઼ૈબતના ઈખ્તેતામ તક ઈલ્મનો મજમુઓ ઝ઼હુરના ઝમાના તક ઈલ્મી તરક્કીના સાથે કાબિલે મુકાયેસો નથી.

૪. એ વખત લોકોને એ માલુમ થશે કે ઈલ્મ શું છે? અને વિધ્યાર્થી કોણ છે? કેમેકે એ ઝમાનામાં ઈલ્મ વ દાનિશના સરચશ્મા રહશે કે જે હઝરત બકીય્યતુલ્લાહીલ આઝ઼મની કૃપાથી લોકોને તાલિમ વ શિક્ષણ મળશે.

એ ઝમાનામાં લોકોના દરમિયાનમાં હક઼ીકી વ વાકેઈ ઈલ્મ પૃચલિત થશે ન કે એ ઉલુમ કે જેના અસ્તિત્વ ફર્ઝ અને થીયરી પર કાયમ હોય છે.

૫. એ ઝમાનામાં જુઠા ઈલ્મની કોઈ ખબર નહીં રહે અને દાનિશવરોંની ધોકાબાજીથી સમાજ ગુમરાહ નહી થાય. એ ઝમાનામાં ઈલ્મ વ દાનિશ લોકોની રહેનુમાઈનો ઝરાયો રહેશે અને પછી કોઈ “ઉરશદીમસ” ની જેમ એક હઝાર છસો વર્ષ સુધી લોકોને ગુમરાહ નહી કરી શકે.

એ ઝમાનામાં સામ્રાજ્યની તરફ કમજોર દેશોના માટે બનાવેલી ગુમરાહકુન અને સમય બર્બાદ કરવા વાળી પુસ્તકોનું વજુદ નહીં રહશે. અને ડોલરની તાકતથી લીઘેલા નંબર અને સિફારીશ (ભલામણ) ના ઝોરથી હાસિલ કરેલી સર્ટીફીકેટ અને જાલી ડીગ્રીની કોઈ મહત્તા (મુખ્યતા) નહીં રહે.

એ ઝમાનાના બધા દાનિશવર રહશે. બધા જ દાનિશવર હક઼ીકી અને તરક્કીયાફ્તા સમાજના માલિક રહશે. જાલી ડીગ્રીના લીધે એમનો શુમાર દાનિશવરોંમાં નહી થાય.

૬. બધા ઉલુમ મુકમ્મલ થઇને લોકોમાં ફેલાઈ જશે એટલે કે લોકોના દરમિયાનમાં ઈલ્મનો દરેક ટુકડો (હિસ્સો) પોતાની બુલંદી પર રાએજ થશે અને લોકો એનાથી ફાયદો ઊઠાવશે.

જેવી રીતે ઝહૂરની દરખ્શાં, પુરનુર અને બાબરકત ઝમાનામાં લોકો નાણાકીત, ખેતીબાડી અને અમન વ અમાન ના લેહાઝથી તરક્કીયાફ્તા રહશે એવી જ રીતે ઈલ્મ વ દાનિશથી પણ મુકમ્મલ રીતે ફાયદો ઉઠાવી શકશે. એમનામાં કોઈ પણ જાતની ઈલ્મી કમી નહીં રહે.

## રીવાયત ની તહલીલ

રીવાયતમાં મુખ્ય પોઈન્ટ એ છે કે પયગ઼મ્બરોના ઝમાનાથી માસુમીન અ.સ. ના ઝમાના સુધી અને ઝમાનાએ ઝ઼હૂરથી પહેલા સુધી ઈલ્મ વ દાનિશ બરાબર હતા. અને એ તમામ ઝમાનામાં ઈલ્મ બે જુઝ઼ થી ના વધ્યો ના તો વધી શકશે.

કેમેકે ઈમામ જાફરે સાદિક઼ અ.સ. ના ફરમાન મુતાબિક:

૧. તમામ પયગ઼મ્બર જે ઉલુમ લાયા એ ફકત બે હૂરૂફ છે.

૨. ઈમામ જાફરે સાદિક઼ અ.સ. ના ઝમાના સુધી લોકો ઉલુમના બે હૂરૂફના સિવાય કંઈ જાણતા નહોતા.

૩. જ્યારે ઈમામ ઝમાના કયામ કરશે ત્યારે પચ્ચાસ બીજા હૂરૂફ ખારિજ કરશે અને એ બે હૂરૂફની સાથે લોકોમાં ફેલાવશે.

ઈમામ જાફરે સાદિક઼ અ.સ. ના ઝમાનામાં અને ઈમામ ઝમાના ના ઝ઼હૂર ના પહેલા સુધી ઈલ્મ વ દાનિશ, પયગ઼મ્બરોના ઝમાનાની બાનિસ્બત વધારે મોટુ હશે.

હવે રીવાયતના ઝાહીરથી નઝરમાં લઈને આ કહેવું પડશે કે ઈમામ ની મુરાદ વ મકસુદ કંઈક ઔર હતી કે જેને રાવીએ વાઝેહ તોર પર બયાન નથી કર્યું કેમેકે આ વાઝેહ છે કે રસુલે અકરમ સ.અ.વ. અને આઈમ્મએ તાહેરીન અ.સ. આવા ઉલુમ વ મઆરેફ તાલિમ ફરમાયા છે કે જેને આની પહેલા પયગ઼મ્બરોમાં થી કોઈએ બયાન કર્યા નહોતા.

રસુલે અકરમ સ.અ.વ. અને એમના ઔવસિયાઓએ જે ઉલુમ વ મઆવેફ લઈને  આવ્યા શું આ એજ ઉલુમ હતો કે જેને

અંબિયા પણ લાવ્યા અને ખાનદાને નબુવ્વત અલૈહેમુસ્સલામે પણ એમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર નહોતો અને એ ઉલુમમાં કોઈ ચીજનો ઉમેરો ના કર્યો?

અગર આવુ છે તો પછી ઈસ્લામ બીજો અદયાન (દીન) ઉપર શું બરતરી રાખે છે?

કોઈ આ વાતને ભરોસો ના રાખી શકે કે રસુલે અકરમ સ.અ.વ. ના ઈલ્મ વ દાનિશ પસાર થયેલા નબીયોનો જે ઈલ્મ છે. આની ઉપર કહેવુ પડશે કે આ રીવાયતમાં એક એવો નૂકતો રહેલો છે કે જેને ભણવા માટે વિચાર વ તદબીરની જરૂરત છે.

કેમકે ઝાહિર રીવાયતથી ઈલ્મ તરક્કીમાં ઠહેરવાનો ફાયદો થાય છે. એટલે પયગ઼મ્બરોના ઝમાના થી આઈમ્મએ અતહાર અ.સ. ના ઝમાના સુધી અને એ ઝમાનાથી ઈમામ ઝમાનાના કયામના પહેલા સુધી એક જ હાલત અને ફિઝા કાયમ હતી અને ઈમામે ઝમાના (અ.જ) ના કયામથી આ જામેલું ટુટશે.

અગર હવે પયગ઼મ્બરો અને આઈમ્મએ અતહાર અ.સ. ના ઝમાનામાં ઈલ્મને એક જ રીતે વિચારી કરીએ તો આ બહુ જ મોટો અને રોશન શક (ગલતી) છે કેમકે ઈમામ સાદિક઼ અ.સ. અને આવી જ રીતે બધા આઈમ્મએ અવહાર અ.સ. એ બહુ જ આવા ઉલુમ

બયાન ફરમાવ્યા છે કે જે ગુઝશ્તા પયગ઼મ્બરોની ઝબાનથી નકલ થયા નહોતા.

એના પરથી આપણે એ નથી કહી શકતા કે એક જેવું (યેકસાં) હોવાનું મતલબ ઈલ્મી મિકદારના લેહાઝથી બરાબર (યેકસાં) હોવાનુ છે પરંતુ આપણે એ કહી શકીએ છીએ કે હુસુલે ઈલ્મના માટે હોશની જરૂર રહે છે (એટલે જોવાની અને સાંભળવાની તાકત) એનાથી ફાયદા કરવામાં અત્યારે પણ બરાબર નીય્યત બાકી છે.

## પયગ઼મ્બરોના ઝમાનાથી અત્યાર સુધી સાંઝેદારી પહેલુ

અંબીયાએ ઈલાહીના ઝરીયા ઈબ્તેદાએ ખિલકત થી લીધેલા ઉલુમ અને મઆરેફ, એમની તાલિમના તરીકા અને આવી જ રીતે અત્યાર સુધી ખાનદાને ઈસ્મત અલૈહેમુસ્સલામના ઉલુમ અને મઆરેફની તમામ તરક્કી ઉપર ગૌર કરવાથી માલુમ થશે કે આ બધુ એક નુકતામાં બરાબર છે અને એમાં કોઈ પણ પ્રકારની અફઝાએશ (વધારે) અને તગ઼ીર વજુદમાં આવી નથી.

કેમકે તમામ અંબિયાએ ઈલાહીએ લોકોને જે ઉલુમ વ મઆરેફ તાલિમ આપ્યા અને એવી જ રીતે રસુલે અકરમ સ.અ.વ. અને એમના પછીના દાનીશવરોં ના આમ લોકોને તાલિમ આપી એ બે હાલતોમાં થી એકથી ખાલી નથી.

એ કે એ તમામ લોકો જે એમના વિદ્યાગૃહથી બહરેમંદ (ફાયદેમંદ) હોય છે યા તો સાંભળવાના (بصری) તૌર ઉપર. એટલે પયગ઼મ્બરોના ઝમાનાથી અત્યાર સુધી ઈલ્મ સિખવા વાળઓએ યા કિતાબો પર લખવા યા તો પયગ઼મ્બરોના યા તો બીજાથી સાંભળીને ઈલ્મ હાસિલ કર્યો.

અવશ્ય ઈલ્મ હાસિલ કરવાના બીજા રસ્તા પણ છે જેનાથી આમ લોકો પણ ઈસ્તેફાદા રાખવાની કુદરત નથી રાખતા પણ કેટલાક લોકો એ તરીકાથી પણ ફાયદો લેતા હતા અને ફાયદો રાખે છે.

પછી પયગ઼મ્બરોના ઝમાનાથી અત્યાર સુધી થવાવાળી ઈલ્મી તરક્કી આંખોથી અથવા કાનથી ઈસ્તેફાદહ કરવાથી હાસિલ થઈ.

આના પરથી મુમકિન છે કે એ બે જુઝ઼થી મુરાદ હોય કે અત્યાર સુધી હુસુલે ઈલ્મના આ જ બે તરીકા હતા અને હઝરત

ઈમામે ઝમાના (અ.સ.) ના કયામની પહેલા પણ આવુ જ થશે. એટલે હુસુલે ઈલ્મ યા સાંભળવાના (سمعی) યા દેખવાથી (بصری) થશે.

તમામ લોકો આ જ બે તરીકાથી ઈલ્મ હાસિલ કરે છે પરંતુ અકલોના તકામુલથી તહેસીલે ઈલ્મના બીજા ઝરીયા પણ વજુદમાં આવ્યા છે. જે આ બે વરીકેથી અલગ હશે.

જેને મલાએકાના ઝરીયાથી દિલોમાં ઈલ્હામ હોવાથી, આ તો ના સમઈ છે ના તો બસરી. બાઝી રાવાયતમાં એનો ખુલાસો પણ થયો છે. અગર એમાં દલિલને કબુલ કરીએ તો એ ઝમાનામાં થવાવાળી ઈલ્મ વ દાનિશ ની અજીબ પિશરફતથી આગાહ થઈ જશે. કેમકે રીવાયતના મતલબથી તહસીલે ઈલ્મના વસીલા તેરગણો થઈ જશે, ના કે મજ્મૂઅને ઈલુમ તેરગણો થશે.

અત્યાર સુધી ઈલ્મે જે તરક્કી કરી છે અગર આ ઝહુરના ઝમાનામાં તેરગણો બરાબર રહેશે તો ઈન્સાનોંના (માળસના) અકલી તકામુલના લેહાઝથી વધારે કમી હશે.

રીવાયતમાં દલીલ, યા કમ અઝ કમ કરાએન (કરીનો) મૌજુદ છે કે જેનીથી માલુમ થશે કે ઈમામે સાદિક઼ અ.સ. ના ઈલ્મની સત્યાવીસ હૂરુફથી ઈલ્મની સત્યાવીસ કીસ્મ મુરાદ નથી

કેમકે એ ફરમાવે છે પયગ઼મ્બરોના ઝમાનાથી ઈમામે ઝમાના (અ.જ.) ના કયામ સુધી ઈલ્મના બે હૂરૂફ છે.

અગર આનહઝરતના ઈલ્મના બે હરફથી મુરાદના બે જુઝ઼ રહે તો પછી પયગ઼મ્બરોના ઝમાનાથી લઈને ઈમામે ઝમાના અ.સ. ના કયામ સુધી કોઈ પણ પ્રકારની ઈલ્મી પિશરફત (તરક્કી) થવી ના જોઈએ અને એ ઝમાનાથી કયામે ઈમામે ઝમાના અ.સ. સુધી લોકોને ઈલ્મના બે જુઝ઼ થી ફાયદેમંદ રહેવુ જોઈએ.

ઈલ્મી તરક્કીમાં ઠહેરાવ (થોભવું) અને એમાં ઠહેરાવ હોવો જોઈએ. હાલાંકે આ વાઝેહ (રોશન) છે પયગ઼મ્બરોના ઝમાનાથી અત્યાર સુધી અને પછી ઝ઼હુરના ઝમાના સુધી ઈલ્મમાં હઝારગણો વધારે તરક્કી થઈ છે અને દીની અને ગ઼ૈરદીની મસાએલમાં ઈન્સાનોએ ઈલ્મમાં હઝાર બરાબર ઈઝાફો કર્યો છે. એ પરથી માલુમ થાય છે કે આનાથી મુરાદ તહસીલે ઈલ્મના ઝરીયા છે.

એવી જ રીતે આ પણ રોશન છે કે પયગ઼મ્બરોના ઝમાનાથી ઝ઼હુરના ઝમાના સુધી માણસો માટે સમઈ અને બસરી ના અલાવા કોઈક બીજો ઝરીયો મૌજુદ નથી. અલબત્તા આ ઈન્સાનોં માટે છે ના કે ઔલીયાએ ખુદા માટે.

અગર ઈમામે સાદિક઼ અ.સ. એ ઝમાનામાં ફરમાવતા કે તહસીલે ઈલ્મનો સત્યાવીસ તરીકા છે એને કેટલા લોકો કબુલતા કે એ મૌજુદા ઝમાનાંમાં પણ કપટલા લોકો એ મતલબને પુરી રીતે કબુલ કરે છે?

મુમકીન છે કે ઈમામ ની હર્ફ થી મુરાદ ઈલ્મ સીખવાના વસીલા હોય ના કે હર્ફ અને હરફૈનથી એવો પણ મતલબ મુરાદ હો કે જે ઇબ્તેદાઅન (સૌથી પહેલા) આપણા ઝહનમાં આવે છે.

જેવી રીતે કયારે આયાત વ રાવાયાતમાં કલમા વ કલમાતના બે લફઝ આપણા ઝહન (મગજ) માં પહેલાથી મૌજુદ છે મતલબ કે અલાવા બીજા માઅનામાં ઈસ્તેમાલ થાય છે અને એનાથી મુરાદ બે અલ્ફાઝ વ હૂરુફ છે કે ઝબાનના ઝરીયા થી જેનાથી બોલવામાં (تکلّم) આવે છે. હવે અગર રસુલે અકરમ સ.અ.વ અને અહલેબૈતે અતહાર અ.સ. અને આવી જ રીતે હઝરત ઈસા અ.સ. ના વિષે "کلمۃ اللہ" થી તાબિર થાય તો કલમાથી મુરાદ અલ્ફાઝ વ હૂરુફ નથી.

અગર આપણે કલમા વ કલમાતથી આપળો ઈરાદો ઝાહીર કરીએ છીએ અને કલમા વ કલામ આપણા ઈરાદાનો પ્રકાશ (મઝ઼હર) છે તો "کلمۃ اللہ" આવી વસ્તુ છે કે જેના ઝરીયાથી ખુદાવંદ

મુતઆલનો ઈરાદો બહારથી ઝાહિર થાય છે એના લીધે અહલેબૈત અ.સ. ના વિષે "كلمة الله" થી મુરાદ લેવી ગઈ છે.[3]

અગર જો હૂરુફના અવ્વલી (પહેલા) માઅના કંઈક બીજો છે જે અલ્ફાઝને તશ્કીલ આપે છે પરંતુ હકીકતમાં એ બીજાને ઈલ્મ વ દાનિશ સીખવવાના ઝરીયા છે.

હઝરત ઈમામ અલી નક઼ી અ.સ. આ આયત "ولو اَنّما فی الأرض مِن شَجَرةٍ اقلامٌ وَالبَحرُ يَمُدُّهُ مِن بعدِهِ سبعَةُ اَبحُرٍ مَّا نَفِدَت كَلِمَاتُ الله اِنَّ اللهَ عَزِيزٌ حَكِيم۔"[4] ના વિશે ફરમાવે છે:

"نحن الكلمات التی لا تدرک فضائلنا ولا تستقصی۔"[5]

અમે સ્પષ્ટીકરણથી ઈલ્મનાં સત્યાવીસ હૂરુફ યાની ઈલ્મ વ દાનિશ ને હાસિલ કરવાના સત્યાવીસ ઝરીયા છે. અગર માણસ (ઈન્સાન) ઝ઼હુર ની પહેલા બે તરેકેથી ઈલ્મ હાસિલ કરતો રહ્યો છે અને કરતો રહશે પરંતુ ઝ઼હુરના ઝમાનામાં હુસુલે ઈલ્મની સત્યાવીસ ઝરીયા મુહય્યા થશે.

---

[3] શરહે દુઆએ સમાત, ૧૪૧, મર્હુમ આયતુલ્લાહ સૈયદ અલી ક઼ાઝ઼ી ર.અ.

[4] સુરએ લુક઼માન, આયત ૨૭

[5] બિહારુલ અનવાર, જીલ્દ ૬, પેજ ૨૨

## હુસુલે ઈલ્મના બીજા (દીગર) ઝરીયા

### ૧. હિસ્સે શામ્માહ (حس شامہ)

હવાસમાંથી એક હેસ્સે શામ્માહ યા સુંઘવાની હેસ છે જેનાથી સંપુણૃ ની સુરતમાં ઈન્સાન એના ઝરીયે અફરાદથી બહુ વધારે ઈલ્મ વ આગાહી હાસિલ કરી શકે છે.

કેટલાક લોકો સામેઆ અને બાસેરા હેસના અલાવા હેસ્સે શામ્માહ ના ઝરીયાથી પણ કેટલાક મતલબ જાણવીને ઈલ્મ માં ઈઝાફો કરી શકે છે.

અગર તમે ગૌર કર્યું હોય તો રીવાયતમાં આવ્યું છે કે હઝરત અમીરુલ મોઅમેનીન અ.સ. એ ફરમાવ્યું છે

"تعطّروا بالا استغفار ولا تفضحكم روائح الذنوب۔"[6]

ઈસ્તેગફારના ઝરીયાથી ખુદને મુઅત્તીર કરો તાકે ગુનાહોની બુ તમને ઝ઼લીલ ના કરે.

---

[6] બિહારુલ અનવાર, જીલ્દ ૬, પેજ ૨૨

બાઝ અફરાદ બાઝ લોકો ની સાંસોની બુ સુંઘીને એને અંજામ આપેલા આઅમાલથી આગાહ થઈ શકે છે. એટલે જ હઝરત અમીરુલ મોઅમેનીન અલી અ.સ. એ ફરમાવ્યું કે ઈસ્તેગ઼ફાર કરો કે વમે જે ખરાબ આઅમાલ અંજામ આપ્યા છે, એનાથી બીજા આગાહ ન થાય.

**૨. હિસ્સે લામેસા**

આપણે જાણીએ છીએ કે ઈન્સાનના બદન ના અતરાફને કેટલા દાયરઅઓએ ઘેરી લીધુ છે કે જેના રંગ અને વિવરણ (હાલત) થી કોઈ માણસના આઅમાલ વ રફતારથી આગાહ થઈ શકાય છે.

જે માણસના ગિરદાન દાયરા અને એના અન્વાઅ વ અકસામ (કિસ્મ) ની જાણ રાખતા હોય એ મદમુકાબિલની વ્યકિતત્વ (ચાત્રિય) થી આગાહ થઈ શકે છે અને એના વિશે જાણી શકે છે કે એ કેવો માણસ છે.

ઈન્સાનના અતરાફે બદનમાં એ દાયરાના મરકઝ઼ વધારે હાથ હોય છે એના લીધે કેટલાક લોકો બીજા જોડે હાથ મિલાવીને અને એનાથી લમ્સ કરીને એની ફિક્ર (રચના) બતાવી શકે છે અને એના હાલાતથી પણ બાખબર થઈ જાય છે એના લીધે હિસ્સે

લામેસા પણ ઈલ્મ વ આગાહીના માટે બહુ જ પ્રભાવ અર્થ (કારણ) છે.

થોડા જ લોકો બીજાના કપડા અને એના ઈસ્તેમાલ કોઈ ચીજને પકડીને એની શખ્સીયત અને એના વ્યકતિત્વ વ હાલાત ની ખબર આપી શકે છે. મૂખ્તલીફ કિતાબો માં આવા કેટલાક વાકેઆત લખાયા છે

**૩. હિસ્સે ઝાયેકા**

હિસ્સે ઝાયેકા પણ હુસુલે ઈલ્મના માટે પ્રભાવ સાબિત થઈ શકે છે. ઔવલાયાએ ખુદા થી નકલ થવા વાળા વાકેઆતમાં વાઝેહ થાએ છે કે એ ખાવા થી, એના શંધવા (ખાવા નું ધનાવવાના) વાળા ના હાલાતથી આગાહ થઈ જતા અને એની ખબર આપતા.

એના પરથી હવાસ ખમ્સાના કુદરતમંદ થવાના અને એ બધાની હકીકી અને વાકેઈ હયાત હાસિલ હોવાથી ઈન્સાન એ બધાના ઈલ્મના હૂસુલના ઝરાયઅ કરાર આપી શકે છે આવી જ રીતે ઈન્સાન અંદરૂની (બાતેની) હવાસના ઝરીયા પણ ઈલ્મ હાસિલ કરી શકે છે.

**૪. હવાસના એલાવા બીજા ઝરાએઅથી ઉલુમ સીખવું**

એક બહેતરીન અને કાબિલે તવ્વજો નુકતા એ છે કે સમઅ વ બસર ના ઝરીયા ઈલ્મ હાસિલ કરવું ઈન્સાનની હિસ્સી કુવ્વતથી ઈસ્તેફાદહ કરવું છે અને આ બંને માળસની ઝાહેરી હવાસ ખામસામાંથી છે, પરંતુ ઝ઼હુરના ઝમાનામાં માણસ હવાસે ખમ્સાથી વધારીને બીજા ઝરાએથી પણ ઈલ્મ હાસિલ કરી શકે છે.

આપણે જે કંઈ ઝિક્ર કર્યું છે એમાં ગૌર કરવાથી માલુમ થશે કે દિલની હયાત અને તકામુલે અકલ, ઈલ્મ વ દાનિશના હૂસુલની રાહોં ને ખોલી દે છે તેથી એ ઝમાનામાં જ્યારે ઈલ્મ ફકત દેખવા અને સાંભળવામાં જ નિર્ભર (નિર્ધારિત) નહી હોય કદાચ પણ માળસ હિસ્સથી વધીને બીજા ઝરાએથી પોતાના ઈલ્મમાં ઈઝાફા કરશે. કલ્બી મુશાહેદાત જે કે હયાતે કલ્બીથી હાસિલ થાય છે. ભાવરાએ હિસ્સથી ઈલ્મ હાસિલ કરવાના બગેતરીન નમુના છે. ઝ઼હૂરના દરખ્શાન, ઉજ્જવળ અને ઈલ્મ વ દાનિશથી પરિપુર્ણ ઝમાનામાં ઈન્સાની હયાતે કલ્બના વજહથી હિસ્સથી વધીને બીજી કોઈ કુદરત સુધી રસાઈ હાસિલ કરશે, એ રીતે એ પોતાના ઈલ્મ, દાનિશ અને ફરહંગ માં ઈઝાફા કરશે.

ઝ઼હૂરના બાબરકત ઝમાનામાં માળસ ના ફકત આંખ અને બસારતના ઝરીયા પરંતુ કલ્બ વ બસીરતના ઝરીયા પણ ઉલુમ વ

મઆરેફ હાસિલ કરી શકશે. ઝમાનાએ ઝહુરમાં બીજા હવાસના ફઅઆલ (કામ કરવાવાળા માહીર) હોવાના અને હિસ્સથી વધીને હુસુલે ઈલ્મના બીજા દરવાજા ખુલવાથી આ સાબિત થઈ જશે કે હુસુલે ઈલ્મના ઝરાએઅ ફકત આંખ અને કાન જ માં નિર્ભર નથી.

એ ઝમાનામાં બીજા ઝરાએઅ જેમકે ઈલહામ (ગૈબથી દિલમાં નાખવું) પણ બધાને પ્રાપ્ત થશે, બધા એનાથી ફાયદો લઈ શકશે. જેવી રીતે રીવાયતમાં વારિદ થયુ છે. આજે પોતાના ટુકડા (હિસ્સા) માં માહિર, મૂતખસ્સિ અને દાનિશવર બીજા ઈલુમ દર્ક કરવાથી નાતવાં છે કેમકે હુસુલે ઈલ્મના ફકત બે ઝરાએઅ (ઝરીયા, માર્ગ) છે, સમઅ વ બસર, જે તમામ લોકોમાં ઈલ્મના પ્રગતિ (ખ્યાતિ) અને એવી જ રીતે દાનિશવરોંમાં પણ હુસુલે ઈલ્મ માટે મહેદ્દુદીયત (હદ, લાઈન) ઈજાદ (પ્રગટ) કરે છે. પરંતુ દિલોના પાક હોવા, તહઝ઼ીબ (શિષ્ટતા) વ ઈસ્લાહે નફસ, શૈયતાનની મૌત અને અકલોના તકામુલથી આમ લોકો માટે પણ હુસુલે ઈલ્મની બાજી રાહ (રસ્તો) પણ ફરાહમ થશે. પછી લોકો સમઅ વ બસર ના અલાવા બાજી રાહથી પણ ઈલ્મ હાસિલ કરી શકશે.

## ઝમાનાએ ઝહુરમાં આશ્ચર્યજનક[7] તહવ્વુલાત[8]

ખુદા જ જાણે છે કે ઈલ્મી તરક્કી અને અક્લ વ ખેરદના તકામુલથી દુનિયામાં કેવી અઝીમ તબદીલી[9] આવશે.

આલમે ખિલ્ક઼ત[10] અને કાએનાત ના કયા કયા રાઝ ઝાહિર થશે.

ગૈબતના તારીક ઝમાનામાં કયારેક નાની ઈખ્તેરાઅ વ ઈજાદથી ગ઼ૈબતના ઝમાનાના લોકોની ફ઼ક્રોમાં અજીબ તહવ્વુલાત ઈજાદ થાય છે. જેમકે દુરબીનની ઈજદ માણસો પર કેવી રીતે અસરઅંદાઝ થઈ? એનાથી તારાઓ અને જમીનની કૈફ઼ીયતના વિશે દાનિશવરો અને ફલાસેફ઼ાના અફ઼કાર[11] વ નઝરીયાતમાં કેટલી તબદીલી આવી?

એવી જ રીતે ઝહુરના પુરનુર ઝમાનામાં ઈલ્મ વ સંસ્કુતિ[12] ના તકામુલના વજહથી રહનુમા થવાવાળી ઈજાદાતથી આલમે

---

[7] હૈરતઅંગેઝ઼

[8] મુનતકીલ થવું

[9] બદલાવ

[10] સર્જન, ઉત્પત્તિ

[11] ફ઼િક્ર નું બહુવચન

[12] કલ્ચર

ખીલ્કત અને કાએનાતના અસરાર વિશે માણસના ઈલ્મમાં કેટલો ઈઝાફો થશે. આપણે ગ઼ૈબતના તારીક ઝમાનામાં એને તસવ્વુર કરવાની તવાનાઈ નથી રાખતા. આપણને માલુમ નથી કે એ ઝમાનામાં કેવી ઈજાદાત વજુદમાં આવશે અને એના આસાર કેટલા હદ સુધી થશે?

સાએન્સદાન[13] અત્યારે પણ "માવરાએ તબીઅત, વકરની સરહદથી ઉબુર[14] અને આલમે ગ઼ૈબ સુધી રસાઈ[15]" જેવા મસ્અલાને હલ નથી કરી શકયા? શું આપ જાણો છો આ રાઝ હલ થવાના અને એ અસરાર ના ફાશ થવાથી આલમે ખિલ્કતમાં કેવી અજીબ તબ્દીલીઓ રહેનુમા થશે? શું આપણે ઝમાનાએ ગ઼ૈબતની નાચીઝ આગાહી થી એની અઝમતથી આગાહ થઈ શકીએ છીએ?

---

[13] Scintist

[14] આગળ જવું

[15] પહોંચવુ

## ખાનદાને અહલેબૈત અ.સ. નો ઈલ્મ

મકતબે અહલેબૈત અ.સ. ના અકીદાની બીનાપર દરેક દૌરના અંબીયા એ સમયના લોકોની બનીસ્બત વધારે ઈલ્મ વ દાનિશના માલિક હોય છે. કોઈ દાનિશવર અને આલિમ એમનો મુકાબલો નથી કરી શકતા. બહસ અને મુનાઝિરામાં અંબિયા એમને મગ઼લુબ કરી દે છે.

એવી જ રીતે આઈમ્મએ અતહાર અ.સ. ના ઈલ્મ પણ દરેક દૌર (સમય) ના ઓલમા થી વધારે હોય છે. કોઈ પણ મોટા આલિમના ઈલ્મ, એમના ઈલ્મથી કાબિલે મુકાયેસા છે જ નહી.

બીજા લોકો ઉપર અંબિયા અને આઈમ્મએ માસુમીન અ.સ. ના ઈલ્મની બરતરીની એ વજહ છે કે એમનો ઈલ્મ ઈકતેસાબી નથી. એમને ઈલ્મ તહેસિલના ઝરીયા હાસિલ નથીં થવું પરંતુ એમનું ઈલ્મે લદ્દુન્ની[16] છે જે એમને ખુદાવન્દ મહેરબાનની તરફથી અતા થયું છે.

---

[16] ખુદાદાદી ઈલ્મ

આના પરથી એ બુઝુર્ગ હસ્તીયાં ઈલ્મે મખઝુન અને ઈલ્મે ગ઼ૈબના આલિમ છે, એના જ લીધે એમનો ઈલ્મ બીજાના ઈલ્મ કર્તા બરતર છે.

અગર આઈમ્મએ અતહાર અ.સ. ના ઈલ્મ અને એની હુદુદ[17] ના વિશે રીવાયાત મુખ્તલીફ છે. જેના વિશે બહેસ અને તજ્ઝીયા વ તહલીલ બહુ તુલાની છે. આપણે એ કહી શકીએ કે આઈમ્મા અ.સ. ના મુખાતેબીન એમની સત્હે ઈલ્મી વ ઝરફાયત અને એને કબુલ કરવાની તાકતમાં ઈખ્તેલાફની વજહથી એના વિશે માં રીવાયાત પણ મુખ્તલીફ છે.

આપણે કહીએ છીએ હઝરત બકીય્યતુલ્લાહીલ આઝમ અ.જ. નું ઈલ્મ દુનિયાના તમામ લોકોના ઈલ્મથી બરતર છે. આપહઝરત તમામ ઉલુમના માલિક હશે. આપહઝરત અ.જ. ની ઝીયારતમાં વારીદ થયું છે:

"انک حائز کل علم۔"[۱۸]

તમે દરેક ઈલ્મના માલિક છો.

---

[17] હદ નું બહુવચન

[18] મીસ્બાહુઝ઼ ઝ઼ાએર, પેજ ૪૩૭, સહીફએ મેહદાય્યા, પેજ ૬૩૦

ઝીયારતે નુદબામાં વાંચીએ છીએ:

"قد أتاكم الله يا آل ياسين خلافته، وعلم مجارى أمره فيما قضاه، ودبّره ورتّبه واراده فى ملكوته۔ "[19]

એ આલેયાસિન! ખુદાએ પોતાની જાનશીનીના મકામ આપને આપ્યુ છે, આલમે મલકુતમાં પોતાના હુક્મ અને જારી હોવાની જગ્યા અને તદબીર[20]

અને તન્ઝીમ[21] ના ઈલ્મ આપને આપી દીધુ છે.

આ ઝીયારતે શરીફમાં આવવાના બયાનમાંથી વાઝેહ થાય છે કે અહલેબૈત અ.સ. ના ઈલ્મમાં ના સિર્ફ આલમે મુલ્ક પરંતુ આલમે મુલ્ક પરંતુ આલમે મલકુત પણ શામિલ છે. અસરે ઝહુરના વિશે વારિદ થયેલી રીવાયાતથી ઈસ્તેફાદહ કરતા માલુમ થાય છે કે હઝરત બકીય્યતુલ્લાહીલ આઝમ અ.જ. ની આલમે મલકુત ની પણ તકમીલ ફરમાવશે.

---

[19] બેહારુલ અનવાર, જીલ્દ ૯૪, પેજ ૩૭, સહીફએ મેહદાય્યા, પેજ ૫૭૧

[20] વ્યવસ્થા

[21] નિર્માણ, પ્રબંધ

આ પરથી આનહઝરતના કયામનો ફકત મુલ્કી વ માદ્દી પહેલુ નથી પરંતુ એ આલમે ઝાહિર ના અલાવા બાતિન વ ના દેખી શકાય એવો આલમની તકમીલ ફરમાવશે જેમાં ગ઼ૈરમરઈ આલમની મૌજુદાત પણ આપ ના પરચમ તળે આઈ જશે.

ઈલ્મે ઈમામના મસઅલા મઆરીફે અહલેબૈત અલૈહેમુસ્સલામના બાબમાં બહુ જ અહેમ મસઅલો છે. એની હુદુદ વ કૈફિયતના વિશે બહુ જ બહસ થઈ છે કે જેનું પ્રપ્થકરણ વ તહલીલ[22] આ કિતાબના મૌઝુઅથી ખારીજ છે. આ પરથી હર દૌરના ઈમામ પોતાના ઝમાનાના તમામ લોકોથી વધારે ઈલ્મ રાખે છે. આ ઝમાનાના તમામ દાનિશવરોને જોઈએ કે એ ઉલુમ વ કળા[23] ના દરેક શોહબામાં પોતાની મુશ્કીલાત આઈમ્મએ અતહાર અલેહેમુસ્સલામના તવસ્સુલ[24] થી દુર કરે, કેમકે મકામે ઈમામત અને ઈલાહી રહબરીના એ છે કે એ દરેક ઈલ્મમાં બધા લોકોથી વધારે જાણતા હોય છે એ ખુદ ઈમામ અલેહેમુસ્સલામ ના ફઝાએલમાંથી એક છે. અગર આવુ ના હોય તો પછી આ મફઝુલને ફાઝિલ પર મુકદ્દમ કરવુ લાઝિમ આવે છે.

---

[22] હલ કરવું

[23] શિલ્પ, કારીગરી

[24] ઝરીયા

આ બયાનથી વાઝેહ થાય છે કે ઝહુરના પહેલા સુધી જેટલી પણ ઈલ્મી તરક્કી અને પિશરફ્ત થઈ જાય તો પણ ઈમામનુ ઈલ્મ એનાથી વધારે હશે. હવે આપણે જે રીવાયત કહી શકીએ છીએ એ મતલબ વાઝેહતૌર પર બયાન થયુ છે. હઝરત ઈમામ રેઝ઼ા અ.સ. ફરમાવે છેએ:

اِنّ الانبياء و الائمة عليهم السلام يوفّقهم الله ويؤتيهم من مخزون علمه و حكمته ما لا يؤتيه غيرهم، فيكون علمهم فوق علم اهل زمانهم في قوله عزّ وجلّ:

"اَفَمَن يَهدِى اِلَى الحَقّ اَن يُتَّبَعَ اَمَّن لَّا يَهِدِّى اِلَّآ اَن يُهدىٰ فَمَا لَكُم كَيفَ تَحكُمُونَ۔"[25]

યકીનન ખુદાવનદે આલમ અંબિયા અને આઈમ્મા અલેયહેમુસ્સલામને તૌફીક[26] એનાયતા[27] કરે છે અને અપને ઈલ્મ વ હીકમતના ખઝાનાથી એમને ઈલ્મ અતા કરે છે કે જે એને અલાવહ કોઈને અતા નથી કર્યા. આ વજહથી એમનો ઈલ્મ દરેક દૌર[28] ના લોકોના ઈલ્મથી વધારે હશે.

આ આયત એ હકીકત પર દલાલત કરે છે:

---

[25] સુરએ યુનુસ, આયત ૩૫, કમાલુદ્દીન, પેજ ૬૮૯, ઊસુલે કાફી, જીલ્દ ૧, પેજ ૨૦૨

[26] પ્રેરણા

[27] અતા

[28] સમય

શું જે શખ્સ લોકોને સીધા રાસ્તાની તરફ શિખામણ[29] આપે છે એ હિદાયતનો વધારે હકદાર છે યા એ જે સીધા રાસ્તા પર આવતા નથી પણ એ કે કોઈ આની હિદાયત કરે?

આનાપરથી કોઈપણ શોઅબા (હિસ્સા) માં ઉલુમ જેટલી પણ તરક્કી કરી લે, એ બધા ઈમામના વસીએ ઈલ્મના દામનમાં શામિલ થશે. જેવી રીતે દરિયા વરસાદના ટીપા ને પોતાની અંદર સમાવી લે છે અને ખુદ ટીપા[30] નું વજુદ મીટી જાય છે એવી રીતે તમામ ઉલુમ વ ફુનુન પણ ઈમામના સમન્દરે ઈલ્મમાં નષ્ટ[31] થઈ જશે.

જેવી રીતે રીવાયતમાં વારીદ થયુ છે કે ઝ઼હુરના પુરનુર ઝમાનામાં આખી દુનિયામાં દલીલો[32] આમ હશે. આખી કાએનાતમાં બધા દાનિશથી સરશાર હશે. હઝરત બકિય્યતુલ્લાહીલ આઝ઼મ (અ.જ.) ના પાવર પોતાના બયાન વ ગુફતારથી[33] પોતાના

---

[29] ઉપદેશ

[30] કતરા

[31] ફના

[32] તર્ક

[33] વાણી થી

મુખાલેફીનને રાહે રાસ્ત પર લાવશે અને સત્ય[34] ની તરફ એની હિદાયત કરશે.

આપહઝરત પણ પોતાની ગુફતારથી લોકોને મકતબે અહલેબૈત અલેયહેમુસ્સલામ ની તરફ હિદાયત ફરમાવીને નવા ઈલ્મ વ દાનિશથી સરશાર ફરમાવશે. એ હક્ને ઝાહિર અને બાતિલને નાબુદ[35] કરશે અને માણસોના દિલોને દરેક કિસમના શકથી પાક કરશે. આ એવી હકીકત છે કે જેની ઈમામ અ.સ. ને તસરીહ ફરમાવી છે અને એને પોતાની તૌકીઆત[36] માં બયાન ફરમાવ્યું છે.

હઝરત બકીય્યતુલ્લાહીલ આઝ઼મ (અ.જ.) પોતાની વિલાદતના પહેલા કલામમાં ફરમાવ્યું:

"زعمت الظلمة انّ حجة الله داحضة ولو اُذن لنا فى الكلام لزال الشك۔"[37]

[34] હકીકત

[35] ખત્મ

[36] એ ખત જે ઈમામને લખવામાં આવતો અને ઈમામ એનો જવાબ પણ આપતા.

[37] અલગૈબત, શેખ તુસી, પેજ નં ૧૪૭

ઝાલિમ ગુમાન કરે છે કે હુજ્જતે ખુદા બાતિલ થઈ ગઈ છે, અગર અમને બોલવાની ઈજાઝત અપાય તો શક (શંકા) દુર થઈ જશે.

આ વાઝેહ છે કે શકના બરતરફ હોવાથી દિલ ઈમાન વ યકીનથી સરશાર થઈ જશે. કલ્પના યકીનથી સરશાર હોવાથી અહમ ઝિન્દગી અકસીર તમામ લોકોના ઈખ્તીયારમાં હશે જે ઈન્સાનની શખસીયતને તકામુલ બખ્શસે.

## ઉલુમના હુસુલમાં ઈમામ મહદી અ.સ. ની રાહનુમાઈ[38]

ઝ઼હુરના પુરનુર, દરખશાં, બાબરકત, અકલો ના તકામુલ, દિલોંની પાકીઝગી, તલાશ વ કોશિશ, ઈલ્મ વ દાનિશ અને તમામ ખુબીયોંથી સરશાર ઝમાનાની ઓળખ અને એ ઝમાનામાં આવવાવાળી આઝ઼ીમ તહવ્વુલાત અને તગીરાતની આગાહી માટે એ સવાલાત ઉપર તવજ્જો ફરમાવોએએ

---

[38] ઉપદેશ

દુનિયાના સર બેફલક ચોટી અને બુલંદ પહાડો, વસીઅ વ આરીઝ સહરાઓ, દરિયાઓના સૈલાબ અને સમંદરની ગહેરીઈમાં કઈ કઈ અને કેવી કેવી અજીબ મખલુકાત ઝિંદગા ગુઝારી રહ્યા છે?

એમાં કેવા હૈરતઅંગેઝ અને અજીબ હેવાનાત મૌજુદ છે?

એમાં તમામ મૌજુદાતના અસરાર[39] ની ઓળખાણ મુમકીન છે?

શું આલમે ખિલકતના રાઝની શેનાખત મુમકીન છે?

શું જેમની સામે ખિલકત થઈ છે એના અલાવા કોઈ એ બધાથી આગાહ હોઈ શકે છે?

શું આ ઝમાનામાં હઝરત બકીય્યતુલ્લાહીલ આઝમ અ.જ. ના આલાવા એ તમામ સવાલોના જવાબ આપવાની કુદરત રાખે છે?

હા! ઝ઼હુરના બાબરકત ઝમાનામાં ઈમામ ઝમાના (અ.જ.) દુનિયાને બુરહાન વ ઈસ્તેદલાલ ના ઝરીયે ઈલ્મ વ આગાહી થી સરશાર કરશે. આખી કાએનાતમાં દુનિયાના લોકોને દલિલ વ

---

[39] રાઝ

બુરહાનની સાથે ઈલ્મ વ આગાહી અને દાનિશ વ ફહમથી આશના ફરમઅવશે.

હઝરમ ઈમામ હસન અ.સ. હઝરત અમારુલ મોઅમેનીન અલી અલેયહેમુસ સલામથી આ અહમ મરલબના વિશે ફરમાવે છે:

"يملأ الارض عدلاً وقسطاً وبرهاناً۔"[40]

આપહઝરત (અ.જ.) દુનિયાને અદલ વ ઈન્સાફ અને બુરહાનથી ભરી દેશે.

એ ઝમાનામાં દુનિયાના લોકો એક રાતમાં સો વર્ષના સફર તૈ કરશે અને જે નુકાત આખી ઝિંદગીમાં સીખી નથી શકતા, થોડાક નુકાતના ઝરીયાથી એ નુકાતથા બાખબર થઈ જશે.

ઈલ્મ વ આગાહીના ઝમાનામાં ઈલ્મ વ ફહમ ની તરક્કીની વરફ ઈશારે કરવા માટે અને એક સવાલ પેશ કરીએ છે:

અગર કોઈ શખ્સ કોઈ મોટી મૌઝુઅના વિશે તલાશ[41] અને એના તમામ અહમ નુકાતથી આગાહ થવા ઈચ્છે પરંતુ જો આ મૌઝુઅના માહિર, મહેરબાન શિક્ષક જેવી નેઅમતથી મહરુમ રહે

---

[40] બેહારુલ અનવાર, જીલ્દ ૪૪, પેજ નં ૧૨૧ અને જીલ્દ ૫૨, પેજ નં ૨૮૦

[41] શોધખાળ

અને મદદગાર કીતાબો પણ ના મળે તો એને કેટલી લાંબી મુદ્દતની તલાશ વ જુસ્તજુ કરવી જોઈશે અને કેટલાના કામ પ્રયોગ અને તજરુબા થી ગુઝરવુ પડશે! ત્યારે કદાચ કયાંક એ કોઈક હદ સુધી પોતાના મકસદથી નઝદીક પહોંચી શકે?

પરંતુ અગર આ શખ્સ કોઈ આલિમ અને જાણકાર[42] શિક્ષકથી ફાયદો લેતા તો એ બહુ જ કમ સમયમાં એ મૌઝુઅના વિશે સિર[43] હાસિલ મતાલિબથી આગાહ થઈ શકતા હતા.

બાજી રીતે માણસ બે રીતે ઈલ્મ વ દાનિશ શીખી શકે છે:

૧. એ ઈલ્મના જાણકાર અને મુતખસ્સિસ શક્ષકથી ઈલ્મ હાસિલ કરી શકે છે.

૨. અગર એને એ ઈલ્મના વિશે શિક્ષક યા કીતાબો ના મળે તો પછી જુસ્તજુ અને તજઝીયા વ તહલીલની ઝરુરત રહે છે. પછી તલાશ વ કોશિશના ઝરીયે તલાશ કરવી જોઈએ તાકે અગર જે મુમકિન હોય તો માણસ પોતાના મકસદ અને નતીજા સુધી પહોંચી શકે.

---

[42] માહિતગાર

[43] સિર જે મતલબ એ હાસિલ કરવા માંગે છે એને જાણી શકે છે.

હુસુલે ઈલ્મની રાહમાં તજ્ઝીયા વ તહલીલ અને તાલીમનો ફરક રોશન છે. અમે અહીંયા એના બે અહમતરીન અંતર બયાન કરીએ છીએ:

૧. આગાહ અને માહીર શિક્ષકથી ફાયદો હાસીલ કરવાની સુરતમાં તુલાની અને વધારે સમય સર્ફ કરવાવાળી શોધના વિના જલ્દીથી ઉલુમને હાસિલ કરાવી શકાય છે.

૨. સમય બરબાદ કરવાવાળી બેનતીજા તહકીકના વિના માહિર ઉસ્તાદથી ઈલ્મ વ દાનિશ નુ યકીની નતીજો હાસિલ કરવું.

## હુસુલે ઈલ્મમાં હુઝુરે ઈમામ મહેદી અ.જ. ના પ્રભાવ અને ગુણ

ઝ઼હુરના ઝમાનામાં ઈન્સાનો ને બેનતીજા અને સમય બરબાદ કરવાવાળી તહકીકની ઝરુરત નહી હોય, કારણ કે ઈમામ હસને મુજતબા અ.સ. ના ફરમાનના મુતાબિક એ દિવસે દૂનિયા દલીલની જોડે ઈલ્મ વ દાનિશ અને મઆરેફથી સરશાર હશે.

હા! અગર લોકો મઆશરામાં ઝ઼હુર અને હુઝ઼ુરે ઈમામ (અ.જ.) ની નેઅમતથી ફાયદો હાસિલ કરે તો એ બહુ જલ્દી અઝીમ અને મોટી ઈલ્મી મનાબેઅ સુધી પહોંચી શકે છે. એ ઈલ્મે લદુન્નીના ઝરીયે ઈલ્મે બુરહાની હાસિલ કરશે અને આવી રીતે એ યકીની નતીજા સુધી પહોંચી જશે.

હવે એ મતલબને મુકમ્મલ રોશન કરવા માટે જાનવરોની મૂખ્તલીફ કિસ્મોંના વિશેમાં બયાન કરે છે, પછી એક રીવાયત નક્લ કર્યા પછી બહસથી નતીજો નિકાળશે.

જેવી રીતે અમોએ કહ્યું કે દરિયાઓની ઉંડાઈ, પહાડોની ઉંચાઈ અને સહરાઓની વુસઅતમાં બહુ જ અજીબ મખલુકાત મૌજુદ છે, આ મખલુકાત એડલી મોટી તાદાદમાં મૌજુદ છે કે આપણા માટે એમની ઝિંદગી ગુઝારવાની રાહ વ રવિશ, ખાસિયત અને એમની તૌલીદે નસ્લ ની પેહચાન કરવુ મુમકીન નથી. અત્યાર સુધીની શોધનાં મુતાબિક આપણી દુનિયામાં ૮૬૦૦૦ પક્ષીઓ ઝિંદગા ગુઝારી રહ્યા છીએ.[44]

---

[44] આ પક્ષિઓમાં બધાથી મોટો પક્ષિ આફરીકાનો શુતુર મુર્ગ છે પરંતુ આ ઉડી નથી શકતો કેમકે દરમિયાની લેહાઝથી એનો વજન ૧૩૫ કિલો, એનો કદ ૨/૪૦ છે. સહી

જમીનના કીડા મકોડામાંથી અત્યાર સુધી ચાર લાખની પેહ્ચાન થઈ ચુકી છે જેમાંથી કદાચ દોઢ લાખ કિસ્મ ઈરાનમાં પણ મૌજુદ છે.

હૈવાનાતની આટલી મોટી આનવાઅ વ અકસામ છે કે અગર કોઈ હૈવાન શિનાસીના ઈલ્મમાં દુનિયામાં મૌજુદ લાખો અકસામના જાનવરોની નસ્લમાં ઇઝાફ઼ાના અમલને જાણવા માંગે કે એમાં નસ્લમાં ઈઝાફ઼ાના અમલ કેવી રીતે થાય છે?

એમાંથી કયા જાનવર ઈંડા આપે છે અને કયા બચ્ચા દે છે એના માટે લાખો વર્ષની તહ્કીક વ શોધખાણની ઝરુરત છે.

એના સિવાય દરિયાઓ, સહેરાઓ, સમન્દરો અને પહાડોમાં ઝિંદગા ગુઝર કરવાવાળા લાખો હૈવાન ની કેવી રીતે પેહ્ચાન કરી શકે છે?

લેકિન અગર આ માણસ એ મતલબને તહ્કીક, જુસ્તજુ અને તજરુબાથી નહી પરંતુ કોઈ એવાથી શીખે કે જે અસરારે ખિલ્કતથી આગાહ અને મખ્લુકાતની ખિલ્કતના સાક્ષી હોય તો આ કેટલાક

---

ઈત્તેલાઅના મુતાબિક સૌથી વધારે ઉમર રાખનાર પક્ષિ કાગડો છે અને એના બાદ દરયાઈ કાગળો છે. દાએરતુલ મઆરીફ઼, ૧૦૦૧ જઝ્ઝ઼ાબ નુકાત ૨૬૩

લાખ વર્ષોની નામુમકિન તહકીકથી હાસિલ થવાવાળા મતાલિબ બે મિનિટમાં જાણી શકે છે!

એ હકીકતની મઝીદ વઝાહતના માટે આ રીવાયતને નકલ કરે છેએએ

મર્હુમ હાજી મોઅતમદ્દદ દૌલા ફરહાદ મિર્ઝા પોતાના મજમુઆમાં અમીર કમાલુદ્દીન હુસૈન ફનાઈની મજાલીસથી નકલ કરે છે કે હઝરત ઈમામે જાફર સાદિક઼ અ.સ. ને ઉમ્મે જાબિરથી પુછયું કઈ વસ્તુના વિશેમાં જાણવા માંગો છો?

એમણે અર્ઝ કર્યુ કે હું પક્ષીઓના વિષે માં તહકીક કરવા માંગુ છું કે એમાંથી કયા જાનવર ઈંડા આપે છે અને કયા બચ્ચા?

ઈમામે (અ.સ) ફરમાવ્યું:

લખો! જે હૈવાનોના કાન બહારની બાજુ હોય એ બચ્ચા આપે છે અને જેમના કાન અંદરની બાજુ હોય એને માથાથી ચીપકેલા હોય એ ઈંડા આપે છે.

"ذالك تقدير العزيز العليم۔"

બાઝ઼ પરંતુ પક્ષી છે અને એના કાન અંદરની તરફ છે તો એ ઈંડા આપે છે. કાચબો ચરંદો છે કેમકે એ પણ આવી રીતે છે તો એ પણ ઈંડા આપે છે. ચામાચીડીયુના કાન બહારની તરફ છે.[45]

એ સાર્વજનિક કાનુની તરફથી હૈવાનના પક્ષીઓ હોવુ એ વાતની દલિલ નથી કેમકે એ પક્ષી (પરંદ) છે છેવટે એ ઇંડા આપશે. એવી જ રીતે હૈવાનના ચરવાવાળા હોવુ એ વાતની દલિલ નથી કે એ બચ્ચા આપશે કેમકે મુમકિન છે કે અગર એના પિસ્તાન હોય પરંતુ એની અફઝાએશે નસ્લ ઈંડા આપવાની ઝરીયા રહે ના રહે કે બચ્ચા આપવાથી.

હૈવાનાતમાંથી એક બહુ જ અજીબ કિસ્મનો હૈવાન છે એની મુરગાબીની જેમ ચાંચ છે છેવટે એ “ઊરદકી” ના નામથી મશહુર છે. અગર એ હૈવાનના પિસ્તાન છે પરંતુ એના વિના એ પક્ષીઓ ના જેમ ઈંડા આપે છે હવે આ બયાન ઉપર તવજ્જો ફરમાવો:

મુમકિન છે કે “ઊરદકી” હૈવાનાતમાં સૌથી વધારે અજીબ ના હો લેકિન અજીબ ઝરુર છે, આ એક પિસ્તાનદાર જાનવર છે અને તમામ પિસ્તાન વાળા હૈવાનની જેમ એની ખાલ છે અને પોતાના

---

[45] ગુલઝ઼ારે અકબરી, પેજ નં ૬૨૬

બચ્ચાને દુધ પીલાવે છે પરંતુ એની મુરગાબીની જેમ ચાંચ અને એનો પરદાર પંજો પણ છે.

એનાથી હૈરતઅંગેઝ એ છે કે હૈવાન તમામ પક્ષીઓની જેમ ઈંડા આપે છે. આ હૈવાન ઓસ્ટ્રેલિયામાં જોવા મળે છે જેની લંબાઈ ૫૦ cm છે. એની ચાંચ બયુ જ નોકવાળી અને તેજ છે, નહાતા સમય આ પોતાની ચાંચને પાણીથી બહાર રાખે છે અને એના લીધે સાંસ લે છે. આ નહેરોમાં રહે છે એની માદહ ત્યાં ઈંડા આપે છે અને પોતાના બચ્ચાને દુધ પીલાવે છે.[46]

અમે ગુરજેલી બહસમાં ઝ઼હુરના ઝમાનાની એક અહમ ખુસુસિયાત બયાન કરી જે એ ઝમાનાના તમામ મઆશરાનાં ઈલ્મના આમ હોવા અને અમે જે મતાલ્બ અહીંયા બયાન કર્યા એનાથી અસરે ઝ઼હુરની બે બીજી ખુસુસિયાત પર રોશની નાખી છે:

૧. વધારે સમય લેવાવાળી તહકીક અને જુસ્તજુ ના વિના સુરઅતથી ઈલ્મનો હુસુલ.

૨. બેહાસિલ અને બેનતીજા તહકીક અને તજરુબા વ તહલીલના વિના તાલીમના કત્ઈ નતીજા હાસિલ કરવું.

---

[46] શિગિફ્તિહાએ આફરીનીશ, પેજ નં ૨૦

આ વાત રોશન છે કે ઝમાનાએ ઝ઼હુર ની એ બે ખુસુસિયાતથી ઈન્સાનને કેટલી ઈલ્મે તરક્કી અને સમાજ ને બુલંદી હાસિલ થશે.

## ઝમાનાએ ઝ઼હુરની ઈજાદાત

અને અર્ઝ કર્યું કે ઝમાનાની ખુસુસિયાત માંથી એક સુરઅતથી ઈલ્મ વ દાનિશનો હુસુલ છે. આ બાબરકત ઝમાનામાં લોકો આસાનીથી દકીક ઈલ્મી મતાલિબ સુધી પહોંચી શકશે.

એ ઝમાનામાં હઝરત બકીયતુલ્લાહીલ આઝ઼મ (અ.જ.) ની હિદાયત વ રહેનુમાઈ હુસુલે ઈલ્મની સુરઅતના અસ્લી સબબ હશે. એના વગર પ્રગતિ અને ઉન્નતિ એક બીજી અહમ સબબ પણ હશે અને એ પણ હઝરત ઈમામે મહદી (અ.જ.) ના બાબરકત વજુદ મુબારકના માધ્યમથી હશે જે તકામુલ અને ફાક્રી પ્રગતિ છે.

હઝરત વલીયે અસર (અ.જ) ના કરીમાના અને આદિલાના હુકુમતમાં લોકો અકલી અને ફિક્રિ પ્રગતિના માલિક હશે.

અકલી તકામુલના બહસમાં અમે એ નુકતાની તસરીહ કરી છે કે ઝમાનાએ ઝ઼હુર વ તકામુલમાં ઈન્સાનને હાસિલ થવાવાળી અહેમ આઝાદીમાંથી એક અકલી આઝાદી છે કે એ ઝમાનામાં અકલ એસારત ની ઝંજુરથી નિજાત હાસિલ કરી લેશે.

એ મુનવ્વર ઝમાનામાં નફસ ના સિપાહિયો, અકલની કુદરતની ઝંજીરોમાં કૈદ થઈ જશે. એ સમય અકલ, નફસ ઉપર હાકિમ થઈ જશે. અકલી આઝાદી થી માણસ મોટી ફિક્ર[47] સુધી પહોંચી અને બચ્ચગાના અફકારથી રેહાઈ હાસિલ કરી લેશે. આ વજહથી અમારો અકીદો એ છે કે ખસલતોમાં બુઝુર્ગ તફક્કુર અને ઝ઼ુહુરના ઝમાનાની ખુસુસિયાત સમાજના લોકો માટે છે.

સામને ની વાત છે કે જ્યારે સમાજના લોકોમાં મોટા અફકાર અને દકીક વિચાર વ ફિક્રની સલાહિય્યત પૈદા થઈ જાય તો પછી ના સિર્ફ દીની મઆરેફ બલ્કે ટેકનોજી, સન્અત અને બીજા ઉલુમ વ કુનુનમાં કેવા હૈરતઅંગેઝ બદલાવ ઈજાદ થશે.

ગૈબતના ઝમાનાના દૌર એ લાખો અફરાદ નવા નુકાત અને નવી ઈજાદાત સુધી પહૌચવાની કોશિશ કરે છે મગર કેટલાક

[47] અફકાર, રચના

મહેદુદ અફરાદ જ થાય છે પરંતુ અકલી તકામૂલના ઝમાનામાં માણસ કમાલના આઅલાતરીન દરજાત ઉપર ફાએઝ હશે. ઝમાનએ ઝ઼હુરના લોકોની ફિક્ર મોઅસ્સિર સાબિત થશે અને એ જે ચીજ માટે કોશિશ કરશે, જલ્દીથી એના સુધી પહોંચી શકશે.

## આ વિશેમાં ઝીયારતે આલે યાસીનના પછી દુઆથી

### દર્સ

હઝરત ઈમામ મહેદી (અ.જ.) ની બહુ અહેમ ઝીયારતમાં એક ઝીયારત આલે યાસીન છે જેમાં મઆરેફ અને અકીદતી મસાએલના બહુ જ મોટો ખજાનો છુપાયેલો છે. એના સિવાય એમાં તકામુલ યાફતા માણસોની કુદરતના વિશે બહુજ અહેમ નુકાત મૌજુદ છે.

જે પણ આ ઝીયારત અને આના પછીની દુઆ વાંચે એ ખુદાવંદે આલમથી ઈચ્છે છે કે એને બુલંદ મરાહેલ વ મકામ પર પહોંચાવી દે. અગર મુમકીન હોય કે દુઆ વાંચવાવાળા કંઈક વાંચી

રહ્યા હોય અને એની અહમિયત વ અઝમતની તરફ મુતવજ્જે ના હો.

અહીંયા અમે પોતાની બહસથી મરબુત નો એક નમુનો બયાન કરીએ છીએ.

ઝીયારત આલે યાસાનના પછી વાંચવાવાળી દુઆમાં અમે ખુદાના હુઝુર અર્ઝ કરીએ છીએએએ

"وفکری نور النیّات، وعزمی نور العلم۔"[48]

મારી ફિર્કને તસમીમ, ઈરાદાના નુર અને મારા અઝમ વ ઈરાદાને ઈલ્મનો નુર ઈનાયત ફરમાવ.

મુમકીન છે કે અત્યાર સુધી સેંકડો યા હજારો વાર આ દુઆ વાંચી હોય પરંતુ અત્યાર સુધી અમોએ પોતાની દરખાસ્ત અને એની અઝમત ઉપર ગૌર નથી કર્યું. આ દુઆથી લેવાવાળો દર્સ એ છે કે:

રોશન ફિર્ક એ છે કે જે અનઘેરી[49] સોચ વ ફિર્કથી નીજાત પાઈને કુવ્વતે ઈરાદાના માલિક હોય અને એના નફસ ઈરાદાની

---

[48] સહીફએ મહેદીય્યા, પેજ નં ૫૬૭

[49] Nagative, તારિક

હાર ના સબબ ના હોય અને સાહેબાને અઝમ વ ઈરાદો એ છે કે જેમાં ઈલ્મ વ દાનિશ ના નુર વ રોશન રહે અને એનો વજુદ ઈલ્મ વ આગાહીના નુરથી મુનવ્વર થયુ હોય.

ઝમાનાએ ઝ઼હુર ઈન્સાનની મોટી વ પ્રાચીન ખ્વાહિશાતની તકમીલ અને બશરના આવા મકામ સુધી પહોંચવાનો ઝમાનો છે. માણસોમાં રોશન અફકાર અને નુરાની ઈરાદાની પરવરિશ તકામુલનો સબબ છે.

આ બાબરકત ઝમાનામાં અફકારમાં ઈરાદાની કુવ્વત વ નુરાનિયત ઈજાત થશે અને લોકોના અઝમ વ ઈરાદામાં નુર અને ઈલ્મ વ દાનિશના હુસુલની કુદરત ઈજાદ થશે.

એ ઝમાનામાં ઈન્સાની તફક્કુરની તાકતો ના હોવુ અને અઝમ વ ઈરાદામાં સુસ્તીથી નીજાત પાઈને ઈલ્મ વ આગાહીની તરફ ચાલશે.

હવે આ વાઝેહ વાત છે કે ફિક્રી હયાત અને ઈરાદાની આઝાદીથી સમાજમાં કેવી ઈલ્મી તરક્કી વજુદમાં આવશે.

## દુનિયાની એકમાત્ર સરકાર

અહીંયા અમે એક એવો મતલબ બયાન કરીએ છે કે જે ઝ઼હુરના ઝમાનાના મુનતઝેરીન માટે બહુ જ દિલચસ્પ છે આ એ કે હઝરત ઈમામ મહેદી (અ.જ.) ની હુકુમતના આલમી[50] હોવાવાળી નુ આ મતલબ છે કે એ સમય આખી કાએનાતમાં હઝરત હુજ્જત ઈબ્ને હસને અસકરી (અ.જ.) ની હુકુમતના સિવાય કોઈ સરકાર નહી હોય.

આ કહેવુ જરૂરી છે કે ગઝરત વલીયે અસર (અ.જ.) ની હુકુમતના મુકાબિલમાં દુનિયા પર ઈમામ અસર અ.જ. ની એકમાત્ર હુકુમત હાકિમ હશે. આના સિવાય હઝરત મહેદી અ.જ. દુનિયાવાળા માટે એવી નેઅમત ફરાહમ કરશે. માદ્દી વ માઅનવી લેહાઝથી હૈરતઅંગેઝ તરક્કી અને એના સિવાય આખી દુનિયામાં ઈલ્મ વ દાનિશની નેઅમત ફરાવાન થશે.

દુનિયાના મોટા મોટા શહેરોથી દુર ઈફતાદહ અને નીચલા વર્ગ સુધી દરેક એ નેઅમતોથી ફાયદો લઈ શકશે. આખી દુનિયામાં

---

[50] જગત, વિશ્વ

ઈલ્મ વ દાનિશ આમ હશે. ઝમીનના દરેક જગ્યામાં ઈલ્મી કમી ખતમ થઈ જશે.

બધાને આરામ, સુકુન, રાહત વ તમામ સહુલત ફરાહમ થશે. બધા લોકોમાં દૌલત બરાબર તકસીમ થશે.

એ સહુલતોના આમ હોવા અને સમાજના તમામ અફરાદના એ નેઅમતો અને સહુલિયાતથી ઈસ્તેફાદહ કરવુ ઝ઼હુરના ઝમાનાની ખુસુસિયાત માંથી છે. આ અહેમ મસઅલાને રોશન હોવા માટે અને આના મઝ઼ીદ વઝાહત આપીએ છીએ.

જેવી રીતે આપ જાણો છો કે ગ઼ૈબતના ઝમાનામાં દુનિયાના તમામ મુલ્કોના તમામ લોકોને માલ વ દોલત, ઈલ્મ વ દાનિશ, કુદરત અને ઝાહિરી સહુલિયાત મુયસ્સર નથી પરંતુ દુનિયાના દરેક મુલ્કનાં કેટલાક લોકોની પાસે માલ વ દોલત હતુ અને અત્યારે પણ છે. અકસર લોકો દોલત ના ના હોવા યા એની કમી ની વજહથી પરેશાન હાલમાં છે.

આખી દુનિયામાં કક્ષ પદ્ધતિ અને જાતિ તબઈઝાત[51] ખતમ થઈ જશે. ઈલ્મ વ હીકમત આમ હશે, તબીઈ દોલત સમાજના

---

[51] એક ને બીજા પર ફઝીલત  અને બરતરી આપવી.

તમામ લોકોના દરમિયાન બરાબર તકસીમ હશે, દુનિયાના તમામ જગ્યાએ અદાલત અને તકવાનો બોલબાલો હશે, દુનિયાના બધા લોકો આદિલ અને પરહેઝ઼ગાર હશે.

અમે જે કંઈ પણ અર્ઝ કર્યું હવે એના નતીજા લઈએ છીએ. હઝરત ઈમામ મહેદી (અ.જ.) ની વિશ્વીય હુકુમતમાં આખી દુનિયાના લોકો ઈલ્મ વ દાનિશ અને હિકમત, અચ્છાઈઓ અને નેકીયોના માલિક હશે, દરેક એનાથી ફાયદો હાસિલ કરશે.

એ દિવસે ગ઼ૈબતના ઝમાનાની જેમ નહી હોય કે એક તબકકા ઝિંદગીની દરેક સહુલિયત અને દરેક નવી ટેકનોલોજીથી ફાયદો હાસિલ કરશે અને બીજા લોકો ઝિંદગીની બુનયાદી સહયલિયાતને પણ તરસતા હોય.

આ પરથી ઝ઼હુરના ઝમાનાની ઈલ્મી તરક્કી લોકોને દરેક જદીદ, નવી અને અહેમ વસીલો ફરાહમ કરશે. જે ઝ઼હુરથી પહેલાવાળા વસાએલની જગ્યા લઈ લેશે. આખી દુનિયામાં સાબેકા વસાએલ નાકારા થઈ જશે અને લોકો ઝ઼હુરના ઝમાનાની જદીદ ઇજાદાતથી ઈસ્તેફ઼ાદો લેશે.

અગર જો આ બાબરકત અને નેઅમતોથી ભરપુર ઝમાનામાં કોઈ સનઅત[52] પોતાની ખુસુસિયાત બરકરાર રાખી શકે તો એનાથી ફાયદો લઈ વાઝેહ છે કેમકે એ ઝમાના દુનિયાની તમામ અકવામ માટે ખુબીયોના ઝમાના હશે, આ પરથી આપણે જદીદ સનઅતને ગુલામ નહીં સમજતા પરંતુ મૌજુદ સનઅત ગ઼ૈબતના ઝમાનાથી મુનાસિબ છે કે આ ઝહુર ના વીતેલા ઝમાનાના મુતાબિક છે.

આત્યાર સુધી જે કંઈ કહ્યુ એ એમનો દષ્ટિકોણ છે કે જે ઝ઼હુરના વિશે ખાનદાને અહલેબૈત અલયહેમુસ્સલામના ફરામિન થી આગાહ થઈને અકલી તકામુલ અને રોશન ઝમાનાના રાઝ વ રમુઝ ને જાણે છે.

મુમકિન છે કે એના મુકાબિલમાં મહદુદ સોચ વિચારના માલિક અફરાદ પણ હોય કે જે ગુમાન કરતા હોય કે એ દુનિયાના તમામ ઈજાદાતથી વાકીફ છે. આવા અફરાદ ના સિર્ફ આજ પરંતુ વિતેલા ઝમાનામાં પણ મૌજુદ હતી. ડોઢ સદી પહેલા કેટલાક અફરાદના ગુમાન હતો કે જે વસ્તુનો ઈજાદ કરવો નામુમકીન હતો, ઈન્સાને એ બધો જ ઈજાદ કરી લીધુ છે. અહીંયા અને આવા કેટલાક ફિર્કથી આશનાઈ કરાવીએ છીએ:

---

[52] કારિગરી, શિલ્પ, કળા

૧૮૬૫ માં અમેરિકામાં નવી ઈજાદાત કરવાવાળાઓના નામ લખવાવાળા દફતરના હેડના આ કહીને નોકરી છોડી દે છે કે હવે અહીંયા રહેવાની ઝરુરત નથી કેમકે હવે ઈજાદ કરવા માટે કોઈ વસ્તુ બાકી રહી નથી.

અમેરિકાના માહિર એસ્ટ્રોનોમીએ રિયાઝીની બુનિયાદ પર આ સાબિત કર્યું કે જે વસ્તુ હવાથી વઝન ધરાવે એ પરવાઝ નથી કરી શકતી પરંતુ જહાજની પહેલી પરવાઝ[53] ના બાવજુદ પણ એ પોતાની ગલતી માનવા તૈયાર હતા નહી પરંતુ પોતાની ગલતીની ગલત દલિલ બયાન કરવા લાગ્યા કે જહાજ કોઈ મુફીદ કામમાં નથી લેવાઈ શકતો.

૧૮૮૬ માં “મારસલન બરતુલુ” એ પોતાના ખયાલાતને આવી રીતે રજુ કર્યુંએએ

“અત્યાર પછી દુનિયાના કોઈ રાઝ બાકી નથી રહ્યું.”

જે ઝમાનએ ઝ઼હુરને ગ઼ૈર મામુલી તરક્કીના ઝમાના નહી સમજતા એ એવા લોકોની જેમ જે વિચારતા હોય છે.

---

[53] ઊદાન

અમે જે બયાન કર્યું એ એવા લોકોની એક મિસાલ હતી કે જે સમજે છે કે ઈલ્મ વ સનઅત ના લેહાઝથી દુનિયા પોતાની બુલંદી પર છે, એટલે દુનિયા તરક્કીની આખરી સીડી પર કદમ મુકેલા છે.

હા! આ ખયાલાત અને ગુમાન હુઝશ્તા સદીયોંમાં મૌજુદ છે. મૌજુદ હતા અને અત્યારે પણ કેટલાક ગ્રોહ એમાં જ સમાવેશ છે. એ બાતિલ નઝરીયામાં મઝ઼ીદ ઈઝાફ઼ો હોવા છતા પણ મુમકિન છે.

## ઝ઼હુર યા નુકતએ આગાઝ

અગર અમે કહીએ કે ઈબ્તેદાએ ઝ઼હુર તકામુલનો આગાઝ છે તો આવા લોકો માટે આનું યકીન કરવુ મુશ્કીલ હશે કેમકે એ આ કબુલ નથી કરી શકતા કે ઝ઼હુરના આગાઝ તરક્કીની ઈબ્તેદા છે?

આ સવાલનો જવાબ બયાન કરવા માટે આ મતલબની તશરીહ કરવુ જરૂરી છે છેવટે આવા ગ઼લત દષ્ટિકોણની પૈદાઈશના ઈલલ વ અસબાબ બયાન કરીએ છીએ કેમ કે કારેઈને મોહતરમ જાણી લે કે કેટલાક લોકો આ નથી જાણતા કે હઝરત ઈમામ મહેદી (અ.જ.) ના ઝ઼હુરની સાથે તરક્કી વ પિશરફ઼ત અને તકામુલની શરૂઆત થઈ જશે કેમકે એ મૌજુદ દૌરને આ કદર તરક્કી યાફ઼તા

સમજે છે કે એ આનાથી પણ તરક્કી યાફતા દુનિયાને તસ્લીમ કરવા તૈયાર નથી.

અમે અહીંયા બે મૂખ્તસર નુકાત બયાન કરવા પછી આ વિશેમાં વિસ્તાર વાત કરીશું:

૧. આવા લોકો મૌજુદ દુનિયાને કદીમ દુનિયા અને ગુઝશ્તા ઝમાનાથી મુકાયસો[54] કરે છે આના લીધે મૌજુદહ દૌરને જ પિશરફતતરીન દૌર સમજે છે.

૨. આવા લોકો ભવિષ્યની દુનિયા વિશેમાં કોઈ પણ જાતની ઇત્તેલાઅ વ આગાહી નથી રાખતા એટલા માટે જ એમનું કહેવું છે કે હવે ઈજાદ કરવા માટે કોઈ બીજી વસ્તુ મૌજુદ નથી.

## દીન એટલે હયાત અને સહી તરક્કી યાફતા કલ્ચર

દુનિયાના વધારે લોકો દીનના હયાત બખ્શ અને ઝિંદગાસાઝ ફરમાનથી આગાહ નથી. એ નથી જાણતા કે મકતબે અહલેબૈત અલયહેમુસ્સલામ એ મઆશરે વ કલ્ચરના તમામ

---

[54] Compare

પહેલુઓને મદ્દેનઝર રાખ્યુ છે અને એ લોકો ની તમામ ઝરૂરિયાતથી આગાહ છે છેવટે એ દીનને ફકત થોડાક અહેકામાતના મજ્મુઆ સમજે છે કે જેની નાગરિકતા (કલ્ચર) અને સનઅત ની સાથે કોઈ સરોકાર (કામ) નથી.

આવા કેટલાક લોકો ખુદસાખ્તા અને ઈસ્તેઅમારી મકતબના પેરુકાર હોય છે અને એ તહરીફશુદા અદયાનના તાબેઅ હોય છે છેવટે જે વસ્તુને કબુલ કરે એને જ દીન સમજે છે.

અગર મકતબે અહલેબૈત અલેયહેમુસ્સલામ ના પેરુકારમાંથી કોઈ ગેરુહના એવા અકાએદ હોય તો આ દીનના આઈન, કાનુન અને ઉસુલો ના વિશે મુકમ્મલ આગાહી ન હોવાનો નતીજો છે કેમકે દીનનો એ મતલબ નથી કે ઈન્સાન તરક્કી અને સહી કલ્ચર અને સનઅતથી દુર હોય પરંતુ કલ્ચર અને સનઅતી તરક્કી દીન ના સાયામાં વજુદમાં આવે છે. તો દીન અને દીનદારી સનઅત વ તમદ્દુન[55] ની નફીના નામ નથી પરંતુ દીનના આઈન વ કાનુન જ સનઅતી તરક્કી અને કાનુની તરક્કી ના ઝરીયા છે.

---

[55] કલ્ચર, નાગરિકતા

તારીખમાં ના ફકત ભવિષ્ય પરંતુ ભુતકાળમાં પણ આવા દૌર ગુઝર્યા છે કે જ્યારે મોટા દીના તમદ્દુન ને લોકોને પોતાના દામનમાં જગ્યા આપી. એ સમયના લોકો ઈલ્મ વ સનઅતી તરક્કીના માલિક હતા કે અમારા આજના મુતમદ્દેન અને કલ્ચરલ દૌર જેને લાવવા માટે અસહાય છે.

આ ના સિર્ફ તારીખના પન્નાઓમાં પરંતુ થોડાક ઇમકાનાતમાં આવા તરક્કી યાફતા કલ્ચરના આસાર મૌજુદ છે કે હવે પણ ઈન્સાન જેની અઝ઼મતને દુર કરવા માટે અસમર્થ અને મજબુર છે.

અમે આપના માટે એનો એક નમુનો ઝિક્ર કરીએ છીએ તાકે આ બખુબી વાઝેહ થઈ શકે કે દીન કયારેય પણ તરક્કી અને તમદ્દુનના મુખાલીફ નહોતુ પરંતુ મઝહબી હુકુમત ખુદ સહી તમદ્દુન લાવવા માટે સબબ છે.

શું હઝરત સુલૈમાન અ.સ. મે જે ઈબાદતગાહ બનાવી હતી અને અત્યારે પણ એના આવા આસાર મૌજુદ છે કે જેને અત્યાર સુધી પહેચાની શકાયું, શું આપ એનાથી આગાહ છો?

હવે આના વિશે મઝીદ જાણવા માટે આ વાકેઆ મુલાહેઝા કરો

તકરીબન બે સદીઓ પહેલા “બીનયામીન ફ્રેન્કલીન” એ “બર્કગીર”[56] ઈજાદ કર્યું. આ એક મુસલ્લમ હકીકત છે કે જેનો ઈન્કાર નથી કરી શકતા.

આ અમ્ર પણ મુસલ્લમ છે કે તકરીબન ત્રણ હજાર વર્ષ પહેલા હઝરત સુલૈમાન અ.સ ની ઈબાદતગાહ લાકડીની બર્કગીરથી તૈયાર કર્યું હતુ. ઈબાદતગાહને કયારે પણ શોર્ટસર્કીટનો ખતરો નહોતો. “ફ્રાનસુવા આરાગુ” એ અઢારવી સદીમાં આ વિશેમાં આવી રીતે વઝાહત કરી:

ઈબાદતગાહની છતને ઈન્તેહાઈ બારીકીથી તામીર કર્યું હતુ કે જેને ઝખીમ અને જાડા વરક થી ઢાપ્યુ હતું અને આખી છતને ફૌલાદથી તૈયાર કર્યું હતુ. લોકો કહે છે કે છતની તૈયારીમાં એ બધી વસ્તુઓના ઈસ્તેમાલ સિર્ફ એના લીધે હતુ કે એનાપર પક્ષીઓ ના બેસે.

ઈબાદતગાહના સામે એક હૌઝ હતુ કે જે હમેશા પાણીથી લબરેઝ રહેતુ. હવે અમારી પાસે આવા શવાહેદ વ કરાએન મૌજુદ છે કે જેનાથી આ માલુમ થાય છે કે આ બર્કગીર કોઈ હિદાયત

---

[56] વીજળી પકડવા વાળી

કરવાવાળાની હિદાયતનો નતીજો છે. દિલચસ્પ વાત તો આ છે કે અમે અત્યાર સુધી આવા મસાએલથી બહેરેમંદ નહી થઈ શકતા.

એવી જ રીતે મઅબદે બૈતુલ મુકદ્દસને પણ ભુતકાળ સદીઓના કામિલ નમુના કરાર આપી શકે છે કે હજારો વર્ષ પહેલા હતો અને અત્યારે પણ આવી જ રીતે બાકી છે.

અત્યારે પણ સવાલ પૈદા થાય છે કે હઝરત સુલૈમાન અ.સ. અને એમની આર્કીટેકટ બર્કગીરના રાઝથી આગાહ હતા પરંતુ એમને આ રાઝ બીજાને કેમ નથી બતાતા? કોઈને આ વિશે વાત કેમ નથી કરી?

હવે તહકીક વ જુસ્તજુ કરવાવાળા દાનિશવર જેમને વાદીયે ઈલ્મમાં કદમ રાખે છે જે બહુ જ મજહુલાતને માલુમાતમાં તબ્દીલ કરે છે. હવે અમે એમને સવાલ કરીએ છીએ કે એ મસ્અલાને સુલજાએ અને એનો સહી જવાબ માલુમ કરે.[57]

---

[57] તારીખે નાશિનાખતાએ બશર, પેજ નં ૧૧

જેવી રીતે તમે ગૌર કર્યું કે એમણે ખુદ એઅતેરાફ[58] કર્યું છે કે અમે અત્યાર સુધી ઈમકાનાત અને વસાએલમાંથી કોઈ એકથી મુસ્તફૈઝ ના હોઈ શકે.

આ હઝરત સુલૈમાન અ.સ. ના ઝમાનામાં ઈલ્મમી અને સનઅતી તરક્કીના એક નાનો નમુનો હતો. આ એ વાતની દલિલ છે કે દીન અને ઈલાહી હુકુમત, અનસત અને ટેકનોલોજીની નફી નહી કરતા પરંતુ એ ખુદ એમને વજુદમાં લાવે છે.

એની બીજી પણ બહુ જ મિસાલ મૌજુદ છે. હઝરત સુલૈમાન અ.સ. ની હુકુમતમાં આવી સહુલતના ફાયદા થાય છે પરંતુ આજના કલ્ચરલ મઆશરા અને તરક્કી યાફતા માણસ એનાથી ફાયદો ઉઠાવવાથી આજાઝ છે. કુર્રાને કરીમ ની આયાત અને અહલેબૈત અ.સ. ની રીવાયાતમાં એમની તસરીહ થઈ છે.

આજની દુનિયા તરક્કી વ પિશરફત અને ઈલ્મ વ તમદ્દુન ના દાવાના બાવજુદ ફિઝીકલ વસાએલ ના વિના એક કલમને દુનિયાના એક નુકતાથી બીજા નુકતા સુધી મુન્તકીલ કરવાથી આજીઝ છે. પરંતુ હઝરત સુલૈમાન અ.સ. ના શાગીર્દ એક વાર

---

[58] કબુલ

આંખ ક્ષપકવાના ઝરીયે બિલકીસ ના તખ્તને એક જગ્યાથી બીજી જગ્યાએ મુનતકીલ કરવાની કુદરત રાખતા હતા. એને આ કામ અમલી તોરપર પણ અંજામ આપ્યુ હતુ.

આ વાઝેહ દલિલ છે કે ઈન્સાનને અઝ઼ીમ કુવ્વત વ તાકતના હુસુલ માટે “માબઅદ માદ્દહ” કુદરતની જરૂરત છે. જયાં સુધી એના આ કુદરત હાસિલ નો થાય ત્યાં સુધી એ માદ્દી ના કૈદમાં જ રહેશે એટલે ઝમાન વ મકાનના તાબેઅ રહેશે. “મા બાઅદે માદ્દહ” કુદરતના હુસુલે દીનના વિના મુમકીન નથી.

આના પરથી દીન ના સિર્ફ ઈલ્મ વ દાનિશની તરક્કી માટે માનેઅ નથી પરંતુ દીન ખુદ તરક્કી વ પિશરફત અને જદીદ ટેકનોલોજી અને સહી સનઅત વજુદમાં લાવવાના અસલી સબબ છે.

દુનિયા હઝરત ઈમામે મહેદી અ.જ. ની ઈલાહી હુકુમતમાં આવી અહેમ તરક્કીની શાહિદ હશે. એ સમય ઈન્સાન ના સિર્ફ માઅનવી અને રુહાની મસાએલની બુલ્નદી પર હશે પરંતુ જદીદ ટેકનોલોજી વ સનઅતનો પણ માલિક હશે.

આપણને જોઈએ કે આપણે આખા વજુદ અને પવિત્રતા થી ખુદાવન્દે મતઆલથી આ બાબરકત દિવસને જલ્દી આવવાની દુઆ કરીએ અને ખુદને આ બાઅઝમત ઝમાના માટે તૈયાર કરીએ.

આ પણ જાણી લઈએ કે ઈન્સાનની ખિલ્કત નો મકસદ કત્લ વ ગ઼ારત, ઝુલ્મ વ સિતમ, ફસાદ અને ઝાલિમ વ જાબિર હુકુમત તશ્કીલ આપવુ નહોતુ પરંતુ ઈલાહી હુકુમતની તશ્કીલ અને એને ઈસ્તેકરાર અને દવામ બખ્શવા માટે કોશિશ કરવુ છે પરંતુ અત્યાર સુધી ઝાલિમ આ રાહમાં માનેઅ છે.

આપણે ખુદાવન્દે આલમથી દુઆ કરીએ કે પરવરદેગાર ઝ઼હુરના તમામ મવાનેઅ દુર કરીને જલ્દીથી હઝરત ઈમામ મહેદી અ.જ. ની હુકુમત કાએમ ફરમાવે અને આપણે હઝરત વલીએ અસ્ર અ.જ. ના ખદીમોંમાં શુમાર ફરમાવે. (આમીન)

## સહી અને જદીદ ટેકનોલોજી ફકત દીનના ઝીરેસાયા મુમકીન છે

હવે એક અહેમ હયાતી નુકતાની તશરીહ કરીએ છીએ. આ નુકતા વાંચવા પછી કારેઈને કેરામના દીનના પિશરફ્તા આઈનના વિશેમાં નઝરીયા તબદીલ થઈ જશે.

હવે નુકતાને બયાન કરવા પહેલા એક મુખ્તસર મુકદ્દમા બયાન કરીએ છીએ આ કે ઈન્સાન ફકત એક માદ્દી મુજુદ વ મખ્લુક નથી કેમકે ઈન્સાન રુહ પણ રાખે છે પરંતુ શું ઈન્સાન સિર્ફ જિસ્મ અને રુહથી મુરક્કબ થયા છે? યા નફ્સ અને જિસ્મથી મખલુત થયા છે? યા ઈન્સાન રુહ, અકલ, નફ્સ અને જિસ્મના સમુહ ના નામ છે?

આ બહુ જ અહેમ સવાલો છે કે ઈન્સાનનો વજુદ કઈ વસ્તુઓની તશ્કીલથી મળે છે? ભુતકાળના ઝમાનામાં અદયાનના પેરુકારોએ આ વિશેમાં બહસ કરી અને એમણે પોતાની ફહેમના મુતાબિક જે વસ્તુઓ દર્ક કરી એને જ બયાન કરી. એ તમામ નઝરીયાતના કેટલાક તરફદાર છે અને દરેક પોતાના નઝરીયા સાબિત કરવા માટે કેટલીક દલિલો પેશ કરે છે.

અમને આ સાબિત કરવાની જરુ નથી કે ઈન્સાન રુહ અને જિસ્મના મુરક્કબ છે અને એ અક્લ વ નફ્સના માલિક છે, યા આ બંને રુહ અને જિસ્મના તાબેઅ છે યા આ બંનેથી ઈજાદ થયા છે?

અમે મકતબે અહલેબૈત અ.સ. ની પૈરવીથી આ મતલબ શીખ્યું છે કે રુહ મુસ્તકીલ વજુદ રાખે છે પરંતુ ઘણાં માદ્દી મકાતિબ એના બરખિલાફ રુહને જિસ્મના તાબેઅ સમજે છે.

## મૌજુદ ઈજાદાતમાં કમી

રુહના આસાર અને રુહાની કુવ્વતના નતીજા ના બહેસમાં આ અહેમ નુકતાના ઈઝાફો કરે છે કે દુનિયાને અત્યાર સુધી સનઅત અને ટેકનોલોજી ના ઉન્વાનથી લોકોને જે કઈ પણ અતા કર્યું છે આ આવી ઈજાદાત હતી કે જેમણે ઈન્સાનની રુહને જિસ્મના અસીર બનાવીને રાખ્યુ હતું અને એને જિસ્મના મોહતાજ બનાવી દીધુ છે. આમાં કોઈ આવી રુહાની તાકત મૌજુદ નથી કે જે ઈન્સાન ના જિસ્મના રુહને તાબેઅ કરાર આપે.

આ અત્યારની ટેકનોલોજીના બહુ મોટી કમી છે. અફસોસથી કહેવુ પડે છે કે ગ઼ૈબતના ઝમાનાના દાનિશવર આ વિશેમાં કોઈ સહી પ્રોગ્રામ હાસિલ નથી કરી શકયા.

છેવટે યાદ રાખો કે અમારા આ કહેવુ છે કે ઝમાનએ ગ઼ૈબતની ટેકનોલોજી માં નક્સ વ ઐબ મળે છે. એની દલિલ એ છે કે અમે એ ઝમાનાના બર્ક રફતાર વસાએલના બગ્ઘી વ તાંગા વગેરે થી મુક઼ાયેસા નથી કરી રહ્યા પરંતુ ખુદાએ ઈન્સાનના વજુદમાં બેશુમાર કુવ્વત કરાર આપી છે એમની જ તખ્લીક ની વરહથી એ ખુદને "અહસનુલ ખાલ્ક઼ીન" કરાર આપતા ફરમાવે છે:

"فَتَبَارَكَ اللّٰهُ اَحسَنُ الخَالِقِینَ۔"[59]

આ અઝ઼ીમ  મખલુક પર તવજ્જો કરીએ તો માલુમ થશે કે ઈન્સાન પોતાના વજુદના એક પહેલુ થી ફાયદો લે છે પરંતુ બીજા પહેલુને ભલી ગયો છે.

અમારુ આ કહોવુ છે કે ઈન્સાનમાં રુહ પણ છે છેવટે રુહને જિસ્મના તાબેઅ કરાર ના આપે. ઈન્સાનને એ વિચારવુ જોઈએ કે ઈન્સાન પોતાના વજુદને બીજા પહેલુઓથી ફાયદો હાસિલ કરીને

---

[59] સુરાએ મોમેનુન, આયત ૧૪

જિસેમને રુહના તાબેઅ કરાર આપે. એ આમ પોતાને માદ્દહ અને ઝમાનાની કૈદથી આઝાદ કરે પરંતુ ઝમાનાએ ગ઼ૈબતની તમામ ઈજાદાત માદ્દી કૈદથી મુકય્યદ છે.

એટલે જ અમે કહીએ છીએ કે અસરે ગ઼ૈબતની બધી ટેકનોલોજી નાકીસ છે, આમાં જે તકામુલ હોવુ જોઈએ એ થયુ નહોતુ અને આ તકામુલથી ખાલી છે.

અમે કહીએ છીએ કે ઝ઼હુરના બાઅઝમત, બાબરકત અને પુરનુર ઝમાના દરેક લેહાઝથી તકામુલની બુલંદી પર હશે. એ ઝમાના "મા બાઅદ માદ્દહ" થી વધીને બહુ જ અઝ઼ીમ કુદરતથી સરશાર હશે જેની વજહથી ના સિર્ફ઼ ટેકનોલોજી અને માદ્દી સનઅતમાં તરક્કી હશે પરંતુ બરતર કુદરત અને તાકત પણ તેનામાં મૌજુદ હશે.

અમે પોતાના આ દાવા ને ખાન્દાને ઈસ્મત વ તહારત અહલેબૈત અલયહેમુસ્સલામ ના હયાતબખ્શ ફરામીન થી સાબિત કરીએ છીએ છેવટે આવી રીવાયત નક્લ કરીએ છીએ કે જેનાથી થોડા લોકો ઝ઼હુરના ઝમાનાના પિશરફ્તા સનઅત માટે ઈસ્તેદલાલ કરે છે. હવે અસ્લ રીવાયત ઉપર તવજ્જો કરીએ.

ઈબ્ને મિસ્કાન કહે છે કે જો ઈમામે સાદિક઼ અ.સ. થી સાંભળ્યુ કે આપહઝરતે ફરમાવ્યું:

"ان المؤمن فی زمان القائم و هو بالمشرق لیر أخاه الّذی فی المغرب و کذا الذی فی المغرب یری اخاه الذی فی المشرق۔"[60]

યકીનન કાએમ અ.જ. ના ઝમાનામાં મોમીન શખ્સ પુર્વદિશામાં હશે પરંતુ એ પશ્ચિમ માં મૌજુદ પોતાના ભાઈને દેખી શકશે. એવી રીતે જે પશ્ચિમદિશા માં હશે એ પુરબમાં મૌજુદ પોતાના ભાઈને દેખી શકશે.

## ઝ઼હુરના ઝમાનામાં કુદરતના હુસુલની તહલીલ

રીવાયતથી જે બહેતરીન નુકતા ફાયદો લઈ શકાય છે કે ઝમાનાએ ઝ઼હુરમાં બશરીયત માટે હૈરતઅંગેઝ તબ્દીલીઓ વજુદમાં આવશે કે જેની વજહથી ઈન્સાન રુએ ઝમાનના કોઈ દુર દરાઝ ઈલાકામાં બેઠ઼ા પોતાના દોસ્તો અને અઝીઝોને જોઈ શકશે.

[60] બેહારુલ અનવાર, જીલ્દ ૫૨, પેજ નં ૨૯૧

હજારો કિલોમીતર ની દુરીની બાવજુદ એમને આસાનીથી દેખી શકાશે અને એમના હાલાતથી આગાહી હાસિલ કરી શકાશે.

ઝમાનાએ ઝ઼હુરમાં ઈન્સાનને હાસિલ થવાવાળા આ કુદરતની ચંદ સુરતથી તજઝીયા વ તહ્લીલ કરવુ મુમકીન છે:

૧. જેવી રીતે ઈન્સાનની કુવ્વતે ફિક્ર કામિલ થઈ જશે અને એની કુવ્વતે ઈરાદા પણ તાકતવર હશે, પછી ઈરાદા અને ફિક્રના મુતમરકીઝ હોવાથી એ દુનિયાના દરેક હિસ્સાને જોઈને કરી શકશે મતલબ એની ઝાહીરી નઝરમાં બુસ્અત આઈ જશે યા આ કે રોયતથી મુરાદ બાતેની રોયત યા દિલ ની આંખોથી જોવું મકસુદ છે.

ગુઝશ્તા બહેસોમાં ઝમાનએ ઝ઼હુરમાં તહવ્વુલે ફિક્ર અને તકવીયતે ઈરાદાના વિશેમાં બયાન કરાયા મતાલિબની નઝરથી આ તહ્લીલ એક ફીતરી વાત છે.

૨. ઝ઼હુરના દરખ્શાં અને નેઅમતોથી સરશાર ઝમાનામાં સનઅત અને ટેકનોલોજીમાં આવી તરક્કી હશે કે માણસ જદીદ વસાએલથી ફાયદો કરતા એક બીજાને કાએનાતના પુરબ અને પશ્ચિમમાં દેખી શકશે.

છેવટે આ નુકતા પણ મદ્દેનઝર રાખવુ જોઈએ કે હવે અમારા ઝહ્ન કોમ્પ્યુટર, ઈન્ટરનેટ અને ટેલિવીઝનથી જાણકાર છે અને અમને માલુમ છે કે અમે ઈન્ટરનેટ ના ઝરીયે એક બીજાની તસ્વીર જોઈ શકાય છે. આવા તસ્વીરી વસાએલ ની વજહથી મુમકીન છે કે આપણે ભવિષ્ય ની પિશરફતા ઈજાદાતને પણ એક કિસ્મના તસ્વીરી વસીલા સમજી લે, જેવી રીતે મુમકીન છે કે ભવિષ્ય ઈન્સાનના ઈખ્તેયારમાં આવાવાળા વસાએલ ના સિર્ફ તસ્વીરી હોય બલ્કે એમના જિસ્મને પણ દેખાડે.

૩. એની બીજી તહલીલ પણ કરી શકાય છે અને એ આ કે ભવિષ્ય માઅનવી અને માદ્દી લેહાઝથી ઈન્સાન માટે જે હૈરતઅંગેઝ અને બેનઝીર પિશરફ્ત હાસિલ થશે. ઈન્સાન એ બંનેથી ફાયદો લઈ શકશે કે જેને આપણે બયાન કર્યું.

૪. આપણે જે કંઈ બયાન કર્યું એના માટે એક બીજી તહલીલ કરવુ પણ મુમકીન છે અને એ આ કે બાતેની કુવ્વતમાં ઈઝાફાથી ઈન્સાન પોતાના મિસાલી વજુદને દુનિયાના કોઈ ખુણામાં બેઠેલા પોતાના અઝીઝ યા દોસ્તના સામે હાજર કરી શકશે એ પોતાના મિસાલી વજુદને તજસ્સુમ બખ્શસે યા તજસ્સુમના વિના જે પોતાના ભાઈઓને દેખી શકશે.

આ રીવાયતની તૌઝીહમાં જે નુકતાનો ઈઝાફો કરવો જોઈએ એ કે આપણે ભુતકાળ તહેલીલાતમાં થી બધી યા કંઈક યા કોઈ એક તહેલીલને કબુલ કરે યા રીવાયતની તૌઝીહમાં કોઈ બીજી તહેલીલ લાવે, પરંતુ આ મતલબને જરૂર મદ્દેનઝર રાખે કે આ રીવાયતના ઝાહિરથી આ ફાયદો લઈ શકાશે કે આ કુદરત એટલે દુનિયાની કોઈ જગ્યામાં બેઠેલા ઈન્સાનને જોવા, એક આવી હાલત છે કે જે આમ લોકો માટે વજુદમાં આવશે એટલે રીવાયતથી ઉમુમી હાલત ઈસ્તેફાદહ થાય છે.

આ પરથી જે રીવાયતથી પણ રોઅયતની વઝાહત કરીએ પરંતુ આ જાણી લઈએ કે ઝ઼હુરના ઝમાનામાં દુર ઈલાકાઓથી રોઅયત સિર્ફ કોઈ ખાસ ગરોહની ખુસુસિયાતમાંથી નથી પરંતુ આમ લોકોમાં આ કુદરત પૈદા થશે.

૫. રોઅયત અને એક બીજાને બીજી તરફ જોવુ પણ મુમકીન છે અને એ તરફ મુકાબિલના ઈન્સાનની પાસે હાજર થવુ છે. વિતેલાં થોડાક સુરતના બરઅક્સ[61] રીવાયતમાં આવી જ રીતે અને રીવાયાત પણ વારીદ થઈ છે કે જે પણ હઝરતે ખ઼િઝ઼ર અ.સ. ને

[61] ઉલ્ટુ

સલામ કરે એ એમના નઝદીક હાઝર થાય છે. હવે આ રીવાયત ઉપર તવજ્જો કરીએ:

એક રીવાયતમાં હઝરત ઈમામ રઝ઼ા અ.સ., હઝરત ખ઼િઝ઼ર અ.સ. ના વિશે ફરમાવે છે એએ

"انه ليحضر حيث ما ذكر، فمن ذكره فيكم فليسلّم عليه۔"[62]

એમને જ્યારે યાદ કરવુ પડે એ હાજર થઈ જાય છે તો તમારામાંથી જે કોઈ પણ યાદ કરે એમના પર સલામ મોકલે.

અમે જે સુરત ઝીક્ર કરી છે એમાંથી બાઝના બે યા બેથી વધારે જગ્યા પર હોવુ લાઝ઼ીમ આવે છે.

૬. ઝ઼હુરના દરખ્શાં અને બાઅઝમત ઝમાનાની તબ્દીલીઓમાંથી એક તબ્દીલી ઈન્સાનની આંખો અને બસારતમાં રુનુમા હશે. એની કુવ્વતે બસારતમાં એટલો ઈઝાફ઼ો થશે કે એમા દુર સુધીના ઈલાકાને જોવાની કુદરત ફ઼રાહમ થઈ જશે.[63]

---

[62] સહીફ઼એ મહેદીય્યા, પેજ નં ૯૮

[63] એમાં કોઈ શક નથી કે ઝ઼હુરના ઝમાનામાં ઈન્સાનના જિસ્મમાં જે તહવ્વુલાત વજુદમાં આવશે એ ઈન્સાનની આંખો અને કુવ્વતે બાસેરા પર પણ અસર અંદાઝ થશે. ભુતકાળમાં પણ આવા લોકો હતા કે જેની કુવ્વતે બસારત બહુ કવી હતી. એમાંથી એક “અબુ અલી સીના” છે. એમનાથી અવ્યું છે કે એમણે કહ્યુ કે મેં દિવસના સમયે સિતારએ અતારુદને

માણસની બસારતમાં ઈજાદ થવાવાળી તબદીલી એવી હશે કે એમાં હૈરતઅંગેઝ ઈઝાફા વજુદમાં આવશે. ઝમાનએ ઝ઼હુરમાં ઈન્સાનની કુવ્વતે બાસેરા[64] માં હૈરાન કરવાવાળા ના વિશેમાં રીવાયત પર તવજ્જો કરીએ:

ઈમામ જાફરે સાદિક઼ અ.સ. એ ફરમાવ્યું:

---

જોયું કે એક સમયમાં એ સુર્ય પર એવી રીતે હતો જેવી રીતે ચહેરા પર તીલ હોહ. અગર અતારૂદ બીજા આસમાન અને સુર્ય ચોથા આસમાન પર છે પરંતુ મળેલા છે. એટલે એક રાશિ અને એક દકીકામાં જમા હતા છેવટે એવુ લાગતુ હતુ કે જેમ સુર્યના ચહેરા પર તીલ હોય.

કસસુલ ઓલમામાં એમની કુવ્વતે બાસેરાના વિશેમાં લખ્યું છે કે એમની બસારત એ હદ સુધી હતા કે એ ચાર ફરસખોની દુરીથી મખીને જોઈ લેતા હતા. એક રોજ એ સુલતાનની મજલીસમાં દાખલ થયા તો એમને જોયું કે એને દુરબીન લગાયેલી છે, શેખે પુછયું કે આ દુરબીન કેટલા માટે લગાઈ છે?

સુલતાને કહયું: ચાર ફરસખથી એક સવાર આવી રહયુ છે હું એને જોવા માંગુ છું કે એ કોણ છે? શેખે કહયુ ચાર ફરસખ માટે દુરબીનની શુ જરૂર છે પછી શેખે આ જાનીબ જોઈને કહયું ફલાં શકલ અને લિબાસમાં મલબુસ એક સવાર આઈ રહયો છે, એમનો ઘોડો ફલાં રંગનો છે અને મીઠાઈ ખાઈ રહયો છે. સુલતાને કહયુ કે મીઠાઈ ખાવાવાળી ચીજોમાંથી છે, દેખવાવાળી ચીજોમાંથી નહી તો કેવી રીતે કહી શકાય કે એ મીઠાઈ ખાઈ રહયો છે?

અબુ અલી સીનાએ જવાબમાં કહયું કેમકે એના મુંહના ચારો તરફ માખી ઉડી રહી છે આ એ વાત દર્શાવે છે કે એ માણસ મીઠાઈ ખાઈ રહયો છે. જ્યારે એ સવાર આવ્યો એનાથી પુછયુ, એને પણ એજ જવાબ આપ્યો જે શેખે કહયું હતું. આવી જ રીતે એની શક્લ વ સુરત, લિબાસ અને ઘોડાનુ રંગ પણ એજ હતો જે શેખે કહ્યું હતું. એક કોલના મુતાબિક શેખે કહ્યું હતું કે એ રોટલી ખાઈ રહ્યો છે. કેમકે રોટલી ના નાના નાના ઝ઼ર્રાત એની દાઢી અને મુંછોમાં લગેલા હતા. જુસ્તજુ કરવા બાદ માલુમ થયું કે જે શેખે કહ્યું હતું એવુંજ થયું. (ગુલઝ઼ારે કુબરા, પેજ નં ૩૮૨) આપણા ઝમાનામાં પણ એવા લોકો છે જેની જોવાની તાકત બહુ વધારે છે.

[64] જોવાની તાકત

"اِنّ قائمنا اذا قام مدّ الله لشيعتنا فى أسماعهم و ابصارهم حتى (لا) يكون بينهم و بين القائم بريد، يكلّمُهُم فَيَسمَعُون وينظرون اليه وهو فى مكانه۔"[65]

બેશક જયારે આપણા ક઼ાએમ અ.જ. કયામ કરશે તો ખુદાવનદે આલમ આપણા શાઆના કાન અને આંખમાં કશિશ પૈદા કરશે (અને એમની કુદરતમાં ઈઝાફા ફરમાવશે) અહીંયા સુધી કે એમનો અને હઝરત મહેદી અ.જ. ના દરમિયાન કોઈ વાસ્તાની જરૂર નહી રહે. એ એમની સાથે વાત કરશે અને એ સાંભળશે અને એમની તરફ દેખશે હાલાંકે એ પોતાની જગ્યા પર હશે.

આ રીવાયત વાઝેહ તોર પર દલાલત કરે છે કે ઝમાનએ ઝ઼હુર માં ખુદાવનદે આલમ ઈન્સાનના દેખવા અને સાંભળવાની કુદરતમાં ઈઝાફો ફરમાવશે. બધા હઝરત બકીય્યતુલ્લાહીલ આઝ઼મ અ.જ. ને જોઈ શકશે. ચાહે એ કોઈ પણ જગ્યા પર હોય આવી રીતે એ આપહઝરતની અવાજ પણ સાંભળી શકશે.

---

[65] બેહારુલ અનવાર, જીલ્દ ૫૨, પેજ નં ૩૩૬

## રીવાયતમાં તફક્કુર

કાબિલે ઝ઼િક્ર વાત એ છે કે કેટલાક મુસન્નેફીન આવી રીવાયતના મિસ્દાક઼ ટેલીવીઝનને કરાર આપે છે હાલાંકે રીવાયતમાં મૌજુદ તાબીરને જોઈને કોઈ પણ સંજોગોમાં આ નથી કહી શકતા કે રીવાયતમાં ઈમામ સાદિક઼ અ.સ. ની મુરાદ ટીવી છે.

કેમકે:

૧. ઈમામ જાફર સાદિક઼ અ.સ. ફરમાવે છે: મોમીન પોતાના ભાઈને દેખશે. અગર આપહઝરતની મુરાદ ટીવી હોય તો પછી દુનિયાના બધાં લોકો ટીવી પર દેખવા માટે થાય તાકે ભાઈ એમને જમીનની બીજી તરફથી પણ જોઈ શકે. કેમકે “المؤمن” માં “الف لام” જિન્સ માટે આવ્યુ છે જે કે મુતલક છે જેમાં તમામ મોમેનીન શામિલ છે હાલાંકે ટીવીથી એવા ઈસ્તેફ઼ાદહ નથી કરી શકાતા. હર કોઈ એમાં પોતાના ભાઈને દેખી શકશે બલ્કે સિર્ફ઼ એમને જ ટીવી પર દેખી શકે છે કે જે રેકોર્ડીંગ યા ફ઼િલ્મમાં મૌજુદ હોય.

અત્યાર સુધી દુનિયામાં કરોડ઼ો અરબો અફ઼રાદની આબાદીમાંથી કેટલા લોકો આવા છે કે જેમણે પોતાના ભાઈઓને ટીવી પર જોયુ છે?

રીવાયતમાં કંઈક બીજુ કાબિલે તવજ્જો નુકાત પણ છે જે આ મતલબની તાઈદ કરે છે એટલે જેનાથી માલુમ થાય છે કે આપણા બરાદરે મોમીનને કુરએ જમીનની બીજી તરફ જોવુ યકીની છે.

કેમકે:

૧. આ રીવાયત જુમલે ઈસ્મીયાથી શરૂ થઈ છે.

૨. આની ઈબ્તેદામાં કલ્મા "اِنَّ" છે.

3. "لیریٰ اخاہ" માં લામ લીધુ છે. આ બધુ અસ્લ મતલબની ચેતવણી પર દલાલત કરે છે.

અ નુકાત પર તવજ્જો કરવાથી માલુમ થશે કે ઝ઼હુરના બાબરકત ઝમાનામાં દરેક મોમીન શખ્સ પોતાના ભાઈને બહુ દુરદરાઝના ઈલાકાથી દેખી શકશે. આ આવા મતલબ છે કે જેને ઈમામ જાફર સાદિક઼ અલ્યહિસ્સલામે રીવાયતમાં કેટલી તાકીદની સાથે બયાન કર્યું છે.

૨. ઝાહીરે રીવાયત એ છે કે મુશાહેદામાં ભાઈ કોઈ ખુસુસીયત નથી રાખતા છેવટે ઈમામે મિસાલથી બયાન કર્યું છે

વરના એ ઝમાનામાં મોમીન ના ફકત પોતાના ભાઈ બલ્કે માં, બાપ, બીવી અને તમામ બીજા રિશ્તેદારોને પણ દેખી શકશે.

પરંતુ અગર આનાથી મુરાદ ટીવી હોય તો પછી કોઈ આવા પ્રોગ્રામ હોવા જોઈએ કે મોમીન એમને જોઈ શકે.

૩. ઝાહિરે રીવાયત એ છે કે આ રીવાયતમાં દેખવાથી મુરાદ બંને તરફ છે. એટલે જેવી રીતે પુર્વદિશામાં બેઠેલા શખ્સ, પશ્ચિમમાં બેઠેલા પોતાના ભાઈને દેખી શકશે. આવી રીતે જે પશ્ચિમમાં હશે એ પુર્વદિશામાં બેઠેલા પોતાના ભાઈને દેખી શકશે. એટલે બંને એક બીજાને જોઈ શકશે પરંતુ ટીવીમાં આવુ નથી કેમકે ટીવી જોવાવાળા પ્રોગ્રામમાં હાઝીર અફરાદ ને તો જોઈ શકે છે પરંતુ એ એને નથી જોઈ શકાશે.

સારી વાત તો એ છે કે ઈમામે જાફર સાદિક઼ અ.સ. એ કુવ્વતે સામેઆ[66] અને કુવ્વતે બાસેરા[67] ને હઝરત મહેદી અ.જ. ના કયામના ઝમાનાથી મુકય્યેદ કર્યું છે અને ફરમાવ્યું છે કે જ્યારે આપણા કાએમ કયામ કરશે તો......

---

[66] સાંભળવાની તાકત

[67] જોવાની તાકત

આનાથી ફાયદો થાય છે કે આપહઝરતનાં કયામથી પહેલા કુવ્વતે બાસેરા અને સામેઆ આ કદર કવી નહી રહે. આ પરથી આ નથી કહી શકતા કે આપહઝરતની મુરાદ ટીવી ન હતી, જેવી રીતે કે ચંદ ફરમાનના સબુત ટીવીને કરાર આપ્યુ છે કે જે પહેલા ઈજાદ થયુ છે કેમકે રીવાયતના ઝાહીર આ છે કે આપહઝરત ઝમાનએ ઝ઼હુરની ખુસુસીયાતને બયાન કરી રહયા છે.

૪. અગર આ કલામથી ઈમામ અ.સ. ની મુરાદ ટીવી હોત તો આ ઈમામે ઝમાનાએ ઝ઼હુરના માટે કોઈ વિશેષતા નહોતી કેમકે ટીવી આપહઝરતના ઝમાનામાં બહુ જ લોકોને મઝીદ તારીકીમાં નાખી દીધું છે.

૫. અગર ટીવી દેખવાથી ઈન્સાન મુખ્તલીફ અફરાદને દુનિયાના દુર દરાઝ ઈલાકાઓથી દેખી શકે છે પરંતુ સનઅતી વસાએલના ઝરીયે દેખવાથી કુવ્વતે બાસેરા અને સામેઆમાં વધારાના કોઈ માઅના નહા બનતુ.

૬. આ રીવાયતમાં ઝીક્ર થયેલી ખુસુસીયતથી મખસુસ છે કેમકે ઈમામે જાફર સાદિક઼ અ.સ. ફરમાવે છે:

"مدّ الله لشيعتنا" હાલાંકે ટીવીથી ફાયદો લઈને સિર્ફ શિયાઓથી મખસુસ નથી.

૭. ટીવી જોવાથી ના ફકત કુવ્વતે બાસેરા તાકતવર નથી હોતી પરંતુ દાનિશવરોના મુતાબિક ટીવી જોવુ આંખોને નુકસાન પહુંચાવે છે. તો માલુમ થયુ કે ટીવી જોવુ કુવ્વતે બાસેરામાં વધારાના બાએસ નથી.

૮. અગર રીવાયતથી ઈચ્છા ઝાહિરી વસાએલ હોય તો અમારા પાસે કઈ દલિલ છે કે એ વસીલા ટીવી જ છે કદાચ ટીવીની વિના કોઈ નવુ વસીલો હોય. તો જ્યારે આ એહતેમામ આપ્યુ હોય તો આપહઝરતની મુરદ ટીવીના વિના કોઈ બીજી વસ્તુ છે તો આપ કઈ દલિલના લીધે ઈમામ અ.સ. ના કલામને ટીવી પર હમ્લ કરી શકે છે?

૯. બહુ જ વધારે રીવાયતમાં આ બહેતરીન નુકતા મોજુદ છે કે આ મતલબની તસરીહ કરે છે કે દેખવા અને સાંભળવાની હિસ્સમાં જે તબ્દીલીઓ રુનુમા થશે એ ઝમાનએ ઝ઼હુર અને આપહઝરત અ.જ. ના કયામ પછી વાકેઅ થશે.

આ પરથી ટીવી, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ અને આવા જ બીજા વસાએલ વ આલાત કે જે આપહઝરતના ઝ઼હુરથી પહેલા હોય, એની પહેલા એ બધાની નફી હોય છે અને આ રીવાયતમાં આ બધુ શામિલ નથી.

ઈમામે જાફર સાદિક઼ અલયહિસ્સલામે ઈન્સાનના જિસ્મમાં રૂનુમા હોવાવાળી તબ્દીલીઓને હઝરત મહેદી અ.જ. ના ઝ઼હુર અને કયામ પછીથી મુકય્યદ કર્યું છે અને ફરમાવ્યું: "اِنّ قائمنا اذا قام---" જેમાં આ વિશેમાં તસરીહ થઈ છે કે ઈન્સાનમાં વાકેઅ થવાવાળી અઝીમ તબ્દીલીઓ ઈમામ અ.જ. ના કયામ પછી વાકેઅ થશે.

૧૦. બીજો બહેતરીન નુકતો એ છે કે હઝરત ઈમામે સાદિક઼ અ.સ. ફરમાવે છે: "مدّ الله لشيعتنا فى أسماعهم و أبصارهم---" ખુદાવંદે કરીમ આપણા શીયાઓની આંખો અને કાનોમાં કશિશ ઈજાદ કરશે જેનાથી એમના દેખવા અને સાંભળવાની કુદરતમાં વધારો થશે. અગર આપહઝરત અ.સ. ની તબ્દીલીથી મુરાદ ટીવી અને કોમ્પ્યુટર જેવા ઝાહેરી વસીલા છે તો આ રોશન વાત છે કે આનાથી લોકોની બસારત અને સમાઅતમાં કોઈ જાતની તબ્દીલી પૈદા નહી હોત અને એમની કુદરતમાં પણ કોઈ જાતનો વધારો જોવામાં આવયું નથી.

આ પરથી જેવું કે રીવાયતના મત્નથી વાઝેહ છે કે ઈમામે જાફર સાદિક઼ અ.સ. ના આ ફરમાન "مدّ الله لشيعتنا" થી મુરાદ ઈન્સાનના વજુદમાં તબ્દીલી છે ના કે એના વજુદથી બહાર કોઈ તબ્દીલીના જે ઝાહેરી અસબાબ વ વસાએલના ઝરીયા હોય.

૧૧. એક બીજી કાબિલે ગ઼ૌર નુકતા આ છે કે ઈમામે જાફર સાદિક઼ અ.સ. ફરમાવે છે: "مدّ الله---" એટલે આ તબ્દીલીને ખુદાથી નિસ્બત આપે છે અને એને ખુદાનો કામ સમજે છે. એટલે ઈમામ મહેદી અ.જ. ના કયામના પછી ખુદા લોકોમાં તબ્દીલી ઈજાદ ફરમાવશે જે એક ગ઼ૈર તબીઈ અને (ફીતરી) તબ્દીલીની દલીલ છે. ઈબારતથી વાઝેહ છે કે ટીવી યા બીજી વસ્તુની ઈજાદને ખુદાવંદે કરીમથી નિસ્બત નથી આપતા.

૧૨. હઝરત ઈમામ મહેદી અ.જ. પોતાની હુકુમત અને નિઝામે હુકુમતમાં ગ઼ૈર મામુલી માઅનવી કુવ્વત અને કુદરતથી ફાયદો લેશે. આવી રીતે એ દુનિયા અને દુનિયાવાળા ના તકામુલ માટે લોકોમાં તબ્દીલી ઈજાદ કરશે.

આ બયાન પરથી કેટલાક લોકોની આ વહેમ પણ વાઝેહ થઈ જાય છે છેવટે પોતાના અફકારની ઈસ્લાહ કરવી જોઈએ. આ નાની સોચ રાખવાવાળા ગુમાન કરતા કો એ પોતાની આ સોચથી દુનિયાના નેઝામ ચલાવી શકે છે.

૧૩. ઝમાનએ ઝ઼હુરની ખુસુસીયાતમાંથી એક ઝમાન વ મકાનની મહેદુદીયતના ખત્મ થઈ જવુ છે પરંતુ અફસોસ કે અત્યાર સુધી આવી બહેસોના વિશેમાં તહકીક વ જુસ્તજુ નથી કરી કે જે

અમારા મઆશરા માટે ઈન્તેહાઈ મુફીદ અને બરકતના બાએસ છે. ઝ઼હુરના ઝમાનાની બરકતોને મદ્દેનઝર રાખતા એને બરકતોના ઝમાના કહી શકાય છે.

મુમકીન છે કે ઝ઼હુરના ઝમાન વ મકાનના મસઅલા માં તબ્દીલીના વિશેમાં બહેસ આપણા માટે નહી હોય પરંતુ રીવાયાત અને ખાનદાને ઈસ્મત વ તહારત અ.સ. ના ફરામીનમાં જુસ્તજુ કરવાથી માલુમ થશે કે એમના વિશેમાં અબ્હાસ[68] મૌજુદ છે પરંતુ મઆશરાના આવા અહેમ મતાલીબથી આશના હોવુ આ વસ્તુની દલીલ નથી કે આ અબ્હાસ અહલેબૈત અ.સ. ની રીવાયત માં બાયાન થઈ નથી.

અમે જે અહીંયા રીવાયત નક્લ કરીએ એનો નાનકડો ઉદાહરણ હતો જેમાં ઈમામે જાફર સાદિક઼ અલયહિસ્સલામે ઝ઼હુરના ઝમાનામાં મકાનની મહેદુદીયત ખતમ થવાથી પરદો ઉઠાડયો અને એને એક યકીની મતલબના તોરપર બયાન કર્યું.

તુલે તારીખમાં અત્યાર સુધી ઈન્સાનના ઝમાન વ મકાનની કૈદથી મુકય્યદ હોવુ કોઈ આવા મસઅલા નથી કે જેના માટે તૌઝીહ

---

[68] બહેસ નુ બહુવચન

અને બહસની જરૂર હોય પરંતુ આ બધુ એના માટે વાઝેહ છે કે ઈન્સાન ઝમાન વ મકાનની કૈદમાં અસીર હતા અને અસીર છે. અત્યાર સુધી ઈન્સાનના આ કૈદથી નીકળવાની બહુ જ વધારે કોશિશો કરી પરંતુ આ મહેદુદીયત ફકત ઝ઼હુરના ઝમાનામાં જ ખત્મ થશે.

ઈમામે જાફર સાદિક઼ અલયહિસ્સલામે જે જુમલા ઈરશાદ ફરમાવ્યું: "لیریٰ اخاہ الذی فی المغرب---" આ મકાની મહેદુદીયત ના દુર હોવાની દલીલ છે કેમકે આ રીવાયતમાં હઝરત ઈમામ મહેદી અ.જ. ના ઝ઼હુરના ઝમાનાને આમ વિશેષતા કર્યું છે કે એ ઝમાનામાં યકીનન મોમીન દુનિયાના પુર્વથી પશ્ચિમમાં બેઠેલા ભાઈને દેખી શકશે.

આ નુકતા આ વસ્તુની દલીલ છે કે આ બંને અફરાદના દરમિયાન હજારો કિલોમીટરના તુલાની ફાસલા અને બંનેના એક બીજાથી દુર હોવુ આ વસ્તુની દલીલ નથી કે એ એક બીજાને નથી જોઈ શકતા, પરંતુ એમના દરમિયાન એટલા ફાસલાના બાવજુદ એ એક બીજાને દેખી શકશે.

આ ખુદ મકાનના મસઅલાને દુર હોવાની દલીલ છે કેમકે આટલી મુસાફત વ દુરીની બાવજુદ પણ એ આ એક જ જગ્યા એક

બીજાની સાથ હશે. શુ આ તમામ તરક્કી આ તબ્દીલીની વજહથી છે કે જે એક વસીલા વ આલાની ઈજાદથી ઈન્સાનની બસારતમાં વધારો કરશે?

ઈલ્મ વ દાનિશ હાસિલ કરવા માટે અકલી તકામુલ અને માદ્દહથી વધીને બીજી કુદરતને કસ્બ કરવાના બહુ જ અહેમ ઝરીયો છે.

મઝકુરહ તમામ અહેતેમાલાતના બાવજુદ મુમકીન છે કે ઝમાનએ ઝ઼હુરમાં પુર્વ વ પશ્ચિમથી એક બીજાને જોવુ કોઈક બીજી રીતે હશે કે જ્યાં સુધી આપણી ફિક્ર નથી પહોંચી શકતી.

## મૌજુદા સનઅત ઉપર એક નજર

આપણે ઝ઼હુરના બાબરકત અને દરખશાન ઝમાનામાં ઈલ્મ વ દાનિશની હૈરતઅંગઝ પિશરફ્ત અને ઈમામે ઝમાન અ.જ. ની આલમી હુકુમતમાં અક્લી તકામુલના જે મતાલીબ ઝીક્ર કર્યા એનાથી માલુમ થાય છે કે હાઝિરમાં સનઅતી ટેકનોલોજીના બહુ જ વસાએલ આ સમય બેકાર અને નાકાર થઈ જશે. અગર ઈન્સાન આનાથી ફાયદો લે છે, એની દલીલ એ સમયની અમલી વ ઈલ્મી

તરક્કી અને અક્લી તકામુલ છે. જેવી રીતે આજકાલ માણસોએ નવી અને તેજતરીન ગાડીઓના આવવાથી બગ્ધી તાંગા વગેરેને છોડી દીધુ છે. એ ઝમાનામાં પણ ઈન્સાન ઈલ્મ વ દાનિશમાં તરક્કી ની વજહથી મૌજુદા દૌરના નવા વસાએલને છોડીને ઈલ્મી વ અક્લી તકામુલના ઝમાનાના વસાએલથી ફાયદો લેશે.

શુ આ સહી છે કે બશરીયત ઈલ્મ અને ઝિંદગીની હર શોઅબામાં બેમિસાલ તરક્કી કરવાના બાવજુદ ભુતકાળના ઝમાનાના વસાએલથી ફાયદો લે?

શુ નવા વસાએલના હોવાની બાવજુદ થી ફાયદો લેવો પસમાંદગા અને ભુતકાળ ઝમાનાની તરફ જવુ શુમાર નહી થાય?

કોઈ શક વ તરદીદના વિના યકીની તોરપર કહી શકાય છે કે જેવી રીતે ઈન્સાન સુઈ અને ડોરાને છોદીને નવી સિલાઈ મશીનોથી ફાયદો હાસિલ કરે છે. જેવી રીતે તાંગા અને બગ્ધીને છોદીને નવા અને આરામવાળી ગાડીઓ પર સફર કરે છે આવી રીતે ઈન્સાન આજની ઈલ્મી વ સનઅતી તરક્કીથી દૌરે હાઝીરના નવા વસાએલ થી ફાયદો લઈ રહયો છે પરંતુ જ્યારે આ ઈલ્મી વ સનઅતી તકામુલની નવી હદ સુધી પહોંચી જાય તો પછી ઈન્સાન મૌજુદા દૌરના વસાએલને છોડીને એ દૌરના નવા વસાએલને

ઈસ્તેમાલ કરશે કે આજના દૌરના વસાએલની એમની સામે કોઈ અહેમીયત નહી રહે.

આ મતલબની વઝાહત માટે એક મિસાલ ઝિક્ર કરીએ છીએ:

અગર કોઈ સુરજથી તવાનાઈ હાસિલ કરીને ગાડી ચલાવી શકે તો શુ પેટ્રોલ યા ડીઝલ ઈસ્તેમાલ કરીને વાતાવરણ અને પર્યાવરણ ને ખરાબ કરવું સહી છે?

જેવી રીતે આપણે પહેલા પણ બયાન કર્યું હતુ કે એક ઝમાનામાં ના સિર્ફ ઈન્સાન ઈલ્મ વ સનઅત માં મૌજુદ માદ્દી વસાએલની બહેતરીન અને કામિલ તરીન અન્વાઅમાંથી ફાયદો લેશે બલ્કે માઅનવી ઉમુરમાં પીશરફ્ત અને મલકુત સુધી પહોંચવાથી બહુજ વધારે નાશેનાખ્તા કુવ્વતોને હાસિલ કરશે કે જેનાથી ફાયદો કરીને ઈન્સાન બહુ જ પીશરફ્ત અને નવા વસાએલ સુધી પહોંચી શકશે એનાથી ફાયદો લઈ શકાય છે.

આ પરથી અમે આ નુકતા બયાન કરીએ છીએ કે અમારા ઝમાનાના જદીદ અને નવા વસાએલ ઈલ્મ વ દાનિશના એ દરખ્શાં ઝમાનામાં છોડી દેવાશે.

આ વાઝેહ અને રોશન છે આ કામથી ભુતકાળ ઝમાનાની જેમ પાછળ જવુ લાઝીમ નથી આવતુ પરંતુ અક્લ વ ઈલ્મના તકામુલથી ઈન્સાન ઝમાનએ ઝ઼હુર અને ઈમામે ઝમાના અ.જ. ની ઈલાહી હુકુમતમાં ઈલ્મ વ સનઅતના તકામુલથી નવા વસાએલને ઈસ્તેમાલ કરશે. અગર ઈન્સાન એ ઝમાનામાં પણ મૌજુદા દૌરના આલાત વ વસાએલથી ફ઼ાયદો કરે તો આ આવી રીતે જ થશે જેમ આજે આપણે બર્ક રફ઼તાર અને નવી મોડેલની આરામદેહ ગાડીઓની બાવજુદ તાંગા અને બગ્ઘીથી ફ઼ાયદો લેશે.

ઝ઼હુરના પુરનુર ઝમાનાની તબ્દીલીઓ અને એ ઝમાનાની ઈલ્મી વ અક્લી તકામુલથી આગાહ લોકો માટે આ એક વાઝેહ હકીકત છે.

કેમકે એ જાણે છે કે જેવી રીતે ભુતકાળ ઝમાનાની બનિસ્બત ઈલ્મી તરક્કીઓ આખરી એક સદીના દૌર એ સનઅત અને ટેકનોલોજીમાં બહુ જ તબ્દીલીયો વજુદમાં લાવી છે આવી રીતે ઈમામ મહેદી અ.જ. ની ઈલાહી હુકુમતના દૌર એ ગ઼ૈરમામુલી ઈલ્મી તરક્કીથી બહુત જ હૈરાન કરવાવાળી તબ્દીલીઓ વજુદમાં આવશે કે મૌજુદાતરીન તરક્કી જેનો મુકાબલો કરવાની તાબ નથી રાખતી.

સુર્ય, નુર, રોશની અને એનર્જીના બહેતરીન મન્બઅ છે. ઈન્સાન ઈલ્મી તરક્કીના મોટા મોટા દાવાની બાવજુદ પણ અત્યાર સુધી સુર્યની એનર્જીથી મુકમ્મલ તોરપર ફાયદો નહી લઈ શકયા, જેવી રીતે ઈન્સાન પાણીને મુખ્તલીફ તરીકાથી ઝખીરા કરીને એને બરબાદ હોવાથી બચાવે છે. આવી રીતે સુર્યથી એનર્જી ઝખીરા[69] કરાને એને બહુ જ કામો માટે ઈસ્તેમાલ કરી શકાય છે.

અત્યાર સુધી ઈન્સાન પોતાના ઈલ્મના લીધે આગાહી હાસિલ કરી ચુકયો છે કે સુર્ય હયાતના માટે ઝરીયા છે. પરંતુ આ કે એનાથી ફાયદો લઈ શકાય છે? કેવી રીતે એના સુધી પહોંચી શકાય છે? કયા તરીકાથી તેલ, પેટ્રોલ અને ડ઼ીઝલના સિવાય સુર્યની એનર્જી અને તવાનાઈથી ફાયદો લઈ શકાય છે?

આ એક એવો મુદ્દો છે કે જેની પર અત્યારે પણ શકનો પડદો પડેલો છે. અત્યાર સુધી એનાથી બહુ જ કમ મવારેદમાં ફાયદો લીધેલો છે.

---

[69] સંગ્રહ

સુર્ય અને એની તવાનાઈના વિના ચાંદ પણ તવાનાઈનો મન્બઅ છે જેની તવાનાઈ જમીન પર બહુ જ ચિજોં પર અસર અંદાઝ થાય છે.

પરંતુ ઈન્સાન પોતાની ઈલ્મી તરક્કીની તમામતર દાવોના બાવજુદ ચાંદની તવાનાઈને સંગ્રહ કરી શકયો કે જેને એ પોતાના ઈખ્તેયારમાં કરાર આપીને એનાથી ફાયદો લઈ શકે.

ચાંદની રોશનીના જમીનના પાણી અને દરિયાન ઉતાર ચઢાવ ઈન્સાનના જિસ્મ અને નફસીયાત પર પ્રભાવ અને એવી રીતે એની બીજી ચિજો પર પ્રભાવ પાડવો એવા મતાલિબ છે કે જેના સુધી ઈન્સાનની તહેકીક પહોંચી શકી છે પરંતુ ચંદ્રની રોશનીને સંગ્રહ કરીને એનાથી જરૂરી મવારેદમાં ફાયદો કરવાના વિશેમાં કોઈ પીશરફ્ત જોવામાં આવી નથી.[70]

ચંદ્ર અને સુર્ય તો દરકિનાર સિતારાઓની રોશના અને આકાશગંગામાં પણ બહુ જ વધારે કુદરત છે. અત્યાર સુધી દુનિયાની ઈલ્મી તરક્કીના દાવેદાર એ રાઝથી પણ પડદો નથા

---

[70] ચંદ્ર ના નુર અને રોશની ના વિશે જાણવા માટે પુરાની કીતાબોંમાંથી મર્હુમ આયતુલ્લાહ શેખ આલી અકબર નહાવન્દિ ની કીતાબ ગુલઝ઼ારે અકબરી અને નવી કીતાબોંમાંથી લીયાલ વાટસન ની ફારસી જબાનમાં તરજુમો થયેલી કીતાબ "ફૌકે઼ તબિઅત" જોવો.

ઉઠાવી શકયા. એ એને સંગ્રહ કરીને એના ઈસ્તેમાલથી લાચાર અને અસહાય છે. ખુદાવંદે કરીમે અહલે જમીન માટે સુર્ય અને થોડા સિતારાને તુલુઅ કરવામાં આવી હૈરાન કરવાવાળી તાસીર કરાર આપી છે કે કેટલાક લોકોને એમાં યકીન નથી થતો કેમકે એમની ફીક્રી સત્હ અને યકીનની મંઝિલ થી મોટી છે.

અમે આ પરથી રાસ્તો બહુ મોટો કરી દીધો. જમીનથી ચંદ્ર અને સુર્ય પર જતા રહ્યા અને ત્યાંથી આકાશગંગાના સફર પર નીકળી ગયા. હવે આપણે પોતાના વતન એટલે જમીન પર પાછા આઈએ તો અત્યાર સુધી એના બહુ જ વધારે રાઝ બાકી છે જેને જાણવાથી આપણો ઈલ્મ લાચાર છે. તો ખિલ્કતે જમીનના રાઝથી પણ પડદો ઉઠવો બાકી છે.

જે દિવસે તમામ દુનિયા પર હઝરત ઈમામ મહેદા અ.જ. ની કામિલ હુકુમત હશે અને જ્યારે જમીન વ આકાશ અને સુર્ય અને ચંદ્રની ખિલ્કતના શાહીદ ઝાહીર થઈને એમના પર હુકુમત કરશે તો એ કાએનાતને પોતાના ઈલ્મથી મુનવ્વર ફરમાવશે અને મઆશરાથી જેહાલતની તારીકી દુર કરશે પછી ઈન્સાન પર ખિલ્કતે કાએનાતના રાઝો ખુલી જશે.

હા! જેવી રીતે કે એમણે વાયદો કર્યો છે કે એ દિવસે દરેક વસ્તુના ઈલ્મ હશે, જેહાલતના વાદળ દુર થશે અને કોઈ પોશીદા અને છુપાયેલા રાઝ બાકી નહીં રહે.[71]

હવે આપણે એ દિવસની યાદથી પોતાના દિલને ખુશ કરીએ કે જ્યારે રાઝે કાએનાતથી પરદો ઉઠી જશે અને કોઈ રાઝ છુપેલો નહી રહશે. એ બાબરકત, બાઅઝ઼મત, મુનવ્વર અને દરખ્શાં દિવસની આમદ માટે દર્દભરેલા દિલ અને આહોંની સાથે દુઆ કરીએ છીએ કે આપણા ટુટેલા દિલોમાં કોઈ અસર હોય.

## ઝમાનએ ઝ઼હુર અને મૌજુદા ઈજાદાતના અંજામ

આપણે બે જરૂરી અને બુનયાદી સબબ ઝીક્ર કરીએ છીએ:

૧. હઝરત ઈમામે મહેદી અ.જ. ના દુનિયાને હિદાયત આપવું.

---

[71] આ હઝરતે અમીરુલ મોમેનીન આલી અ.સ. ની રીવાયત તરફ ઈશારો છે: ما مِن علم الا وانا افتحه والقائم يختمه۔

૨. ઝમાનએ ઝ઼હુરે એ લોકોના ફિક્રી વ અક્લી રુશ્દ અને તકામુલ.

એમની બે વજહથી ઈન્સાન જલ્દીથી ઈલ્મ હાસિલ કરી શકશે જેનાથી અઝ઼ીમ સંસ્કૃતિ નસીબ થશે. હવે એ એક અને સવાલ પેશ કરીએ કે ઝ઼હુરના ઝમાનાની અજીબ ઈલ્મી તરક્કી અને તમદ્દુન નાં પછી મૌજુદા દૌરની ઈજાદાતનુ શું થશે? શું આ ખત્મ થઈ જશે?

શુ આ ઝમાનાના લોકો એનાથી ફાયદો લેશે? અને શું......

મુમકીન છે કે આ અને આવા કેતલા સવાલ કેટલાક લોકોના ઝ઼હનમાં પૈદા થાય તો આના સંતોષજનક જવાબ આવું જરૂરી છે. અમે આ સવાલનો વિગતવાર જવાબ આપવા માટે મૌજુદા દૌરની ઈજાદાતને કેટલીક જાતમાં તકસીમ કરે છે તાકે ભણવાવાળા માટે બહેતરીન જવાબ આપી શકાય.

## નુકસાનદેહ ઈજાદાતની નાબુદી

મૌજુદા ઈજાદાતમાંથી આવા વસાએલ પણ છે કે જે ઈન્સાનની તબાહી વ બરબાદીના સબબ છે જેમાં જંગ અને કત્લ વ લુટફાટમાં જ કામમાં લાવવામાં આવે છે જેમ એટમ બમ વગેરે.

આ વાઝેહ છે કે આવી ઈજાદાતએ કલ્ચરને તબાહી વ બરબાદી અને ખુનરીઝીના સિવાય કંઈ નથી આપ્યું. ઝુલ્મ વ સીતમ અને ફસાદાતની વગર એમનો કોઈ બીજો ફાયદો નથી અને આવી ઈજાદાત ઈમામ મહેદી અ.જ. ના અદ્લ અને ન્યાય વ કરીમાના અને સંસાર ની હુકુમતથી સાઝગાર નથી.

આવા વસાએલની નાબુદી જ માં સમાજની ભલાઈ છે. ઈન્સાન અને બીજી મખલુકાતની મુક્તિ માટે આવા ખરાબ કરવાવાળા વસાએલની નાબુદી જરૂરી છે. આ ફકત ઈમામ મહેદી અ.જ. ની ન્યાયનિષ્ઠ હુકુમતમાં જ નથી પરંતુ તારીખમાં કેતલાક વખત ઈન્સાનિયતથી મોહબ્બત કરવાવાળા બાદશાહોને પણ આવા વસાએલ બનાનવવાની સખ્તીથી વિરોધ કર્યું. હાલાંકે એમની હુકુમતને આની વધારે જરૂર હતી જેમણે બરબાદીના આવા ઝરીયા બનાવવાની મુખાલેફત કરી એમાંથી એક “લુઈ પાંઝદહુમ” છે. આ વા બાદશાહોમાંથી છે જેનો ઈલ્મ વ હિકમતથી કરીબી સંબંધ હતો.

એ ફિલોસોફત ને દરેક મુમકિન સહુલત આપી હતી અને દાનિશવરો (ઓલમા) માટે બહુ જ વધારે એહતેરામ કરતા હતા. આની હુકુમતમાં એક માહિર કિમિયો હતો કે જેનો નામ "દોબરહ" હતો એણે એક એવા આતિશગીર માદ્દહ શોધ્યો હતો કે જેને કોઈ તોડ નહોતો શકતો અને ના તો એનાથી બચવુ મુમકીન હતો. હત્તા કે એનાથી લગાવેલી આગ ને પાણીથી પણ ઓલવુ મુમકીન નહોતી.

"દોબરહ" ને બાદશાહ ની સામે એની આ ઈજાદ પેશ કરી અને એનો તજરૂબો કર્યો. બાદશાહ હૈરાન થઈ ગયો જ્યારે એને જોયો કે આ માદ્દો કેટલાક શહેરો ને કબ્રસ્તાન બનાવી શકે છે, મોટી મોટી ફોજ ને મારી શકે છે પછી બાદશાહે એને નષ્ટ કરવાનું હુક્મ આપયો અને એનો ફારમુલો પર છુપાવી દીધો એજ જમાનામાં એ બાદશાહ અંગ્રેજો સાથે જંગ કરી રહ્યો હતો એને દુશ્મનની સમન્દરી ફૌજ ઉપર હમલો કરવા માટે આવી જ હથીયાર ની જરૂરત હતી પણ એને ઈન્સાનીયત ને મુક્તિ આપવા માટે આમાં જ સલાહ જાણી કે આવો હથિયાર હમેશા હમેશાના માટે ખત્મ થઈ જાએ.

## ઈલ્મ દુનિયાનો નેતૃત્વ નથી કરી શકતો

અગરચે સત્તર અને અઢારની સદી માં હાસિલ થયેલી ઈલ્મી તરક્કીથી કેટલાક દાનિશવર આ સોચી રહ્યા હતા કે એક દિવસ એવો આવશે કે જ્યારે ઈલ્મ દુનિયાનું નેતૃત્વ કરશે અને ઈલ્મથી ફાયદો હાસિલ કરીને બનાવેલા કાનુનના સાયામાં દુનિયાને રંજ અને દુ:ખ થી મુક્ત કરી દેશે પણ જમાનાનો ગુઝરતો ગયો અને એ વાત સાબિત થઈ કે એ લોકોએ જે સોચ્યું હતું એનો ઉલ્ટો છે કેમકે ઈલ્મી તરક્કી ના ફકત દુનિયાને બેઈન્સાફી અને દર્દો થી મુક્ત નથી કરી શકતી બલ્કે ઈલ્મે સમાજની મુશ્કીલાત અને રંજોમાં પણ ઈઝાફો કરી દીધુ છે.

તારીખ આ હકીકતની ગવાહ છે કે અત્યાર સુધીની ઈલ્મી તરક્કીથી લાખો લોકો બેસરો સામાનીના આલમમાં પડ્યા છે. આ બધુ ફકત આ વજહથી છે કે ઈલ્મે તરક્કી કરી છે એનાથી ઈન્સાનની ઈન્સાનિયતમાં તકવીયત આઈ નથી હાલાંકે ઝિંદગીના તમામ પહેલુઓમાં તરક્કી થવી જોઈએ ના કે કોઈ એક પહેલુમાં ઈલ્મ એવી સુરતમાં સમાજમાં તકામુલની તરફ લઈ જઈ શકે છે કે જ્યારે એ અક્લ વ ઈન્સાનિયતની સાથે તરક્કી કરે પરંતુ અગર

ઈલ્મ એના વગર તરક્કી કરે તો એ બશરીય્યતની તબાહી વ બરબાદીનુ સબબ બને છે.

گزیده تر برد کالا          چو دزدی با چراغ آید

પદ્ધતિ નુ નિર્માણ સહી તકામુલની બેના ઉપર કરાર આપવામાં આવ્યુ છે એટલે જે દિવસે તમામ મખલુકાર, ઉગવાવાળી વસ્તુઓ, હૈવાનાત અને ઈન્સાન ખલ્ક થયા એ જ દિવસથી એમના તકામુલના સફરનો આગાઝ થઈ જાય છે. અગર એ પોતાની આ હાલત પર બાકી રહે તો જે ખિલ્કતના પહેલા દિવસ હતી તે પછી દુનિયાનો શુ હાલ થશે?

આ પરથી એના મતલબનાં મકામુલ, ઝિંદગીની યકીની શરતોમાંથી છે. આમાં એક અહેમ નુકતો (મુદ્દો) એ છે કે જિસ્માની તકામુલ, રુહાની અને ફિક્રી તકામુલની સાથે હોવું જોઈએ.

એટલે જેવી રીતે બચ્ચા જિસ્માની એઅતેબાર થી વધે છે એવી રીતે એમને ફિક્ર વ રુહાની એઅતેબારથી પણ બધવુ જોઈએ. અગર બચ્ચા જિસ્માની તોરપર તો વધે પરંતુ ફિક્રી અને રુહાની તોરપર ના વધે તો એના બચપનના અફકારમાં કોઈ તબ્દીલી પૈદા ન થાય તો સમાજ કયા હાલ સુધી પહોંચી જશે?

તો ઈન્સાનનુ જિસ્મી તકામુલ એમના ફિક્રી તકામુલ અને અક્લી રુશ્દની સાથે હોવુ જોઈએ અને આ બંને ઝિંદગીની તમામ શોઅબામાં બરકરાર રહેવુ જોઈએ વરના જો ઈન્સાન એક એઅતેબારથી તકામુલની મંઝિલ સુધી પહોંચી ચુક્યો હોય અને બીજી બહુ જ નીચેની તરફ જઈ રહ્યો હોય યા આવી રીતે જ થોભી જાય તો એ સમાજથી બરાબરી ખત્મ થઈ જશે કે જે સમાજની તબાહીનો સબબ બનશે.

આ પરથી જેવી રીતે સમાજ ઈલ્મ વ સનઅતની રાહમાં કોશિશ કરે છે અને ઈલ્મ વ સનઅતના તકામુલ અને માદ્દી ઉમુરની પિશરફ્ત માં આસમાનની બુલંદીઓને છુઈ રહયો છે ત્યાં એને માઅનવી અને રુહાની મસાએલમાં પણ તકામુલની તરફ ગામઝન રહેવુ જોઈએ વરના રુહાની અને માઅનવી મસાએલમાં તવજ્જો કર્યા વગર ઈલ્મી વ સનઅતી તરક્કી ખતરનાક અને તારીક ભવિષ્યના અલાવા કંઈ નથી આપતી.

અગર ઈન્સાની સમાજ અને દુનિયાની તરક્કી ને ચાહવાવાળા જયાં દુનિયાને તરક્કી વ તકામુલની તરફ લઈ જવાની કોશિશ કરી રહયા છે ત્યાં એમને ફિક્રી વ માઅનવી અને રુહાની તકામુલની પણ કોશિશ કરવી જોઈએ ના કે ફકત કેટલીક

માદ્દી આલાત વ વસાએલ બનાવવામાં જ મગન રહે. સૌથી પહેલા ઈન્સાનના વજુદમાં શખ્સીયત, અફકાર અને નઝરીયાતના એઅતેબારથી બદલાવ અને તકામુલ ઈજાદ હોવી જોઈએ તાકે સનઅત વ કલ્ચર માં વાકેઈ તરક્કી વજુદમાં આવે વરના કોઈ એક શોઅબામાં તરક્કી દુનિયાને નાબુદીને વિના કંઈ નથી આપી શકતી.

## દુનિયાનું ભવિષ્ય અને વિશ્વસનીય જંગ

ભુતકાળ અને ભવિષ્યમાં દુનિયાની મશહુર તરીન શખ્સીયાત દુનિયાની નાબુદી અને તબાહી વ બરબાદી થી ડરી ગઈ થી અને અત્યારે પણ છે, કેમકે એ જાણે છે કે એમને જ દુનિયાને આ મોડ પર લાવીને ઉભા કર્યું છે, આવા જ અફરાદમાંથી એક “અઈન સ્ટાઈન” પણ છે.

“રસેલ” કહે છે કે એટમ બમ અને એનાથી વધીને હાઈડ્રોજન બમથી ઈન્સાની સમાજની તબાહીના ખૌફમાં પણ વધારો થયો છે. અકસર ઈલ્મી તરક્કી ઈન્સાને મોતના મોંમાં ધકેલવાનો સબબ

બની છે છેવટે એમાં કેટલાક ઝબરદસ્ત શખ્સીયાત અને સાહેબે નઝર હઝરાત કે જેમાંથી એક “આઈન સ્ટાઈન” છે.[72]

“દકંટ દોનોઈ” કહે છે: આજે દુનિયા એટમી કુદરતના નતીજામાં મુકમ્મલ તોરપર તબાહીના કિનારે આવી ગઈ છે. દુનિયા અત્યારે મુતવજ્જેહ થઈ છે કે એમની નિજાતના એકલા રાસ્તા ઈન્સાન ના બરતાવ છે. ઈન્સાની તારીખમાં પહેલી વાર ઈન્સાન પોતાના હોશ વ હવાસથી કર્યા કામ પર પણ શરમિંદા છે.[73]

હા! હવે કેતલાક યુરોપી સિયાસતદાન ઈન્સાન અને દુનિયાના ભવિષ્યના વિશેમાં ફિક્રમંદ છે એમણે માલુમ નથી કે આ હથિયારોને ઈસ્તેમાલ કરવાથી શુ દુનિયા આખી રીતે તબાહ થશે યા નહી?

દુનિયાના ભવિષ્યના ખતરા અને વિશ્વસ્નિય જંગ ના બહાના બનવાવાળા અસબાબમાં એક થોડાક મુલ્કોના બીજા મુલ્કોને નવી જંગી હથિયાર વેચવાનુ છે. સિયાસતદાન વધાવે દોલત કમાવવા અને બીજા મુલ્કોમાં ઘુસવા માટે આવા કામ અંજામ આપે છે. બીજા

[72] આયતુલ કુરસી, પયામે આસમાની તૌહીદ, પેજ નં ૨૧૩

[73] આયતુલ કુરસી, પયામે આસમાની તૌહીદ, પેજ નં ૨૧૩

મુલ્કોને જંગા સામાનની વેચાણ મોટા મુલ્કોની આમદની નો અહેમ ઝરીયો બની ચુક્યો છે. એટલે જ દરરોજ બજારમાં નવા નવા હથિયારો જોવા મળે છે. દરરોજ એકથી વધીને એક હથિયાર બનાવવામાં આવે છે. હવે આપ આ રિપોર્ટ ને જુઓ:

બીજી વિશ્વસ્નિય જંગના દરમિયાન જાપાનના બે શહર "હિરોશીમા અને નાકાસાકી" પર એટમ બમ પાડયા તેનાથી બહુ જ વધારે તબાહી થઈ જો કે નાઈટ્રોજન બમ, એટમ બમની નિસ્બત સુઈની નોક (અણી) ની બરાબર પણ તબાહી નથી ફેલાવતા. આના ફાટવાની તાકત પણ બહુ જ ઓછી હોય છે કેમકે એની અસ્સી ટકાની (૮૦%) તાકત નાઈટ્રોજન ની જેમમાં નીકળે છે. આ કિરણો જે જંગી મૈદાન યા ઈલાકા પર પડે તો આ તે તમામ મૌજુદાત અને ખર્દબીનથી દેખવામાં આવતી મૌજુદાત વ મખ્લુકાતને નષ્ટ કરી દે છે.

"સામુઇલ કુવીન" પોતાના ઈજાદની ખુબીઓ અને ખામીઓ બયાન કરે છે:

નાઈટ્રોજન બમમાં બે મોટી ખામીઓ છે, એક એ કે આ બમ શહેરો અને ઈમારતોને નુકસાન નથી પહોંચાડતો, મુમકીન છે કે દુશ્મન એનાપર કબ્જો કરી લે યા આ કે એને તબાહ કરવા માટે

એટમ બમનો ઈસ્તેમાલ કરે. આ બમની બીજી ખામી આ છે કે આ બમ પોતાના થોડ અમલથી બધી મૌજુદાત અને ખુર્દબીનથી દેખવામાં આવતી મૌજુદાત અને મખલુકાતને નાબુદ કરી દે છે અને બહુ મોટા શહેરને એક સેકન્ડના કરોડ઼ો હિસ્સાથી પહેલા ખામોશ કબ્રસ્તાનમાં તબ્દીલ કરી દે છે, જેમાં તમામ મખલુકાત ફ઼ના થઈ જાય છે પરંતુ મારા ખયાલમાં નાઈટ્રોજન બમ, એટમ બમની બનિસ્બત થોડુક બાઅખલાક છે કેમકે એટમ બમ એટમથી બનાવવામાં આવે છે અને આ બમ હ઼જારો લાખો મુર્દાઓના સાથે સાથે બહુ જ લોકોને અંધા, બહેરા અને લાચાર કરી દે છે છેવટે નાઈટ્રોજન બમ પોતાની એટલી તાકતની બાવજુદ કોઈને બાકી નથી છોડતો.[74]

નાઈટ્રોજન બમ બહુ જ ચાજોની હિકાયર કરે છે જેમકે ઈન્સાનને કત્લ કરવું અરઝીશોમાં[75] શુમાર થાય છે. અગર કોઈ આવો બમ બને જેનાથી દુનિયામાં કોઈ ઈન્સાન પણ બાકી ના રહે તો આ બહુ જ બાઅખલાક બમ હશે.

---

[74] કેયહાન અખબાર, ૫ શહરિવર, ૧૩૬૦ હિજરી શમસી, પેજ નં ૫

[75] અરઝીશ, કિંમત, મુલ્ય, કદર

હા! જે ઈન્સાન ખુદાથી દુર થઈ ગયો છે અને જેને અખ્લાકી મુલ્યોને છોડી દીધુ એને અંજામ આવી જ રીતે હશે.[76]

"બરતરંદ રસેલ" એ ઈલ્મના વિશેમાં આ સખ્ત, તીખી અને માયુસ બયાન આપતા કહ્યું:

કદાચ આપણે એવા ઝમાનામાં ઝિંદગી ગુજારી રહ્યા છે કે જે તમામ ઇન્સાનના ફના હોવાના ઝમાના છે. અગર આવુ થીય તો એનો ગુનો ઈલ્મ પર હશે.[77]

૧૯૬૦ ના દહાઈમાં નૌજવાન અને બાખુલુસ ભણ્યા ગણ્યા અને યુનિવર્સિટી ના નૌજવાનમાં ઈલ્મ સાથે દુશ્મની રવાજ પાઈ કેમકે ઈન્સાનના આ તમામ મસાએબ વ મસાએલે ઈલ્મ વ ફુનુનની તરક્કીથી વજુદમાં આવી છે.[78]

મગરીબી કલ્ચરે જેવી રીતે ઈલ્મને ગ઼ૈરઈન્સાની અને પસ્ત મનાફેઅથી આલુદા કર્યું એવી જ રીતે એમણે ડેમોક્રેસીને પણ પોતાની મુરાદ અને મકસદના હુસુલના ઝરીયા બનાવેલુ છે.

---

[76] સીમાએ ઈન્સાને કામિલ અઝ દીદગાહે મકાતેબ, પેજ નં ૪૬૫

[77] કીતાબે ઈલ્મ, કુદરત, ખુશુનત, પેજ નં ૮૭

[78] રવાન શનાસી ઝ઼મીરે નાખુદ આગાહ, પેજ નં ૭૩

હવે એ સમય આવી ગયુ છે કે જ્યારે આ કલ્ચરની તકદીર એની પૈદાઈશ, એના ઈસ્તેમાલના વિશે વિચારે અને ઈન્સાનની બેબસી, બદનસીબી, બેએઅતેદાલી અને ખુદબેગાનગીના અસબાબને પહેચાને અને એનો હલ શોધવાની કોશિશ કરે જોકે ઈલ્મને છોડીને વહમની બેનાપર નથી પરંતુ અક્લમંદીથી એમના માટે હલ લાવે અને એક બીજી દુનિયા અને નવા ઈન્સાન બનાવે.[79]

૧૯૪૫ ના પછીથી દુનિયા તબાહી, બરબાદી અને મૌતના મોંમાં ઉભી છે. કેતલીક વાર તો એને અંજામ સુધી વાત પહોંચી ગઈ. ફોજ અને હથિયારોના લીધે હમેશા બધા જાનવરોના સર ઉપર મૌતનો સાયો મંડરાવે છે. ફોજ અને હથિયારોની દોડમાં હર કોઈ બીજાથી આગળ નીકળવાની કોશિશમાં લાગેલા છે. આ મુકાબલાથી જમીન અને એના કલ્ચરની બરબાદીના સામાન તૈયાર કરવામાં આવી રહ્યા છે. જે ફોજ અને સિયાસતવાળાના કુદરતથી કેટલાક વર્ષ પહેલા સુધી મુકાબીલને એટમ બમથી ડરાવતા અને ધમકાવતા હતા એમાંથી દાનિશવરોની એટમી હથિયારોના ખિલાફ આવાજ ઉઠાવી તો એને બનાવવા અને ઈજાદ કરવામાં "અલ્બર્ટ આઈન સ્ટાઈન" અને "લઉસઝીલાર્દ" ના મુખ્ય કિરદાર હતા.

---

[79] રવાન શનાસી ઝ઼મીરે નાખુદ આગાહ, પેજ નં ૮૯

૧૯૬૨ માં એટમી કુદરતના માહીરો તબીઈય્યાતને એટમી તજરુબાતના વિશેમાં ખબરદાર કર્યું અને એલાન કર્યું કે એટમી તજરુબાતની વજહથી એક વર્ષમાં બે લાખ લાચાર અને પૈદાઈશી કમી ની સાથે બચ્ચા પૈદા થયા છે. એટમી ધમાકાની વજહથી વજુદમાં આવવાવાળા "સીઝયોમ ૧૩૭" ડાયરેકટ ગર્ભ પર અસરઅંદાઝ થાય છે જેનાથી બચ્ચા લાચાર પૈદા થાય છે, જેમની છ આંગળીઓ હોય છે યા એ બદશક્લ અને લંગડા પૈદા થાય છે.

ઝ઼ાન રોસ્તાન, ડોકટર દલોની અને જીવનશેનાસીમાં ઈનામ પવાવાળા અમેરિકી પ્રોફેસર મુલરને નિયમ અનુસાર પોતાની પરેશાનીના ઘોષણા કરતા ખરબદાર કર્યું કે એટમી ધમાકાને વારંવાર તકરાર કરવાથી ઝિંદગીને બહુ જ સંગીન મુશ્કીલો પૈદા થઈ શકે છે. આના પછી દુનિયાના બેશુમાર દાનિશવરે એમની સાથે થઈ ગયા.

૧૯૬૨ માં દુનિયામાં જીવનશેનાસીના સેકડો મશહુર જાણકાર અને કુશળ ને એક જલ્સાના ઈન્એકાદ કર્યું જેનો ઉનવાન હતો "અમે બધા એટમી તજરુબાતી મરી જશે અગર...."

આ જલ્સામાં ફ્રાન્સના મશહુર જાણકાર તબીઈય્યાત "ઝ઼ન રોસ્તાન" એ પોતાના ખયાલાતના ઈઝહાર કરતા આ ખબરદાર

કર્યું: રેડીયો એક્ટિવના મવાદથી જાનદારોના માથાપર હમેશા મોતની તલવાર લટકી રહી છે જે નાબુદીના સમાચાર છે. આના નતીજા આ હશે કે ભવિષ્ય માં આવાવાળી નસ્લ અંધી, બહેરી, ગુંગી, લાચાર અને પાગલ પૈદા થશે.[૮૦]

દુનિયામાં એટમી ધમાકાઓથી અને એટમી જંગના પછી વજુદમાં આવવાળી નસ્લ હાથની હથેળીથી વધારે મોટી નહી હોય.

## એટમના અલાવા બીજી મન્ફી અને હાનિકારક ઈજાદાત

બીજો મસ્અલો એ છે કે ના ફકત એટમી સનઅતો બલ્કે કીમીયાઈ સનઅત પણ મોતના આ મુકાબલામાં બરાબર શરીક છે. જેવી રીતે અમેરિકી દાનિશવરોની આ વાતની તાકીદ આ છે કે સિર્ફ એક્સ નામી કિરણો એટમની કિરણોંથી વીસગણી વધારે નુકસાનવાળી દવાઓ કે જેને આપણે બહુ આસાનીથી મેડિકલ સ્ટોરથી ખરીદીએ છીએ એ આપણને ખતરાઓમાં નથી મુકતી? આ કિરણોંમાં જે પણ મિઝાન હોય છેવટે આ વાત સાબિત છે કે એ

---

[૮૦] તારિખે નાશનાખતાએ બશર, પેજ નં ૧૬૯

નસ્લ અને નુત્ફા પર અસર અંદાઝ હોય છે. આસાન અલ્ફાઝમાં આમ કહું તો અગર કોઈએ એક વાર જ રેડિયોગ્રામી કરાવી તો એને આ જાણી લેવુ જોઈએ કે એની અફઝાઈશે નસ્લ અને જિનસી કુવ્વત પર જરૂર અસર અંદાઝ થાય છે. ટીવી અને રેડિયોલોજીની મશીનમાં આ કિરણો હોય છે અગર આ મુખ્તસર મુદ્દતમાં આના પ્રભાવ ઝાહિર ના થાય પરંતુ કેટલાક વર્ષો યા ભવિષ્ય સદીમાં એમના હાનિકારક ગુણ ઝાહિર થઈ જશે.

"ડોકટર રોબર્ટ વિલ્સન" અમેરિકાની એટમી એનર્જી કમિશનના મેમ્બરમાંથી એક છે એમણે કીધું કે ટીવી ઈસ્ક્રીનટી નીકળવાવાળી અકસર હાનિકારક કિરણો એટમી તજરુબાતની વજહથી વધારે વિખરેલી હોય છે. કદાચ આ જ વજહ છે કે એટમી કારખાનાઓના ઝાએદ અને ફાઝિલ મવાદને કોઈ રીતે પણ ખત્મ નથી કરી શકતા તો પણ એને જમીનની ઊંડાઈમાં દફ્ન કરવાથી પણ ખત્મ કરવુ મુમકીન નથી.[81]

હવે આપણે પોતાના જવાબની વધારે વઝાહત માટે મૌજુદા ઈજાદાતને ત્રણ અકસામમાં તકસીમ કરીએ છીએ:

---

[81] તારિખે નાશનાખતાએ બશર, પેજ નં ૧૭૧

૧. હાનિકારક, મન્ફી અને તબાહી વ બરબાદીના સબબ બનવાવાળી ઈજાદાત.

૨. મન્ફી (ખોટી) પ્રભાવ ન રાખવાવાળી ઈજાદાત પરંતુ એમને ઈસ્તેમાલ કરવાનો સમય ગુજરી ચુકયો છે.

૩. જે ઈજાદાત મન્ફી અને હાનિકારક પ્રભાવો નથી રાખતી પરંતુ સમાજ હાલમાં પણ એનાથી ફાયદો લઈ રહયો ચે.

## પહેલી કિસ્મની ઈજાદાત

આ વાઝેહ છે કે હઝરત મહેદી અ.જ. ની વિશ્વસનીય હુકુમત અને ન્યાયાધિષ્ઠ વ્યવસ્થામાં ના સિર્ફ હાનિકારક, મન્ફી અને તમામ જંગી આલાત બલ્કે ફસાદ, તબાહી અને ઈન્સાનના જિસ્મ વ જાનની બરબાદીના સબબ બનવાવાળા દર્ક જગ્યાના વસાએલ પણ નિસ્તો નાબુદ અને ખત્મ થઈ જશે. આ પરથી ભુતકાળના આ નતીજા નીકળે છે કે હઝરત મહેદી અ.જ. ની આદેલાના હુકુમતમાં ફકત તબાહીના સબબ બનવાના જંગી આલાતને નહી પણ સમાજ માટે હાનિકારક, મન્ફી, બુરા અને ઈન્સાનને નાબુદ કરવાવાળા તમામ આલાતને ખત્મ કરી દેવાશે.

આપહઝરત એ આલાત વ વસાએલને નાબુદ કરીને ઈન્સાનીયતને એમણે મન્ફી અસરાતથી નિજાત અપાવશે. તો હઝરત ઈમામે મહેદી અ.જ. ની બરબાદીના સબબ બનવાવાળા દરેક ઈજાદને નાબુદ અને ખત્મ કરી દેવાશે.

## બીજી કિસ્મની ઈજાદાત

મૌજુદા ઈજાદાતમાંથી બીજા કિસ્મની ઈજાદાત આવી છે કે જે મન્ફી અસરાત તો નહી રાખતી પરંતુ ઝમાનએ ઝ઼હુરમાં એનાથી ફાયદો લેવાનો સમય નીકળી જવાશે જેમ તિબ્બી આલાત અને કેટલાક જંગી સામાન કે જેનાથી આદેલાના જેહાદમાં ફાયદો લઈ શકાય છે. આવા વસાએલ પણ ખત્મ થઈ જશે કેમકે સમાજને એની જરૂરત નથી રહે કેમકે જ્યારે સમાજના બધા લોકો સેહતમંદ અને જિસ્માની વ રુહાની લિહાઝથી સાલેમ હોય તો પછી તબાહ વ બરબાદ કરવાવાળી કોઈ જંગી સામાન અને એની જેમ તિબ્બી અને વૈધ આલાતની જરૂરત નહી રહે, કેમકે આ ફાયદો કરવામાં ઉચિત નહી હોય. તો જ્યારે કોઈ બિમારી મૌજુદ ના હોય તો પછી તિબ્બી

અને હકીમી આલાત ની પણ જરૂરત નહા રહે તો એમને પણ ખત્મ કરી દેવાશે.

## જંગી આલાતથી બેનીયાઝી

હંમેશથી જંગ અને ખુનરીઝીના મુખ્તલીફ સબબ હોય છે જેના લીધે કોમ બીજી કોમ પર હુમલા કરીને એક બીજાના ખુન બહાવે છે. કત્લ વ ગ઼ારત ના બેબુનિયાદા અસબાબ હોય છે કે જેના લીધે તુલે તારીખમાં ઝમીનના લોકોને લોહીથી રંગીન કર્યું:

૧. કમજોરી અને કમબુદી

૨. હિર્ષ અને લાલચ

તારીખના પન્નાઓ પર બારીક નિગાહ કરવાથી માલુમ થશે કે તારીખની અહેમ જંગોથી અસબાબ મઝકુરા બંને મવારીદ છે કેમકે લીલી જમીન, પાણીથી લબરેઝ નહેરો, તેલ અને ગેસના ખજાના અને એવી જે રીતે સોના અને બીજી ધાતના ખજાના સુધી પહોંચવા માટે ઝાલિમ હુકુમત બીજા મુલ્કો ઉપર હમલો કરી દે છે તાકે એ નેઅમતો પર કબજો કરી શકે.

તારીખમાં બહુ જ જંગોના બીજા સબબ ઝાલિમ હુકુમતોના પોતાના બસાએલમાં વધારો કરવાની ખ્વાહિશ છે એટલે જંગની આગ ભડકાઈને અને બે કોમો અને મિલ્લતોને આપસમાં લડાવવાવાળા મુલ્કોની પાસે ના તો કોઈ વસ્તુની કમી હોય છે અને ના તો એમને કોઈ આર્થિક સમસ્યા દરપેશ હોય છે બલ્કે તમામ વસાએલ અને સહુલત હોવાની બાવજુદ એમાં વધારાની લાલચમાં બીજાના માલ ઉપર નજરો જમાઈ છે આ પોતાના મુલ્કોને વધારે તરક્કી આપવા અને એની સરહદોને ફેલાવવા માટે બીજા મુલ્કો ઉપર હમલો કરી દે છે.

અગર તારીખની લાંબી જંગો અને લશ્કરકશી પર નિગાહ નાખીએ તો વાઝેહ થઈ જશે કે અકસર જંગોના સબબ માલ વ દોલત અને વધારે માલની લાલચ હતી. જેમકે આપણે ઝિક્ર કર્યું કે મઝકુરહ બંને મવારીદના વિના તારીખમાં થવાવાળા જંગો, કત્લ વ ગ઼ારત અને ખુનરીઝીના બીજા સબબ પણ છે કે જેની વજહથી જંગના શોલા ભળકાવ્યા અને જમીન પર બેગુનાહ લોકોના ખુન વહાવ્યા. મઝકુરા બંને મવારીદ પર ગ઼ૌર કરે, કમજોરી અને કમબુદી અને આવી જ રીતે હિર્ષ વ લાલચ આ બંને બાહરી અસબાબ હતા. બહુ વધારે જંગોની બુનિયાદ બીરુની (બાહરી) અસબાબ નહા પરંતુ હાકીમના અંદરુની અસબાબ હોય છે, અંદરુની

અસબાબમાંથી એક અહેમ સબબ નફસીયાતી ગાંઠો છે જેના લીધે બહુ વાર અલગ ઈલાકાઓમાં જંગો છેડી ગઈ અને તારીખના ઔરાકમાં માસુમ લોકોને લોહીથી રંગીન કર્યું.

ઈન્સાનના અક્લી તકામુલથી આવા મસાએલથી રેહાઈ યકીની છે. જંગના અંદરુની વ બીરુની અસબાબ નાબુદ થઈ જશે. પછી આખી દુનિયામાં અમ્ન, સુલ્હ અને પ્યાર વ મોહબ્બતની ફિઝા હાકિમ હશે છેવટે એ સમયે એટમી અને ગ઼ૈર એટમી બમ ધમાકાઓની શું જરૂર હશે?!

## ત્રીજી કિસ્મની ઈજાદાત

ઈજાદાતની આ કિસ્મ ગ઼ૈબતના ઝમાનામાં લોકોના ઈસ્તેમાલમાં છે જેનો કોઈ મન્ફી (નેગેટીવ) પહેલુ નથી. હવે આવા આલાતના ભવિષ્ય શુ હશે?

આવી ઈજાદાત મોટી તેઅદાદમાં છે તો એના વિશે માં કહીશુ:

ઈલ્મ વ દાનિશની તરક્કી, અક્લી તકામુલ, અક્લની કુદરતમાં વધારો અને ફિક્રી કુવ્વતના તકામુલથી અહેમ પિશરફતા અને નવા વસાએલના ઈજાદ થવુ વાઝેહ વાત છે જેના હોવા છતાં પાછળ અને કદીમ વસાએલની જરૂરત ખતમ થઈ જશે. આ મતલબની વઝાહત કરી દે છે કે આ મૌજુદા ઝમાનામાં જે વસાએલના ફાયદો લેવામાં આવે છે અગર એમને એક સદી પહેલાના વસાએલ અને આલાતથી બરાબરી કરે કે જેમાં એ ઝમાનામાં ફાયદો લેવામાં આવતો હતો એટલે શું રસ્સી અને બાલ્ટીના પાણી ના પમ્પથી મુકબલો કરી શકાય છે?

શુ કુંવા અને નહેરના પાણી નીકાળવાવાળા નવી મોટરના હોવા છતાં રસ્સી અને બાલ્ટીથી ફાયદો લઈને કોઈ સંભાવના બાકી રહી જાય છે?

છેવટે અત્યારે પણ દુનિયાના મહેરુમ અને ગુરબતની ચક્કીમાં પીસેલા બહુ ઈલાકાઓના લોકો રસ્સી અને બાલટી જ ફાયદો કરે છે. આ કલ્ચરર મુલ્કોની કમજોરી છે કે જેના વજહથી આ સનઅત દુનિયાના દરેક જગ્યામાં ફરાહમ નથી કરી શકાતી પરંતુ ઝ઼હુરના બાબરકત અને નેઅમતોથી સરશાર ઝમાનામાં આવું નહી હોય.

આપણે ઈમામ ઝમનાએ અ.જ. ની વિશ્વસ્નિય હુકુમતની ખાસિયતમાં બયાન કર્યું કે હુકુમતની ખાસિયતોમાંથી એક આ છે કે આપહઝરત ની હુકુમત આદિલ હુકુમત હશે. જેનો એ મતલબ છે કે એ દિવસે દુનિયાના તમામ લોકોને તમામ સહુલીયત મળશે.

## પશ્ચિમનો પ્રચાર

પશ્ચિમ ખુદ નુમાઈ અને દુનિયાના લોકોને પોતાના ફરેફતા બનાવવા માટે અલગ ઉલુમના વિશેમાં પ્રચાર કરી રહયા છે એમનો એક નમુના નફસીયાત છે. દુનિયાના મોટા મુલ્કોમાં નફસીયાતી મસાએલને એ હદ સુધી બયાન કરી શકાય છે જેનાથી એ ખયાલ કરતા કલ જેમણે આટલી તરક્કી કરી છે અને આ કદર નવા નુકાત હાસિલ કર્યા છે કે એ નફસીયાતશેનાસી થી વધીને વધારે નફસીયાતશેનાસીના[82] દાવો કરી શકે છે?

હા! મૌજુદ દુનિયા આવી જ છે કે જે મકામે વિલાયત અને નિઝામે કાએનાતના સરપરસ્તથી મોં ફેરવીને પોતાની ઈજાદાત

---

[82] Psychology

અને હાસિલ શુદા માલુમાતની બેનાપર આ ગુમાન કરે છે એમને રાહ મળી ગઈ છે.

દુનિયાના તાકતવર લોકો ના સિર્ફ અત્યારે બલ્કે ભુતકાળમાંથી પોતાની કોમ અને મિલ્લતને નાના પ્રચારના ઝરીયે ફરેબ આપતા રહે છે. એમણે ચાલબાજી અને ધોખાથી લોકોને મશગુલ કર્યું અને પોતાની ગંદી રચનાઓથી પાક ફિક્ર રખવાવાળા લોકોને ગુમરાહ કર્યું. એમણે ઈન્સાનોને પોતાની પાક નેચરથી નિજાત હાસિલ કરવા માટે પણ ના છોડયુ. એમણે વધારે પ્રચારથી દુનિયાના લોકોની ફિકરોને તબ્દીલ કર્યા છતાં એ પોતાની ગ઼લતીઓથી આગાહ હતા. ભતકાળ થી હાલ સુધી તારીખ આવા કેટલાક વાકેઆતથી ભરેલી છે કે ઝમાનએ ગ઼ૈબતના બુઝુર્ગતરીન દાનિશવર કેટલીક ઈલ્મી ગ઼લતીઓમાં હતા. ઓરસેતુ અને એના પહેલાથી અને પછી આજ સુધી વધારે દાનિશવરોના તારીખના સફહાતમાં ના ભુલવાવાળી ગ઼લતીઓ લખેલી છે.

## કેવા આદમીની પૈરવી કરીએ?

શું ઈન્સાન આવા દાનિશવરોની પૈરવી કરી શકે છે કે જે ખયાનતકાર હોય અને જે દુનિયાના સિતમગરો અને ઝાલિમોના ખિદમતગાર હોય?

શું પશ્ચિમના પ્રચારથી ધોખો ખાઈને એમની મશીની ઝિંદગી ઉપર આશિક઼ હોવુ સહી છે?

કદીમુલ અય્યામથી દુનિયાના જાબીરો, ઝાલિમો અને સિતમગરોના ખુદાના પયગંબરોની મુખાલેફત કરી અને લોકોને એમની પૈરવીથી મના કર્યું. રસુલે અકરમ સ.અ.વ. ના ઝમાનાએ રેસાલત અને ખાનદાને અહલેબૈત અ.સ. ના ઝમાનએ ઈમામત માં કાએનાત અને તારીખના દુષ્ટતરીન ગેરુહ ખાનદાને નબુવ્વત અ.સ. ની મુખાલેફત માટે ઉઠયુ જેને લોકો ખાનદાને ઈસ્મત અ.સ. થી દુર કર્યું અને લોકોને રસુલે અકરમ અ.સ.વ. ના ફરમુદાત લખવાથી મના કરીને બાબે ઈલ્મને બંધ કરવાથી જાહીલીયતના ઝમાનાને એદામા આપ્યું.

એમણે લોકોને ઈલ્મે નબુવ્વતના ચશ્માથી સેરાબ ના હોવા દીધુ અને આ વસ્તુની પણ ઈજાઝત ના આપી કે દુનિયામાં ઈલ્મ

વ દાનિશ ફેલાવે પરંતુ તોપણ આ બુઝુર્ગ હસ્તીઓએ ઈલ્મ વ દાનિશના રાઝ પોતાના ખાસ અસહાબને તાલીમ ફરમાવ્યા.

શું ઈન્સાનને કોઈ એવા રહેબરની પૈરવી કરવી જોઈએ કે જેની સામે કાએનાતના બધા રાઝ આશકાર હોય અને જેને દુનિયાની બધી મૌજુદાતના ઈલ્મ હોય યા એવા દાનિશવરની પૈરવી કરવી જોઈએ કે જે ખુદ પોતાના જહેલ વ લાચારીના એઅતેરાફ કરે અને પોતાના ઈલ્મને પોતાના નામાલુમના સામે બહુ જ કમ સમજે? મિસાલ ના તોર પર "ઈસ્હાક઼ ન્યુટન" કે જેને દુનિયાના મોટા દાનિશવરોમાં શુમાર કરવામાં આવે છે, એ આ વિશેમાં કહે છે:

મને નથી ખબર કે દુનિયાની નજરોમાં શુ છું? પરંતુ જ્યારે મે આંખોથી ખુદને જોઉ તો મેં એક બચ્ચાની જેમ છું કે જે સાહિલે સમન્દર પર ખેલકુદમાં મશગ઼ુલ હોય અને ખુબસુરત નાના નાના પથ્થરોને બીજા સંગરેઝા અને સદફ ને બીજા ગૌહરથી જુદા કરવામાં મસરુફ હોય પરંતુ હકીકતના ઊકયાનુસમાં દરેક જગ્યાએ બેઈન્તેહાઈ વ તુગ઼યાની છે.[83]

---

[83] કીતાબે ફિક્ર, નઝ઼્મ, અમલ, પેજ નં ૯૩

આ એઅતેરાફ એક હકીકત છે જે ના સિર્ફ "ન્યુટન" પરંતુ આવા દરેક લોકો પર સાદિક આવે છે. જો કે બહુ જ વધારે અફરાદ બહુ સઈ વ કોશિશ અને જુસ્તજુથી ખુબસુરત અને નાયાબ સદફના હુસુલમાં કામિયાબ થયા છે પરંતુ અમારો સવાલ આ છે કે:

શુ ઈન્સાનને ખેલકુદમાં મસરુફ બચ્ચાની પૈરવી કરવી જોઈએ યા કોઈ આવુ તલાશ કરવુ જોઈએ કે જે દુનિયાની ખિલકતના રાઝ જાણતા હોય? આ વાઝેહ ચીજોમાં છે કે રસ્તાથી ભટકી જવુ ગુમરાહીનો સબબ બને છે અને ગુમરાહીના નતીજા તબાહી અને બરબાદી છે.

## અરસ્તુ, કુપરનેક અને બતલીમુસની ખતાઓ

હવે આપણે ઈલ્મમાં દાખલ થવાવાળા ખતાઓ પેશ કરીએ છીએ:

અરસ્તુનો નઝરીયો હતો કે સુર્ય મુકમ્મલ દાયરાની સુરતમાં જમીનની આજુબાજુ પરિક્રમણ કરે છે. કુપરનેક નો ખયાલ હતો કે જમીન એક મુકમ્મલ મદરની સુરતમાં સુર્યની પરિક્રમણ કરે છે. એ બંનેમાં પ્રતિકુળતા છે કે આ નહી થઈ શકતુ કે બંનેના નઝરીયાત

ઠીક હોય પછી માલુમ થયુ કે બંનેના નઝરીયાત ગ઼લત હતુ કેમકે જમીનના મદાર ગોળ નહી પરંતુ બૈઝ઼વી[84] છે.[85]

હવે આ હકીકત જાણવુ જરૂરી છે કે “અરસ્તુ” મશહુર મશ્શાઈ હકીમ અને એના પાંચ સદીઓ પછી આવવાવાળા “બતલીમુસ” એ ત્રણ સો વર્ષ પહેલા મસીહ પંદરહ સદીઓ પછી સુધી કુલ અઢાર સો વર્ષ ઈલ્મ વ નુજુમ ને પાછળ ઢકેલી દીધુ. અરસ્તુએ બશરીયતને અઢાર સદીઓ અજ્ઞાનના અંધારામાં રાખેલા ઈન્સાન ખુદને તો આ ઝુલ્મતથા નિજાત ના આપી શકે તો આ કહી શકાય કે બશરની ઈલ્મી તરક્કી અરસ્તુની વજહથી અઢાર સદીઓ રુકી રહી.

ઉલુમ ઝંજીરની કડીયોની જેમ છે જેમની એક કડી બીજાથી મળેલી હોય છે. એક ઈલ્મ બીજા ઈલ્મની પૈદાઈશના સબબ હોય છે. જમીન અને બીજા ગ્રહના સુર્યના પરિક્રમણ કરવામાં ઈન્સાનની જહલના લીધે અઢાર સદીઓ સુધી ઈલ્મના દરવાજા બંધ થઈ ગયા જેનો સબબ અરસ્તુ હતો આ સમય અરસ્તુ લોકોમાં એ હદ સુધી મકબુલ થઈ ચુકતો હતો કે કોઈ એના નઝરીયાને રદ નથી

---

[84] ઈંડા ની જેમ

[85] ઈલ્મે નાબેખેરદી, પેજ નં ૧૦૩

કરતા હતા. કોઈ એનો બાતિલ થવાનો સાબિત નથી કરી શકતા હતા. અકવામે આલમના ઝહનમાં બે ચાજએ અરસ્તુના નઝરીયાને તાકવીયત આપી. એક આ કે અરસેતુના પાંચ સદીઓ પછી આવ્વાવાળા મિસ્રના મશહુર જીયોગ્રાફીદાન બતલીમુસને પણ એના નઝરીયાની તાકીદ કરી અને સિતારાની હરકત માટે એક રાય કાયમ કરી કે ગ્રહ કેટલા ચીજોને પરિક્રમણ કરે છે કે જે ખુદ પણ હરકત કરે છે અને એ ચીજો જમીનના પરિક્રમણ[86] બે તરહથા સાબિર કર્યું અને કહ્યુ કે કેટલીક વસ્તુઓ ની પરિક્રમણ કરે છે જે જમીનના અતરાફમાં છે. અરસ્તુના નઝરીયાને તકવીયત આપવાનો બીજો સબબ એ હતો કે યુરોપના મસીહી કલીસા, અરસ્તુ ના નઝરીયાતને સહી તસ્લીમ કરતા હતા અને એમણે કહ્યું કે એમાં કોઈ શક નથી કે જમીનની પરિક્રમણના વિશે અરસ્તુએ જે કંઈ કહ્યુ એ બધુ સાચુ છે કેમકે અગર કાએનાતના મરકઝ એટલે જમીન સાકિન ના હોત તો ખુદાના બેટા (હઝરત ઈસા અ.સ.) એમાં હરગીઝ ઝ઼હુર ના કરતા.[87]

---

[86] ચક્કર લગાવે છે.

[87] મગઝ઼ે મુતફક્કિરે જહાને તશય્યોઅ, પેજ નં 303

## પોઝીદુનીયુસની ગલતી

પોઝીદુનીયુસ એક ફલ્સફી હતો જે સો વર્ષ પહેલા મસીહ (ક્રિશ્ચન) માં પશ્ચિમી ઈસ્પૈનમાં એક ગેરુહની રહેબરી કરતો હતો. એ આ જોવા માંગતો હતો કે ગ઼ુરુબના[88] સમયે જ્યારે પણ સુર્ય સમંદરમાં આથમે છે તો એમાં "ફીશ" ની અવાજ પૈદા થાય છે.

## ઉરશમીદસની ગલતી

ઉરશમીદસનો કહેવુ હતુ કે દસને ત્રેસઠવાર ગુણીએ તો દુનિયામાં મૌજુદ ઝર્રાતની[89] સંખ્યા હાસિલ થઈ જશે. ઝર્રાતના વિશે ઉરશમીદસનો નઝરીયો હતો કે અણુ, માદ્દાના સૌથી નાનો હિસ્સો છે કે જે બો હિસ્સામાં તકસીમના કાબિલમાં નથી એટલે એ એને "જુઝએ લા યતજઝ઼્ઝી"[90] કહેતાં હતા.[91]

---

[88] સુર્ય કે ચંદ્રનું અસ્ત પામવું

[89] ઝર્રહ, અણુ, કણ

[90] એવો જુઝ જેનો બે ભાહ (અને અલગ) ના કરી શકાય.

[91] મગઝ઼ે મુતફક્કિરે જહાને તશય્યોઅ, પેજ નં ૩૬૭

## એડીંગટોન ની ગલતી

આ ઈંગ્લેન્ડના મશહુર માહિર તબ્ઈયાત હતો જે ૧૯૪૪ માં ફોત થયા. એણે ભુતકાળની સદીથી આગાઝ અને પોતાની જવાનીના આલમમાં કહ્યુ હતુ કે ૮૦ વાર ૮૦ અદદને પણ આને ગુણવાથી દુનિયામાં મોજુદ એટમની તેદાદ હાસિલ થઈ જશે. જે દિવસે એણે ગણિતના આવા ફોર્મુલાની મદદથી દુનિયામાં મોજુદ એટમની તાદાદનો હિસાબ લગાવી યા એ સમય મુનજ્જમીન[92] નો અકીદો હતો કે કહેકશાન[93] ની સંખ્યા તકરીબન એક મિલીયનના કરીબ છે.[94]

## આઈન સ્ટાઈનની ખતા

એના નજરીયો હતો કે દુનિયામાં કોઈ ચીજની તેઝી. નુરથી વધારે નહી હોઈ શકતી એટલે કાએનાતમાં સૌથી તેઝ ચીજ નુર છે. હવે આ સાબિત થયુ છે કે એક એવી વસ્તુ પણ મોજુદ છે કે જેનું

---

[92] ઈલ્મે નુજુમ, તારાશિનાસ, Astrology

[93] આકાશગંગા, તારાઓનું સમુહ

[94] મગઝ઼ે મુતફક્કિરે જહાને તશય્યોઅ, પેજ નં ૩૬૭

નામ "તાખનુન" છે અને જેની સ્પીડ નુરથી પણ વધારે છે. અગર "આઈન સ્ટાઈન" ના નઝરીયા સાચુ હોય છે તો ઈન્સાનને ભવિષ્યમાં બહુ જ ખલાઈ (Space) ના સફરથી નાઉમ્મીદ હોવુ પડશે.

આના આલાવા રીવાયાત અને ખાનદાને નબુવ્વત અ.સ. ના ફરમુદાતના મુતાબિક મલાએકા જેવા જીબરઈલ, અર્શ અને આકાશગંગાથી આગળ જમીન સુધી એક લમ્હાથી પણ કમ મુદ્દતમાં સૈર કરે છે. આઈન સ્ટાઈન અને એના જેવા બીજા અફરાદ અહલેબૈત અ.સ. એ ઈલ્મી મઆરેફથી દુરીના લીધે એ હકાએકથી આગાહ નથી.

"ઝોમર ફીલ્ડ" એ થ્રીયરી બનાવી કે આવા ઝર્રાત પણ મોજુદ છે કે જેની સુરઅત નુરથા પણ વધારે છે કે જેમાં આ ખુસુસીયત છે કે એમની એનર્જી જેટલી કમ થઈ જાય છે, એની સુરઅત અને તેજી માં એટલો જ વધારો થતો જાય છે. આઈન સ્ટાઈનની થ્રીયરી "ઝોમર ફીલ્ડ" ના આવા હૈરાનકુન, હાયપોથેસીસના બરખીલાફ હતી. હૈરત વાળી વાત અને ઈસ્બાત નો હોવાવાળી થ્રીયરી અગર એકવાર ઈલ્મી મૈદાનમાં આવી જાય તો એ પોતાની આકર્ષણ નથી ખોતા પરંતુ કેટલાક ઝમાનો તવ્વજો નો મરકઝ રહે છે. મોજુદા

સદીના આગાઝમાં "ઝોમર ફીલ્ડ" ના જે દિવસથી પોતાની થ઼ીયરી આપી, એ દિવસથી અત્યાર સુધી ફીઝ઼ીક્સના પ્રોફેસરોએ નુરથી પણ તેઝ ઝર્રાતના વિશે તહેકીક અને કોશિશ શુરૂ કરી દીધી પરંતુ ૧૯૬૭ મસીહી માં આખારકાર અમેરીકાની કોલમ્બિયા યુનિવર્સિટી ના ફીઝ઼ીક્સના પ્રોફેસર "જરાલ્ડ ફેનબર્ગ" એ એક રીસાલાના ઝરીયે નુરથી પણ વધારે તેજ હરકત કરવા વાળા ઝર્રાતના વિશેમાં બહેસના નવા બાબ ખોલ્યું. જરાલ્ડ ફેનબર્ગ એ આ ઝર્રાત માટે એક નામના પણ ઈન્તેખાબ કર્યું અને એ એને "તાખનુન" (Tachionen) નુ નામ આપ્યું.

આ યુનાની જબાનના લફ્ઝ તાખીસ (TACHYS) થી લયેલું છે કે જેનો મતલબ તેઝ અને જલ્દી છે. એકવાર પછી ફીઝીક્સના માહેરીન એ અવાજ ઉઠાડી કે અઈન સ્ટાઈનની થીયરીની બુનીયાદ પર કોઈ વસ્તુ નુરથી વધારે તેઝ હરકત નથી કરી શકતી પરંતુ ફીઝીક્સમાં એતમના વિશે તહેકીક કરવાવાળા થોડાક માહીર હવે આ નતીજા પર પહોંચ્યા છે કે નુરથી પણ વધારે તેઝ ઝર્રાત મોજુદ છે પરંતુ આઈન સ્ટાઈન ના કેટલાક તરફદારોએ એમની તૌજીહાત ઉપર વિરોધ કર્યો છે.

## આઈન સ્ટાઈનની બીજી ખતા

આઈન સ્ટાઈનના નજરીયા પ્રમાણે દુનિયા એટલી મોટી છે કે એની જાડાઈ ત્રણ અરબ નુરી સાલોંમાં પણ તય નથી કરી શકતા પરંતુ ૧૯૬૩ ઈસવીમાં "કોઆઝ઼ર" શોધુ ગયું કે જેને જોઈને માહેરીને એસ્ટ્રોનોમી[95] ડગમગાવી ગયા. જ્યારે ટેલિસ્કપથી એક "કોઆઝ઼ર" ને જોયું તો એમણે બ.ને હાથથી પોતાના માથા પકડી લીધા કે ક્યાંક એમના ભેજા એમના માથાથી અલગ ના થઈ જાય અને એ પાગલ ના થ જાય. એ "કોઆઝ઼ર" ના જમીનથી દુર વ અરબ વર્ષથી વધારે નથી. સ્પેસના વુસઅતથી હિસાબ લગાવ્વા માટે આ ફિક્ર કરવુ કાફી છે કે નુર દરેક વર્ષ ૯૫૦૦ અરબ કિલોમીટર તય કરે છે અને ૯૫૦૦ કિલોમીટરને ૯ અરબ વર્ષથી ગુણો કરીએ તો માલુમ થઈ શકે કે "કોઆઝ઼ર" અને જમીનના દરમિયાન કેટલો ફાશલો હતો. આ દુરીને તો છોડો કે જેના તજસ્સુમ પર અક્લ કાદીર નથી જેને **Astrologist** (સિતારા શનાસ) અને એમની અક્લને હલાઈને રાખ્યુ છે. એ નથી સમજી શકતા કે

---

[95] Astronomy

"કોઆઝ઼ર" માં કેવી એનર્જી મૌજુદ છે કે જેનાથી આવા નુર વજુદમાં આવે છે.[96]

આ મતલબ પર ગૌર કરવાથી રોશન થાય છે કે જમીનની જાડાઈના વિશે આઈન સ્ટાઈનના નજરીયો ગલત હતો. હવે જ્યારે આઈન સ્ટાઈનના વિશે વાત થઈ રહી છે તો આ કહેવુ મુનાસિબ છે કે એક જર્મન યહુદી હતો જેને પોતાની મિલ્લતની સાથે એવી ખયાનત કરી કે જેની કોઈ મિસાલ નહી મળતી. એણે અમેરિકાને પેશકશ કરી કે એ એટમ બમ બનાવ્વામાં જર્મનીથી પહેલ કરે.

૧૯૩૨માં હિટલર (Hitler) ને હુકુમત વ કુદરત મળી એ સમયે આઈન સ્ટાઈન અમેરિકામાં હતો અને એણે એલાન કર્યું કે એ જર્મની વાપસ નથી જવા માંગતો છેવટે જર્મન ફ઼ોજીઓએ એના ઘરને તોડી નાખ્યો અને એના બેંક એકાઈન્ટ બંધ કરી દીધો. બર્લિન ના એક અખબારમાં આ મકાલો લખ્યો હતો જેમાં હતુ કે:

"એક ખુશખબર! આઈન સ્ટાઈન વાપસ નહી આવે."

આઈન સ્ટાઈનએ આ ખોફથા કે કયાંક જર્મન સાંઈન્ટીસ્ટ એટમ બમ ના બનાવી લે છેવટે એણે અમેરિકાને પેશકશ કરી કે એ

---

[96] મગ઼ઝે મુતફક્કિરે જહાને તશય્યોઅ, પેજ નં ૩૬૨

એટમ બમ બનાવ્વામાં જર્મનીથી પહેલ કરી લે જોકે પહેલા બમ ધમાકાથી એ લોકોને બમના ખતરાથી આગાહ કરતો હતો. એણે અકવામે મુત્તહેદાથી દરખાસ્ત કરા હતી કે એ એટમી હથિયારો પર કાબુ પાવવાની કોશિશ કરે.[97]

કદાચ એ પોતાના મુલ્ક અને મિલ્લતથી કરેલી ખયાનતના લીધે પોતાની ઝિંદગા પર પશેમાન અને શરમિંદો હતો. "આપેન હાઈમર" આઈન સ્ટાઈનના કરીબી દોસ્તોમાંથી હતો. યુનિસ્કોની તરફથી આઈન સ્ટાઈનની દસવીં બરસીણી મુનાસિબતથી થયેલા જલ્સામાં "અપેન હાઈમરે" કહ્યું:

"આઈન સ્ટાઈન પોતાની ઝિંદગીના આખરી દીવસોમાં માયુસ અને જંગોથી પરેશાન હતો અને એણે કહ્યું હતું કે અગર મને બીજીવાર ઝિંદગી મળે તો હું એક મામુલી ઈલેકટ્રીક મિકેનીક બનવાને તરજીહ આપીશ."[98]

બીજા કોલના મુતાબિક એ એક મોચી હોવાને તરજીહ આપતો. લોકો જાપાનના શહેર હિરોશીમા માં થયેલા જાપાનીઝના

---

[97] માહનામા ઈત્તેલાઆતે ઈલ્મી સાલ ૧૯, શુમારા ૩, દી માહ ૧૩૮૩ શમસી

[98] મુકદ્દેમા રવાન શિનાસીએ ઝ઼મીરે નાખુદ આગાહ, ૭૮, ઈલ્મ વ તરકીબ થી નક્લ, પેજ નં ૨૯

કત્લને ભુલી નથી શકતા. આ એ પણ જાણે છે કે આમાં એક માહિર ફિઝિક્સદાન નો ફોર્મુલો નું કામ હતું એમના માટે આ અહેમ નહોતુ કે આ ખબર સાંભળવાના પછી એ ફિઝિક્સદાન એ આઠ દિવસ સુધી ખુદને કમરામાં પોતાને બંધ કરી લીધુ હતુ અને રડતો હતો અને આ વિચારતો કે એ બીજીવાર જન્મ લે તો આ થીયરી અને ફોર્મુલા નહી બનાવું અને એક મોચીને તરજીહ આપીશ.

## આઈન સ્ટાઈનની એક બીજી ઘટના

કોલમ્બીયાની યુનિવર્સીટીના ફિઝીક્સના બે પ્રોફેસરોએ "રોઝ઼ વેલ્ટ" ને ખત લખ્યું જેના ખુલસામાં આ હતું:

એક આવી વસ્તુ મૌજુદ છે કે જેનુ નામ એટમી કુદરત છે, જર્મન સાઈન્ટીસ્ટ પણ આના પર કામ કરે છે આ એક તાકતવર હથિયાર છે. સદર (અધ્યક્ષ) ને આ વિશેમાં વિચારવુ જોઈએ કે આ વિશે શું કરવું જોઈએ?

ફિઝીક્સના એ બંને પ્રોફેસરોને માલુમ હતુ કે મુલ્કનો અઘેયક્ષ એટમી તાકતના વિશે કંઈ નથી જાણતો પરંતુ ત્યાં કોઈ પણ મૌજુદ હતુ કે જે એટમી કુદરતથી સારીરીતે જાણતો હતો અને

અધ્યક્ષ પણ એની વાત માનતો હતો. "રોઝ઼ વેલ્ટ" પહેલા એની તલાશમાં ગયા. આઈન સ્ટાઈન માટે આ બહુ જ દુઃખની વાત હતી કે એક મુદ્દત સુધી સુલ્હના તરફદાર હોવાના બાવજુદ એવો કામ કરવા માટે દસ્તખત કરે પરંતુ આને આ કામ કર્યું અને જ્યાં સુધી ઝિન્દા રહ્યો આ બાબત પર પરેશાન રહ્યો કે એને ફકત એક બટન દબાઈ દીધું.[99]

આઈન સ્ટાઈનના એઅતેરાફ અને એનો પોતાનો ભુતકાળ પર શરમિન્દા હોવાથી આ વાત વાઝેહ છે કે અગર દુનિયાના એક બહેતરીન અને મશહુર દાનિશવર હતો પરંતુ એ ઈલ્મની રાહમાં પોતાના મુલ્કથી કરેલી ખયાનત થી પણ આગાહ હતો.

## ઈલ્મ વ દાનિશ વેપારીઓ ના ઉપકરણ[100]

શકના વિના ઈલ્મ વ દાનિશ એક એવા ચિરાગ છે જેનો નુર ઈન્સાન ઉપર પડે તાકે આ એમના માટે રાસ્તો રોશન કરી શકે ના કે આ દુનિયાના ઝાલિમો અને સિતમગરો માટે વસીલા બને અને

---

[99] આઈન સ્ટાઈન, પેજ નં ૨૫

[100] ઓજાર, વસીલો, હથિયાર, શસ્ત્ર

કોઈ ગેરુહ એના ઝરીયે ખયાનત કરે પરંતુ અફસોસથા કહેવું પડે છે કે તારીખ આ વસ્તુની ગવાહ છે કે અલગ શોઅબામાં ઈલ્મ વ હિકમતથી ગલત ફાયદો લીધો અને એને બુરા મકસદ માટે ઈસ્તેમાલ કર્યું.

દાનિશવર અને દાનિશવરોની જેમ લાગવાવાળા લોકોને જાણતા અને નજાણતા લીધે ઈલ્મથી ગલત ફાયદો લીધો યા જહેલના અંધારાને લોકોના સામે નુરથી પહેચનવાયો. એ કામથી લોકોના ઈલ્મ વ દાનિશથી નાઉમ્મીદ હોવુ વાઝેહ હતુ. એમણે આ યકીન કરી લીધુ કે દાનિશવર દુનિયામાં આઈડાયલ હુકુમત કાયમ નથી કરી શકતા અને એવી રીતે મદીનએ ફાઝ઼ેલામાં[101] ફેરફાર નથી કરી શકતા.

## ઈલ્મની મહેદુદીય્યત

લોકોના ઈલ્મથી નાઉમ્મીદ હોવાનો બીજો સબબ ઈલ્મની મહેદુદીય્યત છે.

---

[101] આઈડીયલ શહેર

આ વિશેમાં ખુદવંદ ઈરશાદ ફરમાવે છે:

"وَمَا اُوتِيتُم مِنَ العِلمِ اِلاَّ قَلِيلاً۔"[١٠٢]

જ્યાં સુધી ઈન્સાનના દિમાગ મુકમ્મલ તોરપર કામ ના કરે અને ઝહીનતરીન લોકો પણ દિમાગ ના કેટલાક હિસ્સાથી ફાયદો કરે તો ઈન્સાન કેવી રીતે દુનિયાના રાઝને સમજી શકે છે? અહલેબૈત અ.સ. ના ફરમુદાતમાં આ હકીકતની તસરીહ થઈ છે પરંતુ યુરોપ હવે કયાંક જઈને આનાથી આગાહ થયો છે. જ્યાં સુધી ઝમાનએ ગ઼ૈબત જારી હોય અને બશર અક્લી તકામુલ સુધી ના પહોંચે અને દિમાગ મુકમ્મલ તોરપર કામ ના કરે ત્યારે ઈલ્મની મહેદ્દીય્યતના જવાબ આપી શકે છે? આ કેવી રીતે અંધારી દુનિયાને નગરમાં તબ્દીલ કરી શકે છે?

અગર ઈલ્મ મુશ્કીલાત અને મજહુલ મતાલિબના જવાબ આપવાથી જ કાસિર હોય તો પછી સમાજમાં બહુ જ સવાલ વિના જવાબ બાકી રહી જશે પરંતુ લોકો આ મતલબને જાણી ગયા છે કે ઈલ્મ મુશ્કીલાતનો હલ નથી. બહુ જ દાનિશવરોએ આ હકીકતના

---

[102] સુરએ ઈસરા, આયત નં ૮૫

એઅતેરાફ કર્યું છે. અમે અહીંયા આમાંથી કેટલીક એકના અકવાલ નક્લ કરીએ છીએ:

૧. ઈલ્મની હદ માલુમ છે. આ અમે ચાજોની કૈફીયત ના વિશે નથી બતાવી શકતો. ઈલ્મ આપણાથી કહે છે કે જમીન કેવી રીતે સુર્યની પરિક્રમણ કરે છે ઈન્સાન કેવી રીતે પૈદા થાય છે અને મરે છે આ "કેમ" નો જવાબ નથી આપી શકતા.[103]

## ઈલ્મ દુનિયાની મુશ્કિલોને હલ નથી કરી શકતો

૨. અલગ કાનુનોને હાસિલ કરવા માટે આલમે માદ્દહ માં હાકિમ મીકયાસ અને પૈમાના (જેવી રીતે સેકેંડ, સેંન્ટી મીટર, ગ્રામ વગેરે) હકીકતે રુહ, જાઝ઼ેબા, નફ્સ, રુહ, અક્લ અને એની જેમ બીજા અસબાબને સમજવા માટે ઈસ્તેમાલ નથી કરી શકતા. આ પરથી માહેરીને તબ્ઈયાતના નઝદીક કુવ્વતે જાઝ઼ેબાની હકીકત નામાલુમ છે. આવી રીતે ઈલેકટ્રીસીટા, ચુંબક યા કુદરત (ચાહે એ એટમ હોય યા હરકતની યા ઈલેકટ્રીક) ની હકીકત પણ નામાલુમ

[103] ઈલ્મે શીબહા ઈલ્મ વ ઈલ્મે દરોગ઼ીન, પેજ નં ૪૫

છે. ફિઝિક્સના માહેરીન એઅતેરાફ કરે છે કે એ હરગીઝ ગૈર માદ્દી વસ્તુની હકીકતને સમજવાથી આજીઝ છે હત્તા કે એ હકીકત માદ્દહને ના સમજવાના પણ એઅતેરાફ કરે છે કેમકે માદ્દહની અસ્લ એટમની તરફ છે અને એટમ પ્રટોન, નયુટ્રોન અને એક બીજી કુવ્વતના મજમુઆના નામ છે કે નવો ઈલ્મ હંમેશા આના પહેચાનથી આજીઝ રહયો છે.[104]

૩. ઈલ્મે તબઈયાત અત્યાર સુધા આ સવાલનો જવાબ નથી આપી શકયા કે આમારા ચિરાગના નુર જે એનર્જી છે એ કેવી રીતે માદ્દહમાં બદલી જાય છે? અગર ફિઝીક્સએ ઈલ્મને એ સવાલના જવાબ મળી જાય તો એક જ વારમાં કેટલાક વર્ષોના ઈલ્મી સફર તૈ થઈ શકે કેમકે ફિઝીક્સમાં ભેદોમાંથી મોટો રાઝ આ જ વસ્તુ છે. ખિલ્કતના મોટા રાઝ પણ આ સવાલના જવાબમાં મન્ફી છે કે કુદરત ની જેમ માદ્દહમાં બદલી થઈ શકે છે. માદ્દહની કુદરતમાં તબ્દીલ થવુ આપણી નજરમાં આમ છે. આપણે દિવસ વ રાત, કારખાના, જહાજ, કશ્તીઓ, ગાડીઓ, ઘરો હત્તા કે પોતાના બદનમાં પણ માદ્દહને કુદરતમાં બદલી દે છે પરંતુ આજ સુધી કોઈ માદ્દહને

[104] રાહે તકામુલ, જીલ્દ ૫, પેજ નં ૮૯

એનર્જીમાં બદલી નથી શકયા. અત્યાર સુધી આ માલુમ નથી થઈ શકયુ કે દુનિયામાં કુદરત કેટલી માદ્દહમાં તબદલ થાય છે.[105]

૪. અમે ૨૬ સદીઓ પછી "ઈલ્મે તબઈયાત અને માબાદ તબઈયાત" ની બધી તરક્કીના બાવજુદ ફિઝ઼ીકલ અને જિસ્માની લેહાઝથી શુરૂએ દુનિયાના વિશે ૬00 વર્ષ પહેલા મસીહમાં યુનાનના ફલ્સફીના નજરીયાની હદથી બાહર નથી નીકળી શકયા. હાઈડ્રોજન એટમના અનાસિરમા. સૌથી હલ્કો ઉન્સુર છે જેમાં એક ઈલેટ્રોન અને બીજા પ્રોટોન છે. ઈલેકટ્રોન, પ્રોટોનની તરફ ચક્કર લગાવે છે પરંતુ અત્યાર સુધી ફિઝ઼ીક્સના કોઈ પણ નજરીયામાં એના ઈલ્મી કાનુનને તલાશ નથી કર્યું. આ પણ નથી માલુમ કર્યું કે પ્રોટોન વજુદમાં આયુ હતુ કે ઈલેકટ્રોન યા આ બંને એક સાથે વજુદમાં આવ્યા હતા કે જેમાંથી એક વીજળીની મુસ્બત (પોઝ઼ીટીવ) અને બીજી મન્ફી (નેગેટીવ) કુદરત રાખતો હતો?

એકવીસમી સદીથી આજ સુધી આ વિશેમાં જે કંઈ કહયુ એ સિર્ફ એક થિયરી છે. અમે શરૂઆતી દુનિયાની પહેચાનના લેહાઝથી

---

[105] મગ઼ઝ઼ે મુતફક્કીરે જહાને તશય્યોઅ, પેજ નં ૩૪૪

"આના ગઝીમાન્સર" ના દોરના યુનાની લોકોથી વધારે નથી જાણતા.[106]

ભુતકાળ મતાલીબ પર તવજ્જો કરવા પછી હવે આપણે કેટલાક અહેમ નુકાત બયાન કરીએ છીએ:

૧. અલગ અલગ ઉલુમ એક બીજાથી બે રબ્ત નથી. ઈલ્મના કોઈ એક શોઅબામાં ગલતી ના સિર્ફ ઈલ્મી તરક્કી માં ઠહેરાવના સબબ બને છે બલ્કે ઉલુમના બીજા શોઅબાઓ પર પણ અસર અંદાઝ હોય છે કે જે એ ઈલ્મથી મરબુત છે.

૨. ગ઼ૈબતના ઝમાનામાં કેટલાક દાનિશવર અને આવી રીતે એ ઝમાનાથી પહેલા પણ કેટલાક દાનિશવર પોતાના શાગિર્દો અને અવામના દરમિયાન નુફુઝ કરી ચુકયા હતા એમના શાગિર્દો એમની અઝમત અને શખ્સીયતની વજહથી એમના નઝરીયાતને દિલ વ જાનથી કબુલ કરતા હતા. નસ્લ દર નસ્લ આવુ જ થતુ રહયું. શખ્સીયતના લેહાઝ કરતા શાગિર્દ પહેલા શખ્સના નઝરીયાતને કબુલ કરતા અને એનેજ આગળ વધાવતા. કયારેય ઉસ્તાદની શખ્સીયતના લેહાઝ એ કદ્ર બધારે હોય કે અગર કોઈને

---

[106] મગ઼ઝ઼ે મુતફક્કીરે જહાને તશય્યોઅ, પેજ નં ૧૧૨

ઉસ્તાદની ગલતીના ઈલ્મ પણ હોય તો એમાં ઇઝહારની જુરઅત ના હોત કે કયાંક બીજા એની મુખાલિફત વ બુરાભલા કહેવુ અને કયાંક બેજા મુસીબત ઊભી નો થઈ જાય કે જેનાથી એની આબરુરેઝી હોય. આમ એ પોતાના સહી અફકારના ઈઝહાર કરવાથી ડરતા અને ઈઝહાર ના કરતા. તુલે તારીખમાં આવા કેટલાક વાકેઆત મૌજુદ છે.

૩. કયારેક કેટલીક તહેરીફ શુદા મઝાહેબ, બેબુનિયાદ નજરીયાત અને ઉલુમની તરફદારી અને હિફાઝત કરતા અને લોકોમાં પોતાના નુકુઝના લીધે બીજાથી ખોટા અકીદઓની મુખાલેફત કરવાની જુરઅત છીનવી લે છે. જેમ કે કલીસાએ અરસ્તુના નજરીયાત ની હિમાયત કરવુ. એવા મવારીદમાં તહરીફ શુદા દીન અને દાનિશ ખયાલી નસ્લ દર નસ્લ ચાલતી રહે છે જે સમાજને તરક્કી વ હકીકતથી દુર કરવાના સબબ બને છે.

૪. દાનિશવરોની ગલતીઓ, ઈશ્તેબાહાત અને ઝાલિમોના ઈલ્મથી ગલત ફાયદો હાસિલ કરવુ અને ઈલ્મની મહેદુદીય્યત જેવા મવાનેઅ ના લીધે દુનિયાને આઈડીયલ કલ્ચર અને નગર નહી બનાવી શકતો.

૫. ઝ઼હુરના બાબરકત ઝમાનામાં કે જ્યારે આખી દુનિયામાં ઈલ્મ વ હિકમત અને દાનિશના ચર્ચા હશે. બધા લોકો સાચા ઈલ્મના ચશ્માથી સેરાબ હશે ત્યારે ના સિર્ફ ઈલ્મ ખયાલી ના ઈઝહારની કોઈ જગ્યા બાકી રહેશે બલ્કે દુનિયાના વાહેદ દીન અને હુકુમતથી દુનિયાના તમામ લોકો હકીકી, સાચા મકતબ અને શીયા તાલીમાતના પરચમ નીચે ઝિંદગી ગુઝારશે. પછી બાતિલ અને તહેરીફ શુદા મકતબના નામો નિશાન માટી જશે. એ સમયે બધા લોકો ગુજરેલાં લોકોની ગલતીઓથી આગાહ થઈ જશે. આ બાબરકત અને મુબારક દિવસની આમદપર સહી ઈલ્મ વ દાનિશના રોશન નુરની વજહથી ફરાર કરવાવાળા ચામાચીડીયા માટે કોઈ જગ્યા બાકી નહી બચે.